।। શ્રી આદિનાથાય નમઃ ।। ।। શ્રી સંભવનાથાય નમઃ ।। ।। શ્રી મુનિસુવ્રતસ્વામિને નમઃ ।।
।। સિરસા વંદે મહાવીરં ।। નમો લોએ સવ્વસાહુણં ।।

# સુશીલતા કોર્સ

[ Level - 3 ]

શ્રી કલિકાલસર્વજ્ઞ
હેમચન્દ્રાચાર્ય જૈન પાઠશાળા

**શ્રી હાલોલ જૈન સંઘ**

આ કોર્સ બુકનો કે તેના અંશનો ઉપયોગ કોઈ પણ જૈન સંઘ/સંસ્થા/પાઠશાળા કરી શકે છે. અને પોતાની રીતે પ્રકાશિત કરી શકે છે. જેમ આ બુકમાં શ્રી હાલોલ સંઘ અને પાઠશાળાનું નામ છે. તેમ પોતાના સંઘનું નામ અને પાઠશાળાનું નામ ખુશીથી મુકી શકે છે. તે માટે લેખિત કે મૌખિક એક પણ પરવાનગી લેવાની જરૂર નથી. તેમને પ્રકાશન કરવું ફાવે અથવા તો કોઈને આ કોર્સની છૂટક કોપીની જરૂર પડે તે માટે આ QR કોડ ઉપયોગી થશે.

# ❀ શાસન સંકલ્પ ❀

જિનશાસન મારું સર્વસ્વ છે.
જિનશાસનનો ચતુર્વિધ શ્રીસંઘ મારો પરિવાર છે.
જિનશાસનની વિશુદ્ધ આરાધના એ મારો ખરો બિઝનેસ છે.
જિનાશાસનની આત્મામાં પરિણતિ એ મારો ખરો પ્રોફિટ છે.
જિનશાસનનું દરેક અંગ એ મારું ખરું ઘર છે.
જિનશાસનની નિઃસ્વાર્થ સેવા એ મારો ખરો આનંદ છે.
જિનશાસનના નામે બધું જ જતું કરું એ
મારું જિનશાસનનું ખરું સભ્ય પદ છે.
જિનશાસનની ઉપેક્ષા એ મારો ખરો અકસ્માત છે.
જિનશાસનની હીલના એ મારી ખરી નરક છે.
જિનશાસનની ઉન્નતિ એ મારું ખરું સ્વર્ગ છે.
જિનશાસનમાં જિનશાસનથી જિનશાસન માટે
જિનશાસનનો બનીને જીવું એ જ મારું ખરું જીવન છે.
જિનશાસનમાંથી જરાક પણ બહાર નીકળું એ જ મારું ખરું મૃત્યું છે.
પરમ પાવન શ્રીભગવતી સૂત્રમાં કહ્યું છે તેમ -
**एस अट्ठे** - જિનશાસન એ જ અર્થ છે, બાકી બધું મિનિંગલેસ છે.
**एस परमट्ठे** - જિનશાસન એ જ પરમાર્થ છે, મને પરમ લાભદાયી છે.
**सेसे अणट्ठे** - બાકી બધું અનર્થ છે, મારા આત્મા માટે ખૂબ જ ભયાનક છે.
જિનશાસન પરના આક્રમણો સામે હું સિંહની જેમ ધસી જઈશ.
હું મરી જઈશ પણ જિનશાસનને ઉની આંચ નહીં આવવા દઉં,
હું મરી જઈશ પણ જિનશાસનની અપભ્રાજનામાં નિમિત્ત નહીં બનું.
જો હોવે મુજ શક્તિ ઈસી
સવિ જીવ કરું શાસનરસી
વિશ્વના પ્રત્યેક જીવના હૃદયમાં જિનશાસનની પ્રતિષ્ઠા એ મારો સંકલ્પ છે.
વિશ્વભરમાં લહેરાતી જિનશાસનની ધજા એ મારો સંકલ્પ છે.
આ મારો આજીવન સંકલ્પ છે
આ મારું જન્મોજનમનું સ્વપ્ન છે.

# અનુક્રમણિકા


ક્રમ વિષય ........................................................ પૃષ્ઠ

(A) **નારી-સુરક્ષા** ........................................................ ૪

(B) **નવ નખ્ખોદ** ........................................................ ૭-૩૬

(૧) ગોપનીય-અગોપન ........................................................ ૭

(૨) પરપુરુષ સ્પર્શ ........................................................ ૯

(૩) શીલઊર્જાનાશ ........................................................ ૧૧

(૪) દેવસાન્નિધ્યનાશ ........................................................ ૧૨

(૫) સંતાન સૂપડા સાફ ........................................................ ૧૩

(૬) આબરુ નાશ ........................................................ ૧૪

(૭) પતિવિનાશ ........................................................ ૧૮

(૮) સંપત્તિવિનાશ ........................................................ ૨૫

(૯) પ્રતિભવપ્રત્યપાય ........................................................ ૩૦

(C) **દુઃખી દુઃખી થઈ જતાં પહેલાં** ........................................................ ૩૭

(D) **શું લાયકાત છે તમારી દીકરીની ?** ........................................................ ૭૦

(E) *The Top Secret* ........................................................ ૭૩

(F) *World Today* ........................................................ ૭૮

# ❀ નારી-સુરક્ષા ❀

| Western Culture | Eastern Culture |
|---|---|
| ✳ નારીને *Use N Throw* કરી શકાય છે. | ✳ **यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः ।** જ્યાં નારીનું સમ્માન થાય છે ત્યાં દેવતાઓની કૃપા થાય છે. આવા આદર્શો છે. |
| ✳ નારીના લજ્જાના અંગો વધુ દેખાય ને નારી પ્રત્યે ખરાબ ભાવ જાગે એવા વસ્ત્રો. | ✳ નારીના લજ્જાના અંગો સારી રીતે ઢંકાય ને નારી-સમ્માન જળવાઈ રહે એવા વસ્ત્રો. |
| ✳ નારીને *Marketing Instrument* તરીકે જુએ. | ✳ નારીને જગજ્જનની તરીકે જુએ. |
| ✳ નારીની કોઈ રિસ્પોન્સિબિલિટી લીધા વિના એના શીલ સાથે રમત કરીને એના આખા ભવિષ્યનો જુગાર રમી શકાય. | ✳ લગ્નસંબંધ બાંધવા દ્વારા જ્યાં સુધી નારીના આખા ભવિષ્યની જવાબદારી ન લેવાય, ત્યાં સુધી એને ટચ પણ ન કરી શકાય ને એને મળી પણ ન શકાય. |
| ✳ બહુ બહુ તો લગ્નનો વાયદો આપીને દેહને ચૂંથી દેવાય. | ✳ લીટરલી લગ્ન થાય પછી જ નારીના દેહને સ્પર્શ કરવાનો અધિકાર મળે. |
| ✳ ચામડી ચુસ્ત હોય, યૌવન ખીલેલું હોય, ભૂખ સંતોષાય એવી હોય - ત્યાં સુધી નારીનું મૂલ્ય રહે, પછી ફેંકાઈ જાય. | ✳ ઉંમર વીતી જાય કે અકસ્માતથી વિકલાંગ થઈ જવાય, તો ય નારીને પૂર્ણ સમ્માન અને સહાનુભૂતિ આપવામાં આવે. સાચવવામાં આવે. |

| | |
|---|---|
| ✳ નારી ખીલતા પહેલા જ મુરઝાય... લગ્ન પૂર્વે જ ચૂંથાય.. પ્રેમભંગ... હૃદયભંગ... ડિપ્રેશન... ટેન્શન... માનસિક રોગો... પાગલપણું... આપઘાત વગેરેનો ભોગ બને. | ✳ નિર્મળ ચારિત્રથી ભરોસાપાત્ર બને. સારા ઘરમાં પરણે, ઘરની રાણી થઈને રહે. જીવનના છેલ્લા શ્વાસ સુધી ચારિત્રના મીઠાં ફળ ભોગવે. |
| ✳ નારીએ ડબલ ડ્યુટી કરી પડે. છતાં એ વિવશ હોય. | ✳ નારી પતિની કમાણીને પોતાની માનીને જીવે, કબાટની ચાવી એની પાસે હોય. |
| ✳ નારીને હાયર એજ્યુકેશન અને જોબમાં કડવા અનુભવોનો ભોગ બનવું પડે. જેની ખરાબ અસર એના આખા જીવન પર પડે. | ✳ નારી જીવનોપયોગી હાયર એજ્યુકેશન એના માતા-પિતા પાસેથી જ મેળવે, નોકરીની ગુલામી કરવાની જરૂર જ ન હોય, તેથી એ કોઈ ભૂખ્યા વરૂનો શિકાર ન થાય. |
| ✳ નારીને સમજણા થયા પછી ય એક, દોઢ કે બે દાયકા સુધી અપરિણીત રહેવું પડે. તેમાં સહજ રીતે બીજા સંબંધો થવાથી પરિણીત જીવનમાં બોમ્બ બ્લાસ્ટ્સ થયા કરે. | ✳ નારીને સમજણા થતાની સાથે વિવેકપૂર્વક પરણાવી દેવામાં આવે. જેથી બીજા સંબંધોની શક્યતા ન રહે. નિર્મળ શીલના કારણે પતિની લાગણી મળે ને દાંપત્યમાં પ્રસન્નતા પ્રસરે. |
| ✳ જોબ વગેરેના કારણે માતૃત્વમાં વિલંબ થાય. તેથી અનેક રોગો થાય. મોડા થનારા સંતાનો નબળા-નિસ્તેજ-રોગી થાય. | ✳ યોગ્ય સમયે માતૃત્વ પામે, સ્વાસ્થ્ય સારું રહે. કેન્સર વગેરે રોગો ન થાય. સંતાનો તંદુરસ્તી-તેજસ્વી-નીરોગી થાય. |

| | |
|---|---|
| ✳ નારી-પ્રકૃતિથી વિરુદ્ધ ઘણા કાર્યો કરવા પડે. પરિણામે તેની લજ્જા, કોમળતા, સ્ત્રીત્વ બધું જ કચડાઈ જાય ને હોર્મોન્સના પરિવર્તનથી શારીરિક-માનસિક રોગોના ભોગ બનાય. | ✳ નારી-પ્રકૃતિને માફક હોય એવા જ કાર્યો કરવાના હોય, પરિણામે તેની લજ્જા, કોમળતા, સ્ત્રીત્વ બધું જ સચવાઈ જાય અને નીરોગી-તંદુરસ્ત રહેવાય. |
| ✳ ચિત્ર-વિચિત્ર સ્ત્રી-રોગો વધતા ગયા છે. વિઝિટ, મેડિસીન અને ટ્રીટમેન્ટના ખર્ચા વધ્યા છે. છતાં ક્યોર થતું નથી. | ✳ હજારો વર્ષના ઈતિહાસમાં આવા રોગો ન હતા, ખર્ચા પણ ન હતા. |
| ✳ નારી અસ્ત-વ્યસ્ત અને ત્રસ્ત થઈ જાય. એ ક્યાંયની ન રહે. | ✳ નારી સ્વસ્થ, સલામત, સુખી જીવન જીવી શકે. એ આદરણીય બને. |
| ✳ કૌમાર્યમાં પિતાનો સાથ નહીં, યૌવનમાં પતિનો સાથ નહીં. ઘડપણમાં પુત્રનો સાથ નહીં. અસહાય-વિવશ-અર્થહીન દોટમય જીવન. ***There is no lasting happiness, there are only few moments of happiness.*** | ✳ કૌમાર્યમાં પિતાની છત્રછાયા, યૌવનમાં પતિની હૂંફ, ઘડપણમાં પુત્રની સેવા... પ્રસન્ન પારિવારિક જીવન. (વિદેશી ચિંતક : દશ-વીશ વર્ષની પ્રણયલીલામાં નારી ખંડેર બની જાય છે. દશ-વીશ વર્ષના નિર્મળ ગૃહિણીજીવનથી નારી રાજકીય ભવ્ય મકાન જેવી શોભે છે.) ***Ya, There is lasting Happiness.*** |

# નવ નખ્ખોદ

છગને મગનને કહ્યું, 'મારા દીકરાનો કોઈ વાળ પણ વાંકો કરી શકે તેમ નથી.'' મગન કહે, ''કેમ ? એ બહુ તાકાતવાન છે ?'' છગન કહે, ''ના, એ ટકલું છે.''

**યા વાળ હોય છે, યા ટાલ હોય છે, આ બે ક્વોલિટી બધે જોવા મળે છે, કોઈને બેઉં હોય છે પણ એક જ જગ્યાએ બે'ય નથી હોતા. પણ આજે મારે તમને એક જુદી જ ક્વોલિટીની વાત કરવી છે, જ્યાં વાળ એ જ ટાલનું કારણ બની જાય છે, હા... ટાલ.. ભયંકર ટાલ... જ્યાં એક સ્ત્રી પુરુષ પાસે કે પુરુષના હાથે જ વાળ કપાવે છે... ચારે બાજુ અરીસા છે... એ સ્ત્રી સૂતી છે, પુરુષ એના વાળ ધોવે છે... ઓળે છે... કાપે છે... સમારે છે... અથવા તો નજીકથી આ બધું જ અને એનું શરીર જુએ છે, જે પતિ તો નથી જ, પરપુરુષ છે, આટલી હકીકત પણ નખ્ખોદ માટે પૂરતી છે, આટલું ઓછું હોય, એમ એ પરપુરુષ પાછો એવા ઘરનો છે જ્યાં પગ સુદ્ધા ન મુકો, ને એ ઘરનું પાણી સુદ્ધા ન પીવો. બસ આટલી ઘટના... કદાચ ઘણા માટે નોર્મલ ને કોમન થઈ ગયેલી ઘટના. એમાં પૂરા નવ નખ્ખોદ સમાયેલા છે.**

**(૧) ગોપનીય-અગોપન** - છગન ને મગન બંને એમના દીકરાઓથી પરેશાન થઈ ગયા. છગન કહે, ''મારા દીકરાઓ વાત સમજ્યા વિના જુટ્ઠુ બોલી દે છે.'' મગન કહે, ''મારા છોકરા સમય જોયા વિના સાચું બોલી દે છે.'' અમદાવાદમાં એક ભાઈ મને કહેતા હતા, ''બહારગામથી સગા મારા ઘરે આવ્યા, હજી તો ઘરમાં પગ મુક્યો ને મારી દીકરી એમને પૂછે, ''તમે ક્યારે પાછા જવાના છો ?'' ક્યારેક નાનું બાળક એવું બોલી જાય કે જે સાંભળીને ઘરના વડીલો શરમાઈ જાય. ગોપનીયના અગોપનની આ દાસ્તાન છે. જેનાથી ખાનદાન આખાને શરમાવું પડે છે. શ્રાદ્ધગુણવિવરણમાં કહ્યું છે -

**अङ्गप्रकटनं क्रीडा, कौतुकं जल्पनं परैः ।**
**कार्मणं शीघ्रयानं च, कुलस्त्रीणां न युज्यते ।।**

**ખાનદાન નારીએ છ વસ્તુઓ ન કરવી જોઈએ -**

**(૧) અંગપ્રદર્શન (૨) રમત/સ્પોર્ટ્સ (૩) કુતુહલ**

**(૪) પરપુરુષ સાથે વાત (૫) કામણ-ટુમણ (૬) ઝડપથી ચાલવું.**

બહારનું જોવા-જાણવાની ઈગરનેસને કુતુહલ કહેવાય. ઝડપથી ચાલવાના ઉપલક્ષણથી વાહન હંકારવું પણ આવી જાય. ખાનદાન સ્ત્રીએ વાહન પણ ન હંકારવું જોઈએ.

ઉઘાડું માથું એ નખ્ખોદ છે. ઉઘાડું માથું એ અપમંગળ છે. દ્રૌપદીના ઉઘાડા માથામાંથી મહાભારત થયું. કૈકેયીના ઉઘાડા માથાથી રામાયણ થઈ. એવી લોકોક્તિ છે. ઉઘાડું માથું ને છૂટ્ટા વાળ એ એક પ્રકારની જાતીય ઉશ્કેરણી છે, એક પ્રકારનું દુરાચારનું આમંત્રણ છે. માટે જ શીલગુપ્તિકુલકમાં કહ્યું છે -

पुरिसस्स वालविवरण ।

**નારીએ કદી પણ પર પુરુષ સમક્ષ ઉઘાડું માથું**
**અને છૂટ્ટા વાળ ન રાખવા જોઈએ.**

શીલગુપ્તિકુલકમાં કહ્યું છે -

नह-दंत-अलय-सीमंत-केस-रोमाण तह य परिकम्मं ।
अच्चंतमुच्चधम्मिल्लबंधणं, वेणिकरणं च ।।

**નારીએ કદી પણ પરપુરુષની સામે નખ, દાંત, મેક-અપ,**
**સેંથો, વાળ કે રોમને સમારવા ન જોઈએ,**
**પરપુરુષ સામે ઊંચો અંબોડો ન બાંધવો જોઈએ.**
**અને ચોટલો પણ ન બાંધવો જોઈએ.**

**પરમ જ્ઞાની અને પરમ કારુણિક શાસ્ત્રકારોએ ત્રણે કાળની નારીઓનું જે હિત છે, તે જોઈને, એમનું નખ્ખોદ ન વળે એ માટે આ વચનો કહ્યા છે. જો દૂરથી પરપુરુષ જુએ એ રીતે પણ આ ન કરાય, તો પરપુરુષ પાસે કે એના જ હાથે તો આ બધું કેવી રીતે કરી શકાય ? છતાં કરો તો એ નખ્ખોદ બની જાય છે.**

**(૨) પરપુરુષ સ્પર્શ** - છગન ને મગન બજારમાંથી પસાર થતા હતા. એક લારીવાળો ધાણી શેકતો હતો. નીચે આગની જ્વાળાઓ હતી. ઉપર લ્હાય લ્હાય બળતો તવો હતો. શેકાઈ શેકાઈને ધાણી ઉછળતી હતી. છગને મગનને પૂછ્યું, ''આ ધાણી કેમ ઉછળતી હશે ?'' મગન કહે, ''તું તવા પર બેસી જો, એટલે જવાબ મળી જશે.''

એક ખાનદાન નારીને બે જ વસ્તુ સ્પર્શી શકે. (૧) પતિ (૨) અગ્નિ. આખી દુનિયામાં ત્રીજા કોઈની તાકાત નથી કે એને સ્પર્શી શકે. અલ્લાઉદ્દીનના સ્પર્શથી બચવા પદ્માવતી રાણીએ ૧૬,૦૦૦ સ્ત્રીઓ સાથે અગ્નિસ્નાન કરી દીધું હતું. સિદ્ધરાજ જયસિંહના સ્પર્શથી બચવા રાણકદેવીએ પોતાના પેટમાં કટાર ખોસીને આત્મહત્યા કરી લીધી હતી. ભીલ રાજાના સ્પર્શથી બચવા અચ્ચંકારીએ મોત જેવી યાતનાઓ સ્વીકારી લીધી હતી. રાજાના સ્પર્શથી બચવા નર્મદાસુંદરી પાલખીમાંથી ભુસકો મારી ગટરમાં પડી, શરીરે ગંદકી લગાડી, ગાંડપણનું નાટક કર્યું. કેટલી બધી પીડાઓ સહન કરી. આ આપણો ઈતિહાસ છે. તમે આ બધી મહાસતીઓની વારસદાર થઈને એક વાળ જેવી વસ્તુ માટે શીલની નિર્મળતા ગુમાવો છો ? શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથ કહે છે -

**लिङ्गिन्या वेश्यया दास्या, स्वैरिण्या कारुकस्त्रिया ।**
**युज्यते नैव सम्पर्कः, कदाचित् कुलयोषिताम् ।।**

***જોગણ, વેશ્યા, દાસી, પિતા/પતિના કન્ટ્રોલ બહારની સ્ત્રી,***
***કે કારીગરની પત્ની સાથે ખાનદાન નારીનો સંપર્ક ઉચિત નથી.***

જો આ બધી સ્ત્રીઓ સાથે ય સંપર્ક ન રખાય, તો એમના પતિ સાથે તો ક્યાંથી રખાય ? શ્રાદ્ધગુણવિવરણ ગ્રંથ કહે છે -

**वस्त्रार्थं रजकोपसर्पणमपि ।**

***ગમે તેવી સતી સ્ત્રી પણ કપડા લેવા માટે***
***જો ધોબી પાસે ય જાય-કપડા લેવા-દેવા પૂરતો ય જો વ્યવહાર કરે,***
***તો પ્રાયઃ એના શીલના મોતિયા મરી જાય.***

**સંભૂતિ મુનિ ઉચ્ચ સંયમી હતા, ઘોર તપસ્વી હતા. તેજોલેશ્યાના સ્વામી હતા, એમાં પાછું અનશન કર્યું હતું. અંતિમ આરાધના ચાલી રહી હતી. એ સ્થિતિમાં પણ એક સ્ત્રીના વાળની લટ સાવ જરાક અડી ગઈ, એમાં એ મુનિ વિહ્વળ બની ગયા, બેબાકળા બની ગયા, ભાન ભૂલી બેઠા, ને ભવાંતરમાં એવી સ્ત્રીનો સંગ મળે એવું નિયાણુ કરી બેઠા, ને તપ-સંયમ વેંચી બેઠા, તો શું તમારા વાળના સ્પર્શ કરનારા એમના કરતા પણ વધારે પવિત્ર છે કે પછી વીતરાગ છે ? કે એને તમારા માટે કોઈ જ વાસના નહીં જાગે ?**

અરે, વાળ એ એક જાતનું કામનું જ અંગ છે. પરપુરુષ વાળને સ્પર્શ સુદ્ધા કરે, એ એક જાતનો દુરાચાર જ છે, એ જ માણસ રસ્તે ચાલતા આપણા વાળને અડે તો આપણે હોબાળો મચાવશું, અને એ જ માણસ મનમાં વાસનાના તોફાનો સાથે ક્યાંય સુધી આપણા વાળ સાથે રમશે, તો આપણને કોઈ જ વાંધો નથી, આ કેવી ડબલ ઢોલકી ? તમે શું માનો છો ? એને એવો કોઈ ભાવ નથી ? જો તમે સાચા હો, તો હું એને ભગવાન માનવા તૈયાર છું. ઉપદેશતરંગિણી ગ્રંથ કહે છે -

**मार्जारे तीरस्थे न हि दुग्धस्थालिकाऽच्छुप्ता ।**

***દૂર ભરેલી થાળી છે***
***ને એની લગોલગ બિલાડો છે.***
***તમે ગમે તેટલા સોગંદ ખાઓ, મૂરખો હોય એ માને***
***કે બિલાડાએ દૂધ બિલકુલ નથી પીધું.***

**क्षुत्पीडितस्य पुरतः सरसा रसवत्यहो कथं तिष्ठेत् ।**
**न हि कुसुमिता लताऽपि हि, विमुच्यते षट्पदेनापि ।।**

***જે ભૂખ્યો હોય,***
***એની સમક્ષ રસદાર રસોઈ એમને એમ પડી રહે ખરી ?***
***ફૂલવાળી વેલડીને ય ભમરો એમ ને એમ છોડી દેતો નથી.***

અરે, તમારા મન પણ પવિત્ર રહેશે ખરા ? ને તમારા મન

એટલા પવિત્ર હોય તો આટલી કઢંગી સ્થિતિમાં તમે જાઓ ખરા ?

પરપુરુષ પવિત્ર-સુપવિત્ર મનથી પણ વાળ સમારે (જો કે એ શક્ય જ નથી.) એ પણ સ્ત્રી માટે સ્પાર્શ પ્રકારનું મૈથુન છે. ચોક્ખા શબ્દોમાં - વ્યભિચાર છે.

**(૩) શીલઊર્જાનાશ** - છગનના ઘરે વસતિ ગણતરીના અધિકારી આવ્યા. બધી માહિતી આપવા કહ્યું. છગન કહે, ''મારા પપ્પા જેલમાં છે. કયો ગુનો કર્યો એ ના પૂછતા, ઘણા ગુના કર્યા છે. મારી પત્ની કોઈ સાથે ભાગી ગઈ છે. કોની સાથે ભાગી ગઈ એ ના પૂછતા, એ કોઈની પણ સાથે ભાગી જાય એવી હતી. મારી દીકરી પાગલની હોસ્પિટલમાં છે, કયો રોગ છે ના પૂછતા. ઘણા બધા રોગ છે.'' અધિકારીને થયું કે અહીં ક્યાં ફસાઈ ગયો. આને કંઈક સારું લગાડીને જલ્દી છૂટું. છગને આગળ વાત કરી, ''મારો દીકરો બનારસ યુનિવર્સિટીમાં છે.'' અધિકારીને ખુશી થઈ, એણે કહ્યું, ''તો તો એ પ્રતિભાશાળી હોવો જોઈએ. એ કયા વિષયનું અધ્યયન કરે છે ?'' છગન બબડ્યો, ''તમે હજી અમારા પરિવારને સમજ્યા જ નથી, અમારા ઘરમાં પ્રતિભા પાકે ? એ કોઈ વિષયનું અધ્યયન નથી કરતો, એનું અધ્યયન ત્યાંના મનોચિકિત્સકો કરી રહ્યા છે.''

**તમે સમજી લો કે તમારું શીલ ગયું એટલે તમારો આખો પરિવાર વેરણ-છેરણ થઈ ગયો. શાસ્ત્રો કહે છે** -

**इयतैव स्त्रियो धन्यात्, शीलस्य परिपालनात् ।**
**शीलभङ्गे हि नारीणां, यमलोकः सनातनः ।।**

***સ્ત્રીના જીવનમાં ઘણી બધી કરુણતાઓ હોય છે,***
***પણ છતાં સ્ત્રી એક જ કારણથી ધન્ય છે, એ છે શીલ.***
***જો સ્ત્રી શીલનું ખંડન કરે, એના માટે શાશ્વત નરક છે.***

સંસાર ભયાનક છે, કાળ ખતરનાક છે, રોગ, અકસ્માત્, નુકશાની, ગૃહભંગ વગેરે અઢળક તલવારો માથા પર લટકી રહી છે. પણ જો તમે

શીલ વિશુદ્ધ રાખ્યું છે, તો તમને કોઈ જ ભય નથી. ઉપદેશતરંગિણી કહે છે -

**शीलप्रभावाज्ज्वलनं जलं भवेत् ।**

જેનાથી આગ પણ પાણી થઈ જાય એ પ્રભાવ છે શીલનો, જેનાથી રણ પણ ઉપવન થઈ જાય એ પ્રભાવ છે શીલનો, જેનાથી વિપત્તિ પણ સંપત્તિ બની જાય એ પ્રભાવ છે શીલનો, તમારી બધી મનોકામના શીલથી પૂરી થશે. તમારા બધા સંકટો શીલથી ટળી જશે. યાદ આવે મહાસતી સીતા -

**मनसि वचसि काये जागरे स्वप्नभावे,**
**यदि मम पतिभावो राघवादन्यपुंसि ।**

***મનમાં, વચનમાં કે કાયામાં, ઊંઘતા કે જાગતા***
***એક માત્ર રાઘવ સિવાય પરપુરુષ પ્રત્યે મને જો લેશ પણ***
***પતિભાવ જાગ્યો હોય, તો આ અગ્નિ મને ભસ્મીભૂત કરી દે.***

**આટલું કહીને સીતાજી ભડભડતા-જ્વાળાકુળ અગ્નિકુંડમાં કૂદી પડ્યા છે, ને એ અગ્નિકુંડ એ જ ક્ષણે જળકુંડ બની જાય છે. જેના મધ્યમાં સોનાના સિંહાસન પર સીતાજી બિરાજમાન છે. આ તાકાત છે શીલની. તમે ખાનદાન છો, ધર્મિષ્ઠ છો, સતી છો, પરપુરુષના ત્યાગી છો, તમારે કોઈ ભવાડા હરગીઝ કરવા નથી, પણ આટલા શોખ-નખરા કે કોમ્પ્રોમાઈઝથી અજબ ગજબની શીલની ઉર્જા અને અજબગજબના એના ફાયદા તમે ગુમાવી દેવાના છો. એ નક્કી છે. ને આ લપસણી ભૂમિમાં લપસીને છે'ક ભ્રષ્ટ થવાની પણ સંભાવના છે. બોલો, હવે તમારે શું કરવું છે ? જૈસે થે - રહેવું છે - તો નખ્ખોદ નક્કી છે.**

**(૪) દેવસાન્નિધ્યનાશ** - શીલની સજ્ઝાયમાં કહ્યું છે -

**શિયળે સંકટ સવિ ટળે રે, શિયળે વાંછિત સિદ્ધ.**
**શિયળે સુર સેવા કરે રે, સોળ સતી પ્રસિદ્ધ.**

સોળ સતીઓના દૃષ્ટાન્તોમાં શીલના મહિમાની અજબ ગજબની

ઘટનાઓ છે. દેવોના શરીર અદ્ભુત રૂપવાળા અને અશુચિશૂન્ય હોય છે, એમના આયુષ્યો અધધધ હોય છે. એમનું ઐશ્વર્ય અદ્ભુત હોય છે. એમની શક્તિઓ ચમત્કારિક હોય છે. અહીંના આખા દેશને ખરીદી લે એટલો એમનો વૈભવ હોય છે. આમ જોઈએ તો આપણે એમની તુલનામાં ભિખારી જેવા કે જાનવર જેવા છીએ, છતાં તેઓ આપણા આજીવન દાસ બનવા તૈયાર છે, આજીવન આપણું સાન્નિધ્ય કરવા- આપણને બધી જ સુખ-સાહેબી આપવા-ને આપણા બધા જ સંકટો હરવા તૈયાર છે- શરત એટલી જ, આપણું શીલ નિર્મળ હોવું જોઈએ.

**બહેનોને વાળ કપાવવા જવાની, હેરસ્ટાઈલ કરવાની જરૂર શા માટે છે ? પતિને દેખાડવા ? પતિવ્રતાપણાથી ઊંધા કામ કરવાથી પતિ ખુશ થવાના છે ? ચાલો, બીજાને દેખાડવા ? તો એ તો કુલટાના લક્ષણ છે, ખાનદાન નારીના નહીં. એવી કોઈ જગ્યાએ તમે પગ મુકો એની સાથે ઊર્જા નષ્ટ થઈ જાય છે, ત્યાં પગ મુકો એની સાથે પુણ્યમાં કડાકો બોલાઈ જાય છે. ત્યાં પગ મુકો એની સાથે આ જ સુધી કરેલી બધી તપસ્યા ભસ્મીભૂત થઈ જાય છે. ત્યાં પગ મુકો એની સાથે તમે વર્ષોથી પાળેલ શીલની શક્તિથી કોઈ દેવતા તમારી સેવા કરવા ઈચ્છતા ય હોય, તો ય તમને દૂરથી ટાટા કરીને નીકળી જાય છે. ત્યારે તમે નવ નિધાનોને ગુમાવીને નવ નખ્ખોદોને વરમાળા પહેરાવી ચૂક્યા હો છો.**

**(૫) સંતાન સૂપડા સાફ** - છગનને ચિંટુની સ્કુલના પ્રિન્સીપાલે બોલાવ્યા ને કહ્યું, ‘‘તમારો છોકરો નિયમિત રીતે ક્લાસમાં આજુ- બાજુના છોકરાઓની પેન્સિલ ચોરી લે છે.’’ છગને કહ્યું, ‘‘પણ એ એવું શા માટે કરે ? હું એને મારી ઓફિસમાંથી ઘણી બધી પેન્સિલ્સ લાવી આપું છું...’’

બાપ એવા બેટા ને વડ એવા ટેટા. છગનની ચોરી એના દીકરામાં ઉતરી આવી હતી. તમારા નખ્ખોદો તમારા સંતાનોમાં ઉતરી આવવાના છે. તમે ૧૦ ડગલા નીચે ઉતરો, ત્યારે તમે તમારી દીકરીને ૪૦ ડગલા

નીચે ઉતારી રહ્યા હો છો. તમારી દીકરી પરપુરુષ પાસે શરીર ધોવડાવે એવું તમે ન ઈચ્છતા હો તો તમે પરપુરુષ પાસે માથું ધોવડાવવાનું બંધ કરી દો, તમારી પુત્રવધૂ પરપુરુષ પાસે શરીર સમરાવે એવું તમે ન ઈચ્છતા હો તો તમે પરપુરુષ પાસે માથું સમરાવવાનું બંધ કરી દો, તમારો દીકરો ઐયાશ બને એવું જો તમે ન ઈચ્છતા હો, એ લબાડ, રખડેલ ને દુરાચારી બને એવું જો તમે ન ઈચ્છતા હો, એ ફરી ફરી ગૃહભંગ પામે એવું જો તમે ન ઈચ્છતા હો, તમારી પાછલી ઉંમરમાં તમારે ઘરમાં જ ભયાનક દુરાચારો ચાલતા ન જોવા હોય તો તમારા વાળની બધી જ પળોજણો છોડીને પ્રભુની આજ્ઞાનુસાર માથે ઓઢવાનું ચાલું કરી દો.

**અમદાવાદમાં મને એક યુવાન મળ્યો હતો. મને કહે, મારું ફ્રેન્ડગ્રુપ વેશ્યાથી ભ્રષ્ટ થઈ ચૂક્યું છે, મને પણ મન થાય છે, કોઈને ખબર ન પડે એમ હું જઈ પણ શકું છું, પણ મને મારી મમ્મી નજર સામે તરવરવા લાગે છે, ને હું અટકી જાઉં છું. હું કેવી પવિત્ર મમ્મીનો દીકરો છું ! મારાથી આવું કેવી રીતે કરાય ? મમ્મીને ખબર પડશે તો એને કેટલું દુઃખ થશે !**

તમારા જ જીવનમાં છૂટછાટો હશે, તો તમારી પરવા પણ કોઈ નથી કરવાનું, તમારી સેવા પણ કોઈ નથી કરવાનું અને તમારા સંતાનમાં પણ કોઈ લાજ-મર્યાદા નથી રહેવાની.

**(૬) આબરુ નાશ** - છગન ને મગન બંને એક વાર દેરાસર ગયા હતા. ત્યાં એક બોર્ડ લખ્યું હતું. ‘ઉદ્‌ભટ અભદ્ર વેશ પહેરીને આવવું નહીં, એ ભગવાનની આશાતના છે. ખાસ વિનંતિ - મર્યાદાસભર વસ્ત્રોમાં માથે ઓઢીને જ પધારશો. સહકાર આપવા ખાસ ખાસ વિનંતિ....’ છગને મગનને કહ્યું, ‘‘આટલું બધું લખવાની જરૂર પણ નથી ને એનો અર્થ પણ નથી.’’ મગન કહે, ‘‘તો શું લખે ?’’ છગન કહે, ‘‘બધાએ મર્યાદાવાળા કપડામાં માથે ઓઢીને આવવું, વેશ્યાઓને છૂટ.’’

એક Hair Cutting Saloon હતું. બારણું જરા ખુલ્લુ હતું. કોઈ બહેન સૂતા હતા. એક પુરુષ એમના વાળ ધોતો હતો. એક સંસ્કારી પરિવારના એક દાદા ને પૌત્ર ત્યાંથી જતા હતા, પૌત્ર દુકાનોમાં જોતો જોતો જતો હતો. એની નજર એ સલૂનમાં પડી, એણે આવું દશ્ય કદી જોયું જ ન હતું. એ ઊભો રહી ગયો, એણે દાદાને એ દશ્ય બતાવ્યું, ને કહ્યું, ''આ શું હોય દાદા ?'' દાદાએ તરત એનો હાથ ખેંચ્યો ને આગળ ચાલવા લાગ્યા. ને બોલ્યા, ''ત્યાં નહીં જોવાનું.... ''ને પછી બબડ્યા, ''આ બધી બદ્ચલન મહિલાઓ ધંધો કરતી હોય, એટલે આ બધા ઠઠારા એમણે કરાવવા પડે. ને ધંધો કરતી હોય, એટલે બીજા માણા'ના (પરપુરુષના) અડવાથી ટેવાઈ ગયા હોય.''

**મશીનથી તમારા વાળ ઓળાઈ ગયા, જોઈતી હેર સ્ટાઈલ થઈ ગઈ આમાં તમારું સ્ટેટસ વધ્યું કેટલું ? ને આવી તદ્દન વિચિત્ર પરિસ્થિતિમાં એક કુલટાને જ શોભે એવી સિચ્યુએશનમાં જઈને તમારું સ્ટેટસ ઘટ્યું કેટલું ? આટલું પ્લસ-માઈનસ તમે નહીં કરો ? તમે ચાર-આના કમાવવા માટે ૧૦૦૦ કરોડ ગુમાવો છો. થોડા તમે અરીસામાં જોઈને રાજી થાઓ, બે-ચાર જણ તમારા વખાણ કરે એ ચાર આનાની કમાણી છે. તમારી આબરું, તમારું નિર્મળ શીલ, તમારી પવિત્રતા તમે ગુમાવો છો આ ૧૦૦૦ કરોડની નુકશાની છે.**

તમારા માટે ATM નો અર્થ બરોડા બેંક/સ્ટેટ બેંક વગેરેની કેબિનો હશે. શિકારીઓ માટે ATM નો અર્થ તમારા ઘરની આબરુદાર વહુઓ છે. કુંવારી કન્યા કરતા આ તગડો શિકાર છે. કુંવારીમાં એમને શરીર મળે છે. પરિણીતમાં એમને શરીર અને સંપત્તિ બે'ય મળે છે. આખી જિંદગી બ્લેકમેઈલ કરતા રહો અને ખિસ્સા ભરતા હો - કોઈને શરબતમાં દારૂ ભેળવી ફસાવી વિડિયો બનાવાય છે. કોઈને વખાણો કરી ફસાવી વિડિયો બનાવાય છે. કોઈને નિર્દોષ મિત્રતાના નામે સંપર્કો - ચેટિંગો વગેરે કરી ફસાવી વિડિયો બનાવાય છે. ને એક વાર વિડિયો બન્યો

પછી આજીવન એને આધીન બની જવું પડે છે. સીતાજી લક્ષ્મણરેખાની બહાર નીકળ્યા ને રાવણ એમને ઉઠાવી ગયો. તમે મર્યાદાની રેખામાંથી જરાક બહાર નીકળો તમને ઉઠાવી જવા માટે હજારો રાવણો તૈયાર છે. મને કહેવા દો કે તમે માત્ર તમારી આબરુ નથી લૂંટાવતા, આખા શાસનની આબરુ લૂંટાવો છો. તમારું વંદિત્તુ - અમારી પગામ સિજ્ઝા, જેનું બીજું નામ છે શ્રમણસૂત્ર. એમાં એક પદ આવે છે - **सावियाणं आसायणाए ।** 'જો મેં કોઈ શ્રાવિકાની આશાતના કરી હોય, તો મારાં એ પાપનું હું પ્રતિક્રમણ કરું છું.' શ્રાવિકા એ માત્ર આરાધક નથી, એ આરાધ્ય પણ છે. આશાતના હંમેશા આરાધ્યની હોય, બાકી બીજા જીવો માટે → જે મે જીવા વિરાહિયા... અભિહયા... વત્તિયા... લેસિયા.. સંઘાઈયા... આ શબ્દો આપણે ત્યાં છે, પણ આસાઈયા શબ્દ નથી. શ્રાવિકા એ આરાધ્ય છે. શ્રાવિકા એ સમ્યગ્દર્શન છે. શ્રાવિકા એ દેશચારિત્ર છે. શ્રાવિકા એ સંઘના અંગરૂપે તીર્થંકરોને પણ વંદનીય છે. એવો ન્યાય આવે છે - અંગાંગિનોરભેદાત્ - અંગ અને અંગીનો અભેદ હોય છે. એ અપેક્ષાએ સંઘનું એક એક અંગ પણ સંઘતુલ્ય હોય છે.

**મને કહેવા દો કે એક કુલટાને શોભે એવા સસ્તા ઠઠારા કરતા તમે તમારા આ ઉત્કૃષ્ટ સ્ટેટસને જ ન ભોગવી શકો ?** તમે આરાધ્ય છો, એક અપેક્ષાએ જે સ્ટેટસ મરુદેવા માતાનું હતું, એ સ્ટેટસ તમારું છે, જે સ્ટેટસ અચિરા માતા, શિવાદેવી માતા, વામા માતા અને ત્રિશલા માતાનું હતું એ સ્ટેટસ તમારું છે. તમે મરુદેવા માતા છો, તમે ત્રિશલા માતા છો. અસંખ્ય સમ્યગ્દૃષ્ટિ દેવ-દેવીઓને તમે વંદનીય અને પૂજનીય છો, ૬૪ ઈન્દ્રોની ઈન્દ્રાણીઓ સુદ્ધા તમારા પંચમ ગુણસ્થાનકની પ્રાપ્તિના સૌભાગ્યની ઈર્ષ્યા કરે છે. ચાર આના ખાતર તમારે આ અબજો રૂપિયાથી ય વધુ મૂલ્યવાન સૌભાગ્ય ગુમાવી દેવું છે ?

**અરે, મરુદેવા માતા તો તીર્થંકરના માતા હતા, तित्थयराणंतरो संघो - તીર્થંકર કરતા પણ વધુ મહાન સંઘ હોય છે. તમે સંઘના માતા**

**છો.* એ અપેક્ષાએ તમારું સ્ટેટસ મરુદેવા માતા કરતા વધુ ઊંચું છે, ને તમે આવી શરમજનક સ્થિતિમાં હો... આ સંઘની માતા... આ શાસનની આબરુ... આ રીતે પરપુરુષો વચ્ચે વાળ કપાવવા સૂતી હોય, આ દૃશ્ય પણ શાસનસંવેદના-સભર વ્યક્તિ માટે આપઘાત કરીને મરી જવા માટે પૂરતું છે.**

હું તમને (તેમના પતિ + પુત્રોને) કહું છું, કે તમને આવી વિચિત્ર પરિસ્થિતિ સ્વીકાર્ય છે ? તમે મામા છો ? તમારા ઘરની આબરુના છડે ચોક ધજાગરા કરવા માટે તમારી પાસે ૩ હજાર, ૪ હજાર, ૫ હજાર રૂપિયા છે ? તમારી મા માટે તમને કોઈ લાગણી નથી ?, દીકરો એને કહેવાય કે મા-ને કોઈ હાથ લગાડે ને તો એનો હાથ કાપી નાંખે, મમ્મીએ પાયેલા ધાવણનું આ બોટમ વળતર હોય છે, મમ્મીને ગમે છે એ ભલે કરે, આ સુપુત્રતા નથી હોતી, મમ્મીનું હિત શેમાં છે ? મમ્મીની આબરું શેમાં છે ? આ દૃષ્ટિ હોય, આ સુપુત્રતા હોય છે. પત્નીની આ પરિસ્થિતિ જેને માન્ય હોય એને પતિ જ ન કહેવાય, એને મામો કહેવાય. ગુજરાતી ભાષાનો આ એક પારિભાષિક શબ્દ છે, પત્નીની આબરુની ઉપેક્ષા કરે, એ પ્રત્યે આંખ આડા કાન કરે.. 'ચલાવે રાખે' એને મામો કહેવાય.

**મને કહેવા દો કે અહીં એક પણ પુત્ર નથી, જો એક પણ પુત્ર હોત તો મા આવી કઢંગી દશામાં ન હોત. હું કહું છું, હું ય તમારો દીકરો છું. તમે સંઘની માતા છો, માટે હું તમારો દીકરો છું. તમારી વણેલી રોટલી વાપરું છું, માટે હું તમારો દીકરો છું. સુંદરીથી માંડીને સુલસા સુધીની શ્રાવિકાઓના આપ વારસદાર છો, જેમનું હું રોજ સવારે ભરહેસરની સજ્ઝાયમાં આદરપૂર્વક નામસ્મરણ કરું છું. માટે હું તમારો દીકરો છું. તમે સુલસા છો, તમે રેવતી છો, તમે મહાવીરસ્વામી ભગવાનની સગી દીકરી છો. આજે તમારા દીકરા રૂપે હું તમારી સમક્ષ હાથ જોડીને પાલવ**

* શ્રાવિકા સમૂહની અપેક્ષાએ એક દૃષ્ટિકોણવિશેષથી આ વાત છે.

**પસારીને યાચના કરી રહ્યો છું કે આબરુના આ ધજાગરા આજે ને આજે બંધ કરી દો.**

**(૭) પતિવિનાશ** - છગનની પત્ની રડતી રડતી છગનને કહેતી હતી, ''લગ્ન વખતે તમને મારા પર બહુ પ્રેમ હતો, હવે તમને મારા પર પ્રેમ જ રહ્યો નથી.'' છગન કહે, ''પણ એવું શેના પરથી કહે છે ?'' પત્ની કહે, ''પહેલા તમે આગ્રહ કરીને મને વધારે જમાડતા હતા ને પોતે ઓછું જમતા હતા, હવે તો તમે જ સરખું જમી લો છો.'' છગન કહે, ''હા, પણ એનું કારણ એ નથી કે તારા પર પ્રેમ ઓછો થઈ ગયો છે.'' પત્ની કહે, ''તો ?'' છગન કહે, ''એનું કારણ તો એટલું જ છે કે હવે તને રસોઈ બનાવતા આવડી ગયું છે.''

પતિનો પ્રેમ બધાને જોઈએ છે. પણ પતિનો પ્રેમ જે રસ્તે મળે એના કરતા ઊંધા રસ્તે દોડવાથી નફરત સિવાય બીજું કશું મળતું નથી. શીલવતી નારીના પતિની બે રીતે રક્ષા થાય છે (૧) એનો પતિ એને ખૂબ જ ચાહે છે, માટે એના પતિનો પ્રેમ હંમેશા જીવતો રહે છે. (૨) એ અખંડ સૌભાગ્યવતી બને છે, એના પતિ અકાળમૃત્યુ પામતા નથી. શીલકુલકના શબ્દો છે -

**सीलं दोहग्गहरं ।**

***શીલ એ દૌર્ભાગ્યને હરી લે છે.***

પૂર્વભવમાં કરેલા એવા પાપો કે જેનાથી રાતોરાત રોડ પર આવી જવું પડે, એ પાપો નિર્મળ શીલ પાળવાથી ખપી જાય છે. પૂર્વભવમાં કરેલા એવા પાપો કે જેનાથી કોઢનું નાનું ટપકું પ્રગટે ને ધીમે ધીમે આખા શરીરમાં વ્યાપી જાય, એ પાપો નિર્મળ શીલ પાળવાથી ખપી જાય છે, પૂર્વભવમાં કરેલા એવા પાપો જેનાથી એકાએક આપણે પતિના મનમાંથી સાવ જ ઉતરી જઈએ અને જીવન નરક થઈ જાય, એ પાપો નિર્મળ શીલ પાળવાથી ખપી જાય છે. પૂર્વભવમાં કરેલા એવા પાપો જેનાથી અકસ્માત્‌માં વિકલાંગ થઈ જવું પડે કે ઉપડી જવું પડે, એ

પાપો નિર્મળ શીલ પાળવાથી ખપી જાય છે. પૂર્વ ભવમાં કરેલા એવા પાપો જેનાથી પતિ નાની વયમાં ઉપડી જાય, એ પાપો નિર્મળ શીલ પાળવાથી ખપી જાય છે.

सीलं दोहग्गहरं ।

**મને કહેવા દો કે આ Hair cutting નથી, આ Heaven cutting છે, તમે તમારા વાળ નહીં તમારા સ્વર્ગને કપાવી રહ્યા છો. આ હેર કટિંગ નથી, આ શીલ કટિંગ છે. આ હેર કટિંગ નથી, આ સુખ કટિંગ છે. આ હેર કટિંગ નથી, આ ઘર કટિંગ છે. આ હેર કટિંગ નથી આ શાંતિ કટિંગ છે. આ હેર કટિંગ નથી. આ પતિ-કટિંગ છે. એક યા બીજી રીતે પતિને ગુમાવવાનો આ રસ્તો છે. પતિને ગુમાવવા ન હોય, તો નિર્મળ શીલપાલન સિવાય બીજો કોઈ વિકલ્પ નથી.**

सीलं दोहग्गहरं ।

વિવેકના મેરેજ થયા, એની પત્ની પહેલા પણ છૂટથી પુરુષો પાસે વાળ કપાવતી હતી. ને પછી પણ એ ક્રમ ચાલુ રહ્યો હતો. વિવેકે પત્નીને વિકલ્પ સૂચવ્યો, પણ વાઈફે કહ્યું કે મને ત્યાં સેટ થઈ ગયું છે. એક વાર વિવેક એની પાછળ પાછળ જઈને સલૂનમાં એક ખૂણે બેસી ગયો. જે રીતે એ યુવાન એની પત્નીના વાળને અડતો હતો, એ વખતે એના મોઢાના જે એક્સપ્રેશન્સ હતા, એ વખતે એની પત્નીના મોઢા પર જે રાજીપો દેખાતો હતો, એ જોઈને વિવેક સળગી ગયો. એ દિવસે એણે ઘરમાં ભયંકર ઝગડો કર્યો, પત્નીના બચાવો એના ગળે ન ઉતર્યા, ઉતરે એમ પણ ન હતા, આ ઘટના પછી વિવેકે પત્ની સામે જોવા સુદ્ધાનું છોડી દીધું. છેવટે આ ઘટના છૂટાછેડામાં પરિણમી. એની પત્ની માંડ બીજે પરણી, થોડા સમયમાં ત્યાં ય તૂટી ગયું. પિયરે રહી શકે એવી પણ એની પરિસ્થિતિ ન હતી. **છેવટે એક સાવ જ ખરાબ ધંધાની ઈન્ડસ્ટ્રીમાં એ ગોઠવાઈ ગઈ. છૂટછાટો ને સદ્‌ગૃહિણીત્વ બે'ય તો ક્યાંથી સંભવે ? કુદરત કહે છે - તમારે છૂટો જ લેવી હતી ને તો**

**ભલે પૂરેપૂરી લો. શીલમાં છૂટછાટો લેનારને આ ભવમાં અને પરભવમાં હલકામાં હલકી કક્ષાની સ્ત્રીનો અવતાર મળે છે. આજે ય એ યુવતી દિવસ-રાત વાસનાભૂખ્યા વરૂઓનો શિકાર બની રહી છે, દિવસ-રાત આંસું સારી રહી છે. એનું ઘર, એને પરિવાર, એનો પતિ, એનું સુખ, એની શાંતિ, એનું આરોગ્ય બધું જ ખલાસ થઈ રહ્યું છે. શરીર ચિત્ર વિચિત્ર રોગોનો શિકાર બની રહ્યું છે. થોડી છૂટે એના બધા જ સુખોની છૂટ્ટી કરી દીધી છે.**

કુદરતનું તંત્ર બહુ શાર્પ છે, તમે જે છો, ત્યાં તમે પહોંચી જાઓ, તમે ગુસ્સો કરો છો, તો તમે સાપ બની જાઓ, તમે માયા કરો છો, તો તમે શિયાળ બની જાઓ, તમે લોભ કરો છો, તો તમે ઉંદર બની જાઓ, તમે છૂટછાટો સેવો છો, તો તમે વેશ્યા બની જાઓ. તમને જે દોષ ફાવે છે, એ દોષવાળો ભવ ને એ દોષવાળી અવસ્થા કુદરત તમારા માથે ઠોકી દેશે. પતિવિનાશ. બોલો પોસાશે આ નખ્ખોદ ?

**Keep your place (ખાનદાન કુળ)**

**Otherwise your place (બદચલન કુળ)**

**Will keep you.**

**દરેક વ્યક્તિને સૌન્દર્ય જોઈએ છે, એમાં કશું ખોટું પણ નથી. સૌન્દર્ય જ ઈચ્છવું જોઈએ. પણ સૌન્દર્યની વ્યાખ્યા વ્યક્તિ અને ભૂમિકાના આધારે ફરતી હોય છે. જો આપણે સૌન્દર્યની જડ વ્યાખ્યા પકડીએ છીએ, તો આપણે મૂરખા બનીને સૌન્દર્યના નામે કદરૂપાપણું વહોરી લેતા હોઈએ છીએ. વ્યક્તિ અને ભૂમિકાના અનુસારે સૌન્દર્યની વ્યાખ્યા જેમ કે -**

સાધુમાં આચાર એ સૌન્દર્ય હોય છે. બહુ ગોરા ને રૂપાળા હોય, એ સારા લાગે એવું નથી હોતું, એ જો શિથિલાચારી હશે, તો જરા ય સારા નહીં લાગે, રૂપ કદાચ બિલકુલ ન હોય, પણ આચારચુસ્ત હશે, તો એ તમને ગમશે, એવા સાધુ તમારા હૃદયમાં વસશે. માટે સાધુમાં આચાર એ સૌન્દર્ય હોય છે.

વિદ્વાન (પંડિતજી) કે વૈદ કે ગુરુ એમનામાં ઉંમર/વૃદ્ધત્વ એ સૌન્દર્ય હોય છે. જેમ જેમ એમની ઉંમર વધે, તેમ તેમ એમનો પ્રભાવ અને શ્રદ્ધેયતા વધુ અનુભવાય છે, માટે એમનામાં ઉંમર/વૃદ્ધત્વ એ સૌન્દર્ય હોય છે.

મંત્રીમાં બુદ્ધિ એ સૌન્દર્ય હોય છે. રાજામાં શૌર્ય એ સૌન્દર્ય હોય છે.

**स एष मे पतिर्भूयात् कबन्धो यस्य ताण्डवी ।**

***માથું કપાઈ ગયા પછી ય***

***જેનું ધડ તલવાર વીંઝી તાંડવ કરી રહ્યું છે એમારો પતિ થજો.***

***આવું યુદ્ધ જોનારી અપ્સરાઓ બોલે છે.***

**સીતા કે દ્રોપદીના સ્વયંવરમાં ચામડી/આંખ/નાક આવા હોવા જોઈએ એવી કોઈ શરત ન હતી, પણ ધનુષની પણછ ચડાવી દે કે રાધાવેધ કરી દે એવી શૂરવીરતાની શરત હતી, વેપારીમાં કૌશલ્ય એ સૌન્દર્ય હોય છે. નોકરમાં પ્રામાણિકતા અને વફાદારી એ સૌન્દર્ય હોય છે, એનામાં ચામડી ને નાક-નકશા નથી જોવાતા, વક્તામાં જ્ઞાન એ સૌન્દર્ય હોય છે. મા-માં માતૃત્વ ઐ સૌન્દર્ય હોય છે. પિતામાં વાત્સલ્ય એ સૌન્દર્ય હોય છે, દીકરામાં વિનય એ સૌન્દર્ય હોય છે, સાસુમાં સ્નેહ અને સહિષ્ણુતા એ સૌન્દર્ય હોય છે, વેશ્યામાં ચામડી-ચહેરો-વાળ વગેરે સૌન્દર્ય હોય છે અને ખાનદાન નારીમાં નિર્મળ શીલ, લજ્જા અને મર્યાદા એ જ સૌન્દર્ય હોય છે. ખાનદાન નારી પોતાના આ જ સૌન્દર્યથી પતિને અત્યંત પ્રિય બને છે. અને જો એ આ સૌન્દર્ય ગુમાવી દે તો પછી એની ચામડી-ચહેરો-હેરસ્ટાઈલ વગેરે વિશ્વશ્રેષ્ઠ પણ કેમ ન હોય, એના જેવી કદરૂપી બીજી કોઈ નથી હોતી. પતિનો પ્રેમ પામવા માટે એ તરસતી જ રહે છે ને ઘર બદલતી જ રહે છે. નીતિશાસ્ત્રો કહે છે -**

**सलज्जा गणिका नष्टाः**

**निर्लज्जाश्च कुलाङ्गनाः ।**

## *વેશ્યાઓ શરમાળ હોય તો એ ખતમ થઈ જાય અને કુલાંગનાઓ બેશરમ હોય તો એ ખતમ થઈ જાય.*

વેશ્યા અને ખાનદાન નારી બંનેના રસ્તા જુદા છે. બંનેની સૌન્દર્યની વ્યાખ્યા જ જુદી છે. આજે ખાનદાન નારી વેશ્યાના રવાડે ચડીને એના જેવા કપડા, એના જેવા વાળ, એના જેવા પ્રદર્શનો, એના જેવી શરીરની જાહેરાતો... વગેરેની પાછળ પડીને શરૂમાં હરખાઈ રહી છે, પછી પોક મુકીને રોઈ રહી છે, ને પછી પોતાનું બધું જ ખોઈ રહી છે. વેશ્યાને એક પતિ નથી, નિયત પતિ નથી, ઘર-પરિવાર નથી, એને આ બધું પોસાય, એ લૂંટાઈ જવાની નથી, કારણ કે એ ઓલરેડી લૂંટાયેલ છે. એક કપડા વગરના માણસનું કોણ શું લૂંટી શકે ? આપણને આ બધું હરગીઝ ન પોસાય કારણ કે આપણે ત્યાં એક નિયત પતિ છે, ઘર-પરિવાર છે, આબરું છે, વેશ્યા જે રસ્તે ૧૦૦૦ પગલા ચાલી ગઈ હોય, એ રસ્તે આપણે એક પગલું પણ ન ચલાય, અરે એ રસ્તાની નજીક પણ ન જવાય, અરે, એ રસ્તાને જોવાય પણ નહીં. તમે ખાનદાન નારી છો, વેશ્યાનું સૌન્દર્ય એ તમારું સૌન્દર્ય હોઈ જ ન શકે.

છગન ઘરમાં બેઠો'તો ને ડોરબેલ વાગી. દરવાજો ખોલ્યો તો પત્ની. આવતાવેંત કહે, ''હું કેવી લાગું છું ?'' છગન મનમાં બોલ્યો, ''સમજદાર પતિએ કદી પણ આ પ્રશ્નનો સાચો જવાબ ન આપવો જોઈએ.'' છગને સામો પ્રશ્ન કર્યો, ''કેમ એવું પૂછે છે ?'' પત્ની કહે, ''હું બ્યુટીપાર્લરમાં ગઈ હતી.'' છગન કહે, ''બ્યુટીપાર્લર બંધ હતું ?''

ખાનદાનીને રફે દફે કરીને તમે બ્યુટી પાર્લર કે સલૂનમાં કલાક-બે કલાક જઈ પણ આવો ત્યારે ય તમારું બ્યુટીપાર્લર બંધ જ હોય છે, ને તમારી બ્યુટીને તમે સળગાવીને રાખ કરી દીધી હોય છે.

પૂજાબહેન ચૌહાણ નામની યુવતીએ મુકેશભાઈ અંબાણીને પત્ર મોકલ્યો, અને તેનો મુકેશભાઈએ જવાબ પણ આપ્યો. ધર્મપ્રેમી સંદેશ નામના આપણા એક જૈન માસિકમાં એ પત્રો છપાયા હતા. પૂજાબહેનને

પરણવું હતું અને એના માટે જેમની વાર્ષિક આવક સો કરોડથી વધારે હોય એવા ૧૦૦ જણના નામ-સંપર્ક જોઈતા હતા. જેમાંથી પોતાના માટે એક વર પસંદ કરી શકે. એમને ખૂબ શ્રીમંત પતિ જોઈતો હતો. કારણ કે એ ખૂબ સુંદર છે. એવું એમનું કહેવું હતું. સાથે એમના અમુક પ્રશ્નો પણ હતા જેમ કે ખૂબ શ્રીમંત હોય એમની પત્ની સામાન્ય રૂપવાળી કેમ હોય છે ?

**મુકેશભાઈએ એમને સચોટ જવાબ લખ્યો કે તમે રૂપાળા છો, માટે તમને ખૂબ શ્રીમંત પતિ જોઈએ છે. એનો અર્થ અમારી ભાષામાં ધંધાકીય લેતી-દેતી થાય છે. તમે એને રૂપ આપશો, એ તમને અઢળક રૂપિયા આપશે. મારી પણ વાર્ષિક આવક સો કરોડથી વધારે છે. અમારી ધંધાકીય પરિભાષામાં એ જોવાય છે કે લેવડ-દેવડ બાદ તે તે વસ્તુના ભાવ વધે અથવા ટકી રહે. તમારું રૂપ વરસોવરસ ઓસરતું જ જવાનું છે, જ્યારે મારી ઈન્કમ તો પ્રાયઃ વધતી જવાની છે. તો પછી આવી ડીલ કોણ કરશે ?**

હું કદાચ તમને સો કરોડથી વધુ વાર્ષિક આવકવાળા યુવાનોના સંપર્કો આપી પણ દઉં, ને તમે એમનો સંપર્ક સાધશો, તો એ તમારી સાથે હરશે-ફરશે, પણ લગ્ન તો તમારી સાથે કરશે નહીં...'' વગેરે.

**મુકેશભાઈનો સીધો ઈશારો એ હતો કે મેરેજલાઈફમાં રૂપની કોઈ જ વેલ્યુ નથી. બલ્કે શીલની વેલ્યુ છે. શીલ અકબંધ રહી શકે છે અને એની વેલ્યુના વરસોવરસ ગુણાકારો થઈ શકે છે. પતિ હૃદયથી પત્નીને ચાહે, એને બધી રીતે સાચવે ને એને સુખી કરવા જાન પટકી દે એના માટે દુનિયાના એક પણ બ્યુટી પાર્લર, સલુન કે વેશ્યાવેડાની નહીં પણ નિર્મળ શીલની જ જરૂર હોય છે.**

ફોરેનમાં પુરુષો પરણવાનું ટાળે છે. બે ભેગા રહે પણ પતિ-પત્ની ન હોય. ઘર પુરુષનું હોય, સ્ત્રી ત્યાં રહેતી હોય, ત્યાં વળી બીજા પુરુષો ય આવતા હોય, રેખા ઓળંગાતી હોય, પુરુષ આંખઆડા કાન

કરતો હોય, બે'ય મજૂરી કરીને પોતે કમાઈને જીવતા હોય, ૬૫-૭૦ વર્ષે ય માજી આઠ કિ.મી. સાઈકલ ચલાવીને મજૂરણ બનવા જતા હોય ને ગમે ત્યારે પુરુષ ઘરમાંથી કાઢી દે એવી પરિસ્થિતિ હોય, યુરોપ-અમેરિકાના લાખો ઘરોમાં આ માહોલ સર્જાયો છે, જેના મૂળમાં છે શીલ, લજ્જા અને મર્યાદાની ખામી. વ્યવહાર આગમ ભાષ્યનું વચન આજે પણ એટલું જ સચોટ છે -

**ण भूसणं भूसयए सरीरं विभूसणं सील हिरी य इत्थीए ।**

***સ્ત્રીનો શણગાર મેક-અપ, હેરસ્ટાઈલ, કપડાના ઠઠારા***
***કે આભૂષણો નથી,***
***સ્ત્રીનો શણગાર છે શીલ અને લજ્જા***
***ખરેખર તો સ્ત્રી એનાથી જ શોભે છે.***

**શીલ એ તમારું બ્યુટીપાર્લર છે, શીલ એ તમારું સલૂન છે, શીલ એ તમારી હેરસ્ટાઈલ છે, શીલ એ તમારી લિપ્સ્ટીક છે. શીલ એ તમારી આઈ-બ્રો છે, શીલ એ તમારો મેકઅપ છે. શીલ એ તમારો લેટેસ્ટ ડિઝાઈનનો ડ્રેસ છે. શીલ એ તમારું સ્ટેટસ છે, શીલ એ તમારું સર્વસ્વ છે.**

રાજસ્થાનમાં જેનું શંખેશ્વર અને શત્રુંજય જેવું સ્થાન છે એ નાકોડાજી તીર્થનો ઈતિહાસ તમને ખબર છે ? સેંકડો વર્ષો પૂર્વે મેવાનગર નામનું એ સ્થાન જાહોજલાલી ધરાવતું હતું. આજે તીર્થને બાદ કરતા ત્યાં બીજું ખાસ કાંઈ નથી. ઘટના એવી બની કે જૈનોની એક દીકરી હતી. રસ્તા પરથી પસાર થતા રાજકુમારે એના વાળનો જરાક સ્પર્શ કર્યો. જૈન સમાજ ખળભળી ગયો. રાજાને ફરિયાદ કરી. રાજાને આમાં ખાસ કશું અજુગતું લાગ્યું નહીં, રાજાએ વાત ધ્યાનમાં ન લીધી.

જૈન સમાજે વિચાર્યું કે આજે રાજકુમારે આટલું અડપલું કર્યું છે, કાલે એ ઓર આગળ વધશે. ભવિષ્યમાં પાછો એ રાજા બનશે. તો પછી આપણી વહુ-દીકરીઓના શીલનું શું ? અહીં આપણાથી હરગીઝ ન રહેવાય. જૈનોએ બીજા રાજ્યના રાજાને કહેવડાવ્યું. એ રાજાએ તેમનું

હાર્દિક સ્વાગત કર્યું. ૪૦૦ પરિવારો માટે ૪૦૦ ઘર બનાવડાવ્યા. હવે જૈનોએ મેવાનગરના રાજાને કહ્યું કે અમારે જાત્રા કરવા જવું છે. તેથી સુરક્ષા જોઈએ છે. રાજાએ થોડું સૈન્ય આપ્યું. ગાડાઓ ભરી ભરીને જૈનોએ વિદાય લીધી, પેલા રાજ્યમાં પહોંચી રાજાના સૈનિકોને કહ્યું કે ''હવે તમે જાઓ, અમે અહીં જ રહીશું.''

**સમાચાર મળતા જ રાજા ખળભળી ગયો, જૈનો જાય એટલે નગરની જાહોજલાલી, રોનક, ધંધા બધું જાય. સંદેશો મોકલ્યો કે, તમે બધા પાછા આવો, હવે ફરી એવું નહીં થાય. જૈનોએ કહ્યું, ''બસ, હવે સમય ગયો.'' ને જેના વિચારો જ એવા હોય, એનો કેટલો ભરોસો થાય ? જૈનો પાછા ન ગયા. પછી મેવાનગરમાંથી બીજી કોમો પણ નીકળી ગઈ. નગર ઉજ્જડ બની ગયું. મૂળમાં એક જૈન દીકરીના વાળનો જરાક સ્પર્શ.**

**તમે જૈન છો. એલ-ફેલ નથી. વેશ્યા નથી. એક પતિ સિવાય દુનિયામાં કોઈની તાકાત નથી કે તમારા વાળને અડી શકે. તમે જેને અડવા દો એ સૂક્ષ્મદૃષ્ટિએ પતિ બને છે, ને ત્યારે પતિવિનાશનું નખ્ખોદ વળી જાય છે.**

**(૮) સંપત્તિવિનાશ** - છગન ને એની પત્ની બજારમાંથી પસાર થતા હતાં. સામેથી મગન આવ્યો. મગન જોતાની સાથે ચમક્યો. છગન એની પત્નીનો હાથ પકડીને ચાલતો હતો. મગને કહ્યું, ''લગ્નના આટલા વર્ષો પછી પણ આટલો પ્રેમ ? પત્નીનો હાથ પકડીને ચાલે છે ?'' છગન કહે, ''પ્રેમની વાત જવા દે ને, એનો હાથ છોડું એટલે એ કોઈ પણ દુકાનમાં ઘુસી જાય છે.''

છગનને સંપત્તિવિનાશની ચિંતા છે. જે તે રસ્તે પૈસો વપરાય એટલે પછી ઠનઠનગોપાળ થવાનું આવે. શ્રાદ્ધગુણવિવરણમાં કુલાંગનાનું એક લક્ષણ બતાવ્યું છે.

कुलौचित्याद् व्ययकरी ।

***જે પોતાના કુળના ઔચિત્યથી ખર્ચ કરે એ ખાનદાન નારી.***

વાળ કપાવવા ૩૦૦૦-૪૦૦૦-૫૦૦૦-૬૦૦૦ રૂ.નો ખર્ચ આ સ્પષ્ટ દુર્વ્યય છે. પૈસાનો વેડફાટ છે. એનાથી લક્ષ્મીદેવી કુપિત થાય અને સંપત્તિવિનાશ થાય એવી સંભાવના છે. ઉપદેશતરંગિણી ગ્રંથ કહે છે -

**पात्रे धनं योजयते विदग्धो, गात्रे धनं योजयते विमुग्धः ।**

***સમજદાર વ્યક્તિ સત્પાત્રમાં ધનનો વિનિયોગ કરે છે,***
***નાદાન વ્યક્તિ પોતાના શરીર માટે ધનનો વિનિયોગ કરે છે.***

**આપણા પૂર્વજો ઘર, શરીર વગેરે માટેના ખર્ચમાં કરકસર કરતા અને દેવ-ગુરુ-સંઘની ભક્તિ માટે પાછું વળીને જોતા સુદ્ધા નહીં, ને એમાં ય શાસનરક્ષાનો પ્રશ્ન આવે, ત્યારે પોતાના ભંડાર ખુલ્લા મુકી દેતા. પેથડશાહે ગિરનારરક્ષા માટે છપ્પન ઘડી સોનું સમર્પિત કરી દીધું હતું. ખેમા દેદરાણીએ સંઘની આબરુ બચાવવા અને સંઘની રક્ષા કરવા માટે છ મહિના સુધી આખા ગુજરાતને જમાડ્યું હતું.**

આજે યા તમે તન ખાતર ખર્ચો છો યા તમે મન ખાતર ખર્ચો છો. નવી ગાડી, નવા ઘરેણા કે પિકનિકના માટે તમારી પાસે લાખો રૂપિયા છે. પ્રસંગે બે દિવસમાં બ્યુટિપાર્લર ખાતર પરિવાર દીઠ ૫૦,૦૦૦ નો ધુમાડો થઈ જાય છે. એક વાળ કપાવવાના નામે તમે સાધારણ માણસના મહિનાના ઘરખર્ચ જેટલા રૂપિયા ઉડાવી દો છો.

**તમારું મન હોય ત્યાં તે તે અનુષ્ઠાન વગેરેના નામે લાખો અને કરોડો રૂપિયા તમે ખર્ચી દો છો. તમારું મન બહેલાવે એવા નામ અને સમ્માન પણ તમે લાખો રૂપિયા ખર્ચી દો છો. તન ખાતર બધું જ કરી શકાય છે, મન ખાતર પણ બધું કરી શકાય છે, પણ ધર્મ જોખમમાં હોય, સંઘ-શાસન સીદાઈ રહ્યા હોય, તીર્થો ભયાનક સ્થિતિમાં હોય, સંઘનું ભવિષ્ય નજર સામે વીખરાઈ રહ્યું હોય, એના માટે આપણી પાસે ૧૦ પૈસા સુદ્ધા વાપરવાની ભાવના નથી. પરિણામ એવું આવે છે કે પછી આપણા તન-મન-ઘર ને પરિવાર પણ ઉજડી જાય છે.**

**धर्मो रक्षति रक्षितः ।**

## જે ધર્મની રક્ષા કરે છે, ધર્મ એની રક્ષા કરે છે.

થોડા વરસો પહેલા એક દુર્ઘટના બની, અમુક પટેલ યુવાનોએ ઠાકોરની એક દીકરી પર જુલમ ગુજાર્યો. એક ઠાકોર બહેને ઠાકોર યુવાનોને ખૂબ ઝાટકી કાઢ્યા કે, ''તમે અમારી આબરુ ય ન જાળવી શકતા હો, વેર ન વાળી શકતા હો, તો ચૂડીઓ પહેરી લો.'' યુવાનોનું લોહી ઉકળી ઉઠ્યું. છરા ને ધારિયા લઈને ગયા. ધીંગાણું કરીને અમુકના માથા કાપી નાંખ્યા. બે'ય પક્ષે હાહાકાર મચી ગયો.

ઠાકોરવાસમાં બધા ઠાકોરો બેઠા હતા ને એ સમયે એક પીઢ બહેન બોલ્યા કે, ''આવું શા માટે થયું. એની મને ખબર છે. હમણા હમણા પટેલો બહુ રૂપિયા કમાયા છે, પણ રૂપિયાને પચાવી શક્યા નથી. રૂપિયા તો વાણિયા પચાવી શકે.''

**મને કહેવા દો કે હવે તમે ય રૂપિયા પચાવી શકતા નથી. અહીં આવ્યા ત્યારે તમારી પાસે કશું હતું નહીં. મહિને ૧૫૦૦૦ માં રસોડું ચલાવવાનું તમારું સપનું હતું, એ વખતે તમારામાં કોઈ ન્યૂસન્સ ન હતા. તમે રૂપિયા કમાયા ને જાત જાતના ન્યૂસન્સ તમને ઘેરી વળ્યા. લગ્નપ્રસંગોની બદીઓ-રજાના દિવસોની બદીઓ-દૈનિક જીવનની બદીઓ-દેખાદેખીઓની આંધળી સ્પર્ધાઓ-આ બધું તમને ઘેરી વળી રહ્યું છે. અને મુખ્યત્વે તમારા શીલને ચારે બાજુથી ફોલી ખાઈ રહ્યું છે. જેનો સીધો અર્થ એ છે કે તમને રૂપિયો પચ્યો નથી. ને જે પચતું નથી તે ઉપરથી કે નીચેથી નીકળી જાય છે, પણ ટકતું નથી.**

છગન એક વાર જમણવારમાં ગયો. પહેલા જ દાળ-ભાત લઈ લીધા. પછી બે-ચાર-છ-આઠ લાડવા જવા દીધા, પછી પાછા દાળ-ભાત લીધા. મગન ક્યારનો આ બધું નાટક-તરકટ જોતો હતો. એણે છગનને આવું કરવાનું કારણ પૂછ્યું, છગન કહે, ''જો, રોજ રોજ તો આવા જમણવાર હોતા નથી. માંડ જમણવાર આવ્યો હોય, ને એમાં લાડુ મળતા હોય તો એ લાડુ પેટમાં બરાબર ટકવા જોઈએ. એટલે મેં

લાડુની પહેલા ને પછી દાળ-ભાત લઈ લીધા. ઉલ્ટી થઈ જાય તો દાળ-ભાત જાય, ઝાડા થઈ જાય તો દાળ-ભાત જાય, લાડુ પેટમાં અકબંધ રહે.

છગન પણ છગન જ છે. પેટમાં એવા કોઈ સેફ ડિપોઝિટ વોલ્ટ નથી હોતા. હું તમને એની પણ આગળની વાત કરું છું કે જો તમને પૈસો પચ્યો નથી, તમારામાં આત્મસંયમ અને સાદગી નથી, શીલ અને મર્યાદા નથી તો સારામાં સારી બેન્કના પણ સેફ ડિપોઝિટ વોલ્ટમાં તમારા પૈસા સચવાવાના નથી. યા ઉલ્ટી થશે, યા ઝાડા થશે, ને બધું જ જતું રહેશે.

**સંપત્તિવિનાશ, હેર કટિંગ તમને ૩-૫ હજારમાં પડે છે, પોસાય છે, આ તમારી ભ્રમણા છે. હકીકતમાં એ તમને 'પતિ'માં પડે છે, 'ઘર'માં પડે છે, 'બધી બેન્ક બેલેન્સ'માં પડે છે, 'સલામતી'માં પડે છે, ને 'આખા ભવિષ્ય'માં પડે છે. એ તમને બિલકુલ પોસાતું જ નથી. શીલકુલક કહે છે -**

**सीलं उत्तमवित्तं ।**

***વિશ્વનું શ્રેષ્ઠ ધન કોઈ હોય***
***તો એ શીલ છે.***

કોઇ ચિંતકે કહ્યું છે -

**If Wealth is lost nothing is lost,**
**If Health is lost something is lost,**
**If Character is lost everything is lost.**

***જો પૈસો ગયો છે તો કશું નથી ગયું.***
***જો આરોગ્ય ગયું છે તો કંઈક ગયું છે.***
***પણ જો ચારિત્ર ગયું છે, તો બધું જ જતું રહ્યું છે.***

શીલગુપ્તિકુલકમાં કહ્યું છે -

**धण–भवण–रयणमाई, सव्वं किज्जइ पुणो विणट्ठं पि ।**
**सीलं जइ वि विणट्ठं, तओ विणट्ठं जगं सव्वं ॥**

***ધન, મકાન કે રત્ન વગેરેનો નાશ થશે,***
***તો એ ફરી પણ મેળવી શકાશે,***
***પણ જો શીલ જ ખતમ થઈ ગયું***
***તો સમજી લેવું કે આપણું બધું જ ખતમ થઈ ગયું.***
***આપણી આખી દુનિયા જ ખતમ થઈ ગઈ.***

આપણા બાપ-દાદા પાસે કમાવવાના પણ સિદ્ધાન્ત હતા ને વાપરવામાં પણ સિદ્ધાન્ત હતા, આપણા બાપ-દાદા કરિયાણાની દુકાન લઈને બેઠા પછી ય માચીસ ન'તા વેંચતા, કેરોસીન ન'તા વેંચતા. વાપરવામાં પણ અમુક રસ્તાઓથી આખી જિંદગીમાં એક પૈસો ય ન'તો વપરાતો. આજે તમે કમાવાના ને વાપરવાના બે'ય સિદ્ધાન્તોને અભરાઈએ ચડાવી દીધા છે. તમને લક્ષ્મીનું રહસ્ય ખબર છે ? શાસ્ત્રો કહે છે -

**श्रीर्मङ्गलात्प्रभवति, प्रागल्भ्याच्च प्रवर्धते ।**
**दाक्ष्याच्च कुरुते मूलं, संयमात् प्रतितिष्ठति ॥**

***લક્ષ્મી ઉત્પન્ન થાય છે મંગળથી,***
*(જેમ કે શાલિભદ્ર-કયવન્ના શેઠ વગેરેને)*
***લક્ષ્મી વધે છે સાહસથી***
*(બિઝનેસ ફર્મ સાથે એન્ટરપ્રાઈઝ લગાડાય છે,*
*એનો અર્થ સાહસ છે.)*
***લક્ષ્મી સ્થિર-સાનુબંધ થાય છે કૌશલ્યથી.***
*(મૂરખાઓનો પૈસો વાવાઝોડાની જેમ આવીને જતો રહે છે.)*
***લક્ષ્મી પ્રતિષ્ઠિત થાય છે સંયમથી.***
*(જેઓ સંયમિત જીવન - મર્યાદાપૂર્ણ જીવન જીવે છે.*
*એમનો એ પેઢીઓ સુધી ને જનમોજનમ સુધી સાથ છોડતી નથી.)*

સંયમ નથી. મર્યાદા નથી. તો સંપત્તિવિનાશનું નખ્ખોદ નક્કી છે.

**(૯) પ્રતિભવપ્રત્યપાય** - છગન ને એની પત્ની બંને મંદિરમાં ગયા હતા. દર્શન કરીને બહાર આવ્યા. છગનની પત્નીએ કહ્યું, કે ''મેં તો ભગવાન પાસે માંગ્યું કે મને સાત ભવ સુધી આ જ જીવનસાથી મળજો.'' છગનનું હૃદય એક ધબકારો ચૂકી ગયું. પત્ની કહે, ''તમે શું માંગ્યું ?'' છગન કહે, ''મેં પણ એ જ માંગ્યું, કે મને સાત ભવ સુધી આ જ જીવનસાથી મળજો, ને પછી ઉમેર્યું- અને આ જ સાતમો ભવ હોજો. એક ભવ તો માંડ કાઢ્યો હોય... પછી બીજા ભવની કોણ માંગણી કરે ?

**હેરકટિંગ જો પરપુરુષની સમક્ષ કે એના હાથે થાય છે, તો એ દુઃશીલતા છે. અને દુઃશીલતાનું ફળ પ્રતિભવ પ્રત્યપાય.. ભવોભવ દુઃખના ડુંગરા તૂટી પડે એ છે. યાદ આવે કલ્પવૃત્તિ -**

**कुरंडरंडत्तणदुब्भगाई, वज्झत्त निंदू विसकन्नगाइ ।**
**जम्मंतरे पावइ भग्गसीलो, णाउण कुज्जा दढसीलभावं ।।**

***જે શીલની ઐસી-તૈસી કરે છે,***
***એ ભવાંતરમાં બદનામ વિધવા, વિધવા, અભાગણી,***
***વન્ધ્યા, મરેલા સંતાનને જન્મ આપનારી અને વિષકન્યા થાય છે,***
***આ જાણીને દૃઢ-શીલભાવ કરવો જોઈએ.***

આટલામાં (હેર કટિંગમાં) શું થઈ ગયું, આ પ્રશ્ન જ ખોટો છે, જેને પરપુરુષનો સ્પર્શ પોસાય છે, એ કુલાંગના નહીં વેશ્યા જ હોઈ શકે, એક રાજા હતા. એમના ઘણા બધા મંત્રી હતા, એમાં એક વૃદ્ધ-અંધ મંત્રી પર રાજાને ખૂબ ભરોસો હતો. એક વાર રાજાએ રાજસભામાં પૂછ્યું, ''જે મને માથા પર લાત મારે એને શું કરવું જોઈએ ?'' બીજા મંત્રીઓએ કહ્યું, ''એના ટુકડે ટુકડા કરી દેવા જોઈએ.'' રાજાએ વૃદ્ધ મંત્રીને પૂછ્યું, એ કહે, ''એમને શ્રેષ્ઠ વસ્ત્ર-આભૂષણ વગેરે આપીને એમનું સમ્માન કરવું જોઈએ.'' રાજસભા ચકિત છે. રાજા પ્રસન્ન છે. રાજા એનું કારણ પૂછે છે, ''આપના માથા પર બીજું તો કોણ લાત

મારી શકે ? બાળ રાજકુમારને આપ ખોળામાં રમાડતા હો, ને એનો પગ આપના માથે લાગી જાય, એવી જ સંભાવના છે, એનું તો સમ્માન જ કરાય ને ?'' સભા આફરીન પોકારી ગઈ.

**એક વાર રાજા મંત્રીઓ વગેરેની સાથે ખૂબ દૂર દૂર ઘોડેસવારી કરવા નીકળી ગયો. જંગલમાં અમુક વૃક્ષો ફળથી લચી પડેલા હતા. તદ્દન નવી જ જાતના આકર્ષક ફળો હતા. રાજાએ મંત્રીઓને પૂછ્યું, ''હું આ ફળ ખાઉં ?'' મંત્રીઓએ કહ્યું, ''આમાં શું વાંધાજનક હોઈ શકે ? ખુશીથી ખાઓ.'' રાજાએ વૃદ્ધમંત્રીને પૂછ્યું, એમણે એ ફળો પર હાથ ફેરવ્યો, ને કહ્યું કે આ ફળો કોઈ વન્ય પશુ-પંખીએ જરા પણ ખાધેલા નથી, માટે એ ઝેરી હોવા જોઈએ.'' બધા ચોંકી ગયા. રાજાએ પરીક્ષા કરાવી, તો વાત સાચી નીકળી.**

એક વાર રાજાના દીકરાને પરણાવવાનો અવસર આવ્યો. રાજસભામાં બે કન્યાઓ ઉપસ્થિત કરાઈ હતી. બંને ૧૬ વર્ષની. બંને રૂપ રૂપના અંબાર જેવી. એક સરખા વસ્ત્રો અને આભૂષણોવાળી. રાજાએ મંત્રીઓને પૂછ્યું, ''બોલો, આમાંથી કઈ કન્યા રાજકુમાર માટે યોગ્ય છે ?'' મંત્રીઓ કહે, ''બંને સરખી જ છે, કોઈ પણ પરણાવો.'' રાજાએ વૃદ્ધ મંત્રીને પૂછ્યું, એ મંત્રી સેવકની મદદથી તે કન્યાઓની નજીક ગયા. તેમણે એક કન્યાને માથાથી શરૂ કરી પીઠ અને કમર સુધી સ્પર્શ કર્યો. એ કન્યા જરા પણ ક્ષોભાયમાન ન થઈ. બીજી કન્યાના માથે હજી વાળને જરાક સ્પર્શ કર્યો ને એ ચિલ્લાઈ ઉઠી, ''અરે બુઢ્ઢા આંધળા ! શરમ નથી આવતી ? મને અડે છે ?''

**આખી સભા સ્તબ્ધ થઈ ગઈ. બધાને લાગ્યું કે વૃદ્ધ મંત્રી બીજી કન્યાને રિજેક્ટ કરી દેશે. રાજાએ અભિપ્રાય પૂછ્યો. વૃદ્ધ મંત્રીએ કહ્યું, ''પહેલી કન્યા છે, એ વેશ્યાપુત્રી છે. જેને અડવા છતાં કશો વાંધો આવ્યો નથી. રાજકુમાર માટે એ અયોગ્ય છે. બીજી કન્યા રાજપુત્રી છે. શીલવતી છે, ઉત્તમ છે, એ રાજકુમાર માટે યોગ્ય છે.'' રાજાએ પોતાનો**

**હાર વૃદ્ધમંત્રીને ભેટ આપ્યો ને એની સાથે જ આખી સભામાંથી વૃદ્ધ મંત્રી પર આભૂષણોનો વરસાદ થઈ ગયો.**

વાળના મૂળ ઘણા ઊંડા છે... સમજાય છે તમને ? જેને પરપુરુષ અડે, ને કોઈ વાંધો ય ન હોય, એ કોણ હોઈ શકે ? બે હાથ જોડીને મારી તમને વિનંતિ છે, ત્રણ લોકના નાથને જે માથું નમાવવાનું છે, એ માથાને તમે અભડાવશો નહીં, જે માથાથી દેવાધિદેવને ખમાસમણું આપવાનું છે એ માથાને તમે અભડાવશો નહીં પંચમહાવ્રતધારી ગુરુ ભગવંતોને જે માથાથી વંદન કરવાનું છે, એ માથાને તમે અભડાવશો નહીં. જે શરીરથી તમારે પવિત્ર ધર્મક્રિયાઓ કરવાની છે એ શરીરને આ રીતે અભડાવશો નહીં. યાદ આવે ઉત્તરાધ્યયનસૂત્ર-

**शरीरमाहुर्नावुत्ति, जीवो वुच्चइ नाविओ ।**
**संसारसायरं घोरं, जं तरंति महेसिणो ॥**

***શરીર એ નાવ છે, જીવ એ નાવિક છે.***
***સંસાર એ ઘોર સાગર છે, જેને મહર્ષિઓ તરી જાય છે.***

**જે શરીરની નાવડીથી તમારે આ ભવસાગર તરી જવાનો છે, એ શરીરને અભડાવશો નહીં, જે શરીરથી તમારે મહાત્માને સુપાત્રદાન કરવાનું છે, એ શરીરને અભડાવશો નહીં, જે શરીરથી તમારે તાજા પરણેલા દીકરા ને વહુને આશીર્વાદ આપવાના છે, એ શરીરને અભડાવશો નહીં. જે શરીરથી તમારે છેલ્લા શ્વાસ લેતા મા-બાપના કપાળે હાથ ફેરવવાનો છે, એ શરીરને અભડાવશો નહીં.**

છગનનો છોકરો સ્કુલે ગયો હતો. ટિચરે કહ્યું, ‘‘આજે ત્રણ કાળ ભણવાના છે. પહેલા હું તમને એક ઉદાહરણ આપું છું, પછી તમે મને એવું ઉદાહરણ આપજો. હું સુંદર હતી, હું સુંદર છું અને હું સુંદર જ રહીશ.’’ ચિંટુ કહે, ‘‘એ તમારો વહેમ હતો, એ તમારો વહેમ છે, ને એ તમારો વહેમ જ રહેશે.’’ વેશ્યાના રસ્તે દોડીને આપણે સુંદર થયા એ આપણો નર્યો વહેમ છે. આપણે તો ભયંકર કદરૂપા થયા હોઈએ

છીએ. શીલ અને પવિત્રતા જેવું સૌન્દર્ય દુનિયામાં બીજું કોઈ નથી. તમારે જે વિકલ્પ લેવો હોય તમે જાણો, તમારી સખી પાસે તમે જરૂર પૂરતું કામ કરાવી લો, તમે જાણો, પણ તમે તમારા શીલને અણિશુદ્ધ રીતે સાચવી લો, ને હજી જો એક-બે ટકા પણ એવા હોય કે ના, અમે તો જે ચાલે છે એ જ ચલાવશું, તો તમારે જ્યાં અભડાવા જવું છે, તમારે જ્યાં વટલાવા જવું છે, ત્યાં જ તેમના જ ઘરે જઈને બેસી જશો, તો બીજાને ખોટું આલંબન આપવાથી... સંઘની આબરુની ધીમી કતલ કરવાથી.. સંઘની વહુ-દીકરીઓના શીલ પર જોખમ બનવાથી તો તમે બચી જશો.

**મહેરબાની કરીને આ શીલના ભવાડા તમે છોડી દો, આનાથી તમે ભવોભવ દુઃખી થઈ જશો. કેન્સર થશે ને કીમો લેતા લેતા શરીર અંદરથી સળગવા લાગશે ને વાળ બધાં ખરી જશે, ત્યારે આ હેરસ્ટાઈલ ભારે પડી જશે, રૂપની આ ભૂતાવળથી ભવે ભવે તદ્દન કદરૂપું શરીર મળશે, ત્યારે આ હેરસ્ટાઈલ ભારે પડી જશે. પરમાધામી આ એક એક પાપને યાદ કરાવીને શરીરના છોતરા ઉડાડતો હશે. છુંદા કરતો હશે, શરીરના તલ તલ જેટલા ટુકડા કરતો હશે. કલ્પના કરો ત્યારે શી દશા થશે ? ત્યારે તમે દર્દનાક ચીસો પાડશો, ધ્રુસકે ને ધ્રુસકે રડશો. અસહ્ય વેદનાથી કણસશો, ને વિચારશો કે જો આવી ખબર હોત તો એવા પાપો ન જ કરત.. હરગીઝ ન જ કરત..**

હું તમને અત્યારથી ખબર પાડી રહ્યો છું. તમારો પ્રશ્ન છે કે ''તો પછી અમે શું કરીએ ? જૈન બહેન હોય ને બ્યુટીપાર્લરના ક્લાસ કર્યા હોય, એમની પાસે કરાવીએ ?''

સાચું કહું તો અત્યારનો તમારો માહોલ કોઈ પણ સમજદારનું માથું દુઃખાડે એવો છે. આપણાથી હજામતના ક્લાસ કરાય ? જે દાસ-દાસીના કામ કહેવાય, એમાં પાવરધા થઈ બીજાની ચાકરી કરાય. આ ક્લાસ કરવામાં કોની પાસે શીખવામાં આવે છે ? કોની કોની ચાકરી કરવામાં

આવે છે, આ બધું કોણ જોવા જશે ? એક જૈન દીકરી કોર્સ કરીને જૈનોનું જ કરશે આવી કોઈ ગેરંટી છે ? તમારી આગલી પેઢીના આવા કોઈ પ્રશ્નો જ ન હતા, કારણ કે તેમને તમારા જેટલા મોહ ન હતા. પ્રાયઃ તેઓ થોડો ઘણો જાતે મેકઅપ કરી લેતા હતા, એ પણ વિશેષ અવસરે જ. બહુબહુ તો ઘરમાં જ એક બીજાને દેરાણી-જેઠાણી-નણંદ વગેરે કરી દેતા. આટલા બધા નખરા ને એના માટે આટલી હદના ભવાડા આપણી ૭૭ પેઢીમાં પણ ન હતા.

જેમ જેમ શરીર પર ધ્યાન આપશો, શરીરની ટાપટીપ ખાતર સમય-શક્તિ-સંપત્તિના વેડફાટો કરશો તેમ તેમ દેહાધ્યાસથી ચીકણા કર્મો બંધાશે, તેનાથી ભવોભવ તદ્દન કદરૂપું, દીઠું ય ન ગમે એવું, થુ થુ થઈ જાય એવું, ગંદુ અને ગંધાતું શરીર મળશે. જે કોઈને પણ બતાડવા લાયક જ નહીં રહે, કોઈ તદ્દન ગાંડો ય પરણવા તૈયાર નહીં થાય, સગા મા-બાપ પણ ઘરેથી કાઢી મુકશે. ભીખ સુદ્ધા કોઈ આપશે નહીં, ત્યારે આ ભવાડા ભારે પડી જશે.

**આ બધી વાત માત્ર હેરકટિંગ કે બ્યુટીપાર્લર માટે જ નથી, બીજી પણ અઢળક એવી વસ્તુ માટે છે, જે યા ચાલુ થઈ ગઈ છે, કે થવાની છે, કોરિયોગ્રાફર, છુંદણા કરનારા, ટ્યુશન/ક્લાસટિચર્સ, સહાધ્યાયી, મોબાઈલ, સોશિયલ મીડિયા, વિદેશપ્રવાસ, પુલ પાર્ટી, સંગીત સંધ્યા, પ્રિવેડિંગ, અભદ્ર વેષ, અભદ્ર ફોટા, અભદ્ર વિડિયો... રોજ એક નવી વસ્તુ આવે છે ને તમારા શીલને ખેદાન મેદાન કરી દે છે, ને ત્યાં કોઈ ને કોઈ રીતે આ નવે નખ્ખોદ ભેગા થઈને તમારો દાટ વાળી દે છે.**

તમે સુખી થવા માટે એવા રસ્તે દોડી રહ્યા છો, જે રસ્તે દુઃખના દરિયા સિવાય બીજું કશું જ નથી. સુખી તો ધર્મથી જ થઈ શકાય. ધર્મ એ વિશ્વશ્રેષ્ઠ બ્યુટીપાર્લર છે. રાજકુમાર ને રાજકુમારીના રૂપથી માંડીને ચક્રવર્તી, દેવ, ઈન્દ્ર અને તીર્થંકર સુધીના વિશ્વોત્કૃષ્ટ રૂપનું કારણ ધર્મ સિવાય બીજું કશું જ હોતું નથી. તમને બ્યુટીપાર્લરની જરૂર નથી,

તમને થોડા પણ વૈરાગ્યની જરૂર છે, તમને છુંદણા, હેરસ્ટાઈલ, અભદ્ર કપડા, અભદ્ર પ્રસંગોની જરૂર નથી, તમને થોડા પણ વૈરાગ્યની જરૂર છે. થોડો પણ વૈરાગ્ય હશે, તો આ બધી જરૂરિયાતો જ નહીં રહે. જે શરીર ઘરડું થઈ જશે, રોગોનું ઘર થઈ જશે, કદાચ એ ન થાય તો ય શ્મશાનમાં રાખ તો જરૂર થઈ જશે, એના ખાતર આટલી ઘેલછા શા માટે ? અરે, અત્યારે ય જે શરીર કેટલું ગંદું છે, કેટલી ગંદકી છોડે છે, એ આપણે જાણીએ છીએ, એમાં મળ-મૂત્ર-હાડકા-આંતરડા, હોજરી, પિત્ત, કફ, લોહી, માંસ વગેરે ભરેલું છે, જે જોઈને પણ છી છી થઈ જાય, એને શણગારવાની આટલી મથામણ શા માટે ? એના કરતા ભગવાનની આંગી જ તન્મય બનીને ન કરીએ, અને લખલૂટ પુણ્યનું ઉપાર્જન કરીને ભવોભવને સુખી જ ન બનાવી દઈએ ?

શરીરની ટાપટીપ એ આઘાત અને આર્ત્તધ્યાનનો રસ્તો છે, કારણ કે શરીર ઘડપણ, રોગ અને મોત તરફ દોડી રહ્યું છે. આજે કરોડો સ્ત્રીઓ રૂપ મુરઝાવાના કારણે ડિપ્રેશન, ચીડિયો સ્વભાવ અને ઘરકંકાસનો ભોગ બની રહી છે કેટલીય તો ચિત્ર વિચિત્ર ઈંજેક્શન્સ અને ઓપરેશન્સના રવાડે ચડી સ્વાસ્થ્ય સાથે ભયંકર ચેડા કરી રહી છે. પ્લીઝ, તમે આ ઘેટા-પ્રવાહમાંથી બહાર નીકળી જાઓ. એ પ્રવાહ સીધો કૂવામાં પડે છે.

**આ બધી તો શીલવિપ્લવ અને દેહાધ્યાસના પાપોની વાત છે, જે માણસ માંસાહારી છે, એને આર્થિક પોષણ આપવાના જે પાપો છે, મેક-અપના એક એક સાધન પાછળ જે સેંકડો પંચેન્દ્રિય તિર્યંચ જીવોની કમકમાટીભરી હત્યાઓ થઈ છે, એ બધા પાપોની વાત શરૂ કરીએ તો ચક્કર આવી જશે. વૈરાગ્ય વધારો, ધર્મ વધારો, આભવ-પરભવ-ભવોભવ બધું જ સુખી થઈ જશે.**

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાથી વિરુદ્ધ લખાયું હોય,
તો મિચ્છામિ દુક્કડમ્.

શ્રાવણ (૧) વદ ૯, ૨૦૭૯,
શ્રી હાલોલ જૈન સંઘ, પંચમહાલ, ગુજરાત

## સર્વજ્ઞ પ્રભુના શાસનને પામેલા
## જૈનોની વહુ-દીકરીઓ બ્યુટી પાર્લર શીખે ? એનો વેપલો કરે ?

ખાસ કરીને નાના મોટા શહેરોમાં જૈનોની વહુ-દીકરીઓ આજે બ્યુટી પાર્લરના વેપલામાં જોડાવા લાગી છે તે કેટલા અંશે યોગ્ય છે? જ્યારે કોઈ વ્યક્તિ સાવ ડોબો હોય, કાંઈ સમજતો ન હોય ત્યારે તેને અપશબ્દો સાંભળવા પડે છે કે **'તું તો સાવ હજામ જેવો છે.'** ઘણા માણસો ઘણું કામ કરતા હોય છે પણ પરિણામ જ્યારે કશું ન આવે ત્યારે લોકો બોલતા હોય છે કે **'આટલા વર્ષો હજામપટ્ટી કરી.'**

આજે જમાનો પરિવર્તનનો છે. સાવ અધમ કક્ષાનું કામ કહેવાય તેને જૈનો ય સ્વીકારે તે કેવું બેહુદું કહેવાય ! ક્યાંક તો પોશ એરિયામાં રહેતી ય જૈન વહુ-દીકરીઓ અજૈનો કે જૈનોના લગ્નાદિ પ્રસંગોમાં તેની હજામપટ્ટી (સ્ત્રી શણગાર ક્લાસ - બ્યુટીપાર્લર)નો વેપલો કરતી દેખાય એટલે થાય કે પરમાત્મા મહાવીરદેવે છેલ્લી દેશનામાં કહેલું પાંચમાં આરાનું ભાવી ઘણું ઘણું જલ્દી સાક્ષાત્ થઈ રહ્યું છે.

બ્યુટી પાર્લર ચલાવવા તે જૈન સંસ્કારોથી તો જોજનો દૂર વાત થઈ, આર્ય સભ્યતાથી પણ તદ્દન વિરોધી વાત છે. બ્યુટી પાર્લર, સાચી જૈન તો ન જ ચલાવે કે તેને ઍન્જોય પણ ન કરે. આર્ય સભ્યતા ધરાવનારી વ્યક્તિ પણ ન કરે.

જે વહુ-દીકરીઓ (ઘરગથ્થું પણ) બ્યુટી પાર્લર ચલાવી રહી છે **તેમણે તે દ્વારા અગણિત લોકોના હૃદયમાં મોહ વધારવાનું કામ કર્યું છે.** તેથી મોહનીય કર્મનો એવો તીવ્ર બંધ તે કરી રહી છે કે **સેંકડો જન્મો પર્યંત જૈનશાસનની પ્રાપ્તિ થાય નહીં, સંયમ મળે નહીં. આ નુકશાન તોતિંગ છે. તેની સામે થોડાક રૂપિયા મળી જાય તે લાભ તો ક્ષુલ્લક છે.**

બ્યુટી પાર્લર ચલાવવાની પ્રવૃત્તિ સાથે સંકળાયેલી તમામ વ્યક્તિઓ પોતાના આત્માનું આવું ધરખમ નુકશાન નોંતરી રહી છે. માટે જેમણે પણ આ પ્રવૃત્તિ શરૂ કરી હોય તેમણે વહેલી તકે બંધ કરી દેવી જોઈએ.

(- નિખાલસમાંથી સાભાર)

# દુઃખી દુઃખી થઈ જતા પહેલાં

## ❀ *Seven Secrets* ❀

### *To Save Your Daughter & Son*

સૌથી પહેલા કોઈ રોગના **લક્ષણ** દેખાય છે. લક્ષણ પરથી **રોગ** કયો છે એ ખ્યાલ આવે છે. પછી એ રોગ કેમ થયો એનું **નિદાન** કરવું પડે છે. કોઈ પણ રોગના અનેક કારણ હોઈ શકે છે. તાવના અનેક કારણો બતાવ્યા છે, ને કારણને અનુરૂપ દવા બતાવી છે. જેમ કે -

**बलावरोधि निर्दिष्टं ज्वरादौ लङ्घनं हितम् ।**
**ऋतेऽनिलश्रमक्रोध-लोभकाममदज्वरात् ।।**

***તાવની શરૂઆતમાં બળ-અવરોધી લાંઘણ કરવી સારી છે.***
***પણ જો વાયુથી તાવ થયો હોય,***
***શ્રમથી કે ક્રોધથી થયો હોય,***
***લોભ, કામ કે મદથી તાવ થયો હોય***
***તો તેમાં લાંઘણ ન કરવી જોઈએ.***

નિદાન કર્યા પછી એની દવા, પથ્ય, અપથ્યત્યાગ અપનાવવું પડે, પછી સ્વાસ્થ્યરૂપ ફળ મળે.

જેમ કે **લક્ષણ** હતું છીંકાછીંક, રોગ હતો **શરદી.**

નિદાન હતું - વરસાદમાં ન્હાયા, યા આઈસ્ક્રીમ ઝાપટ્યો,
યા પવનમાં ઓઢ્યા વિના સૂતા.

**દવા** હતી સૂંઠની ગોળી.

**પથ્ય** હતું ગરમ-તીખું ખાવું. **અપથ્ય** છોડવું - ઠંડું-ગળ્યું ન ખાવું,
**ફળ** - સ્વાસ્થ્ય.

સમાજમાં વ્યાપક બની ગયેલ એક રોગના સંદર્ભમાં આજે તમને Seven Secrets ની વાત કરવી છે.

***Secret No.1*** - **લક્ષણ** - લક્ષણ છે **આખી જિંદગી નરક બની જવી.**

કોઈ ચિંતકે સરસ વાત કરી છે. ૩ અઠવાડિયા સુધી આપણે એક

બીજાનો સ્ટડી કરીએ છીએ. ૩ મહિના સુધી આપણે એક બીજાને પ્રેમ કરીએ છીએ. ૩ વર્ષ સુધી આપણે એક બીજા સાથે ઝગડીએ છીએ. ૩૦ વર્ષ સુધી આપણે એક બીજાને સહન કરીએ છીએ.

**લક્ષણ છે પગ નીચેથી ધરતી સરકી જાય છે. લક્ષણ છે આપણા માથે આકાશ તૂટી પડે છે. લક્ષણ છે આપણે પોક મુકીને રોવા બેસીએ છીએ. લક્ષણ છે આપણે આપઘાત સુધીના વિચારો કરવા લાગીએ છીએ.**

છગન એક દિવસ ઓફિસથી ઘરે વહેલો પાછો આવી ગયો. પત્નીએ પૂછ્યું, ''કેમ આજે વહેલા આવી ગયા ?'' છગને કહ્યું, ''આજે બોસ ગુસ્સે થઈને એમ બોલી ગયા, ''નરકમાં જા.'' એટલે ''હું ઘરે આવી ગયો. ઓબે ટુ ઓર્ડર, યુ સી !!''

લક્ષણ છે - ઘર નરક બની જાય છે. લક્ષણ છે - ઉતાવળે પરણીને ફુરસદથી પસ્તાઈએ છીએ. લક્ષણ છે - ચાર વર્ષના સંઘર્ષ પછી જેને પરણ્યા, એનાથી ૪ મહિનામાં જ સાવ કંટાળી જઈએ છીએ. છગને એની પત્નીને કહ્યું, ''આપણા લગ્નને હવે અઠવાડિયું થઈ ગયું છે. હવે હું તને તારી લિમિટ્સ બતાવું તો ખોટું ના લગાડતી.'' પત્ની કહે, ''તસ્દી લેશો નહીં, એની મને ખબર છે. એટલે તો મને સારો વર મળ્યો નહીં.'' લક્ષણ છે - આપણે કોઈ ને કોઈ રીતે ફસાઈ ગયા હોઈએ છીએ.

***Secret No. 2*** - **રોગ** - એ છે **બરબાદી.**

**(i) આર્થિક બરબાદી** - સુરતના એક અગ્રણીની દીકરીને એની સાથે ભણતા વિદ્યાર્થીએ ફસાવી. એને ભગાડી ગયો. એની સાથે નિકાહ પઢી લીધા. એને પાછી લાવવા માટે આકાશ-પાતાળ એક કરવામાં આવ્યા. પણ બધા પ્રયાસ નિષ્ફળ ગયા. એ છોકરાએ એને પાછી મોકલવા માટે ૫૦ લાખ રૂ.ની માંગણી કરી. આપ્યા. છતાં છોકરી પાછી ન આવી.

**(ii) સાંસારિક બરબાદી** - આંતરજ્ઞાતીય લગ્નોથી સેંકડો-હજારો પેઢીઓથી ચાલી આવેલા આનુવંશિક ગુણધર્મો ડિસ્ટર્બ થઈ જાય છે.

રેસકોર્સમાં ઘોડીના સાત પેઢીના ઈતિહાસો જોવાય છે. એમાં વર્ણસંકર થયો હોય તો પછી એ ઘોડો/ઘોડી સારું પરફોર્મન્સ નથી આપી શકતા. કહેવાતા લવથી માણસ વર્ણસંકર બની જાય છે. શરીર બોદું બની જાય છે. ચિત્ર-વિચિત્ર રોગો થાય છે. વાયરસ સહેલાઈથી વળગે છે ને ઘર લાખોના ખર્ચમાં બરબાદ થઈ જાય છે.

**(iii) માનસિક બરબાદી - મુંબઈની એક દીકરી કોલેજથી બારોબાર વિધર્મી સાથે ભાગી ગઈ. મા-બાપે લોહી-પાણી એક કર્યા, લોહીના આંસું પાડ્યા પણ એનો પત્તો ન લાગ્યો. એ દીકરીને લઈને પેલો દુબઈ ગયો એને ક્યાંક મુકીને ફરાર થઈ ગયો. એને કહેવામાં આવ્યું કે એને ૧૭ લાખ રૂપિયામાં વેંચવામાં આવી છે. એને ઢોરમાર મારીને વેશ્યા બનાવાઈ. ગુંડા-મવાલીઓ એના પર રોજ રોજ પાશવી અત્યાચારો કરવા લાગ્યા. એ ત્રાસી ગઈ. ઘરે એક કોલ કરી 'સોરી' કહી એણે અપઘાત કરી લીધો.**

**(iv) સામાજિક બરબાદી** - સંસ્કારભેદના મુદ્દે પટેલ-વૈષ્ણવ ઘરમાં ગયેલી દીકરી ય સેટ થઈ શકતી નથી. તો બીજાની તો શું વાત કરવી ? ગાય ચિત્તા સાથે પરણીને સુખી કયાંથી થઈ શકે ? મુંબઈ પાસે થાણામાં એક દીકરી કસાઈના છોકરાને પરણી. નોનવેજ-ત્યાગના સોગંદો તોડીને પેલાએ એને જ મટનશોપે બેસાડી. ભયંકર વાસ. જાતે કાપી કાપીને આપવાનું - લુખ્ખા લોકો છેડતી કરે. પેલો બહાર રખડ્યા કરે. છેવટે એ દીકરીએ ત્રાસીને પંખે લટકી અપઘાત કરી લીધો. મુંબઈ પાસે મુંબ્રામાં એક કાકા ટ્રેનથી ઉતર્યા. એ પ્લેટફોર્મ પર ચાલી રહ્યા હતા. ત્યાં કોઈ માછણ બાઈ એમની નજીક આવી. એના માથે માછલાનો ટોપલો હતો. કાકા બિચારા દૂર ખસ્યા. તો એ ફરી નજીક આવી. ને બોલી, 'તમે ટોકરશીભાઈ છો ને ?' કાકા ચકિત થઈ ગયા. 'એક માછણ બાઈ મને નામથી ઓળખે ?' એ યુવતીએ કહ્યું, 'હું તમારે ત્યાં જ રહેતી હતી. ફલાણાની દીકરી છું. મારું નામ... હતું.' ને એ ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી.

**(v) પારિવારિક બરબાદી** – **ત્યાં આખું પિયર લોહીના આંસું પાડે, ને અહીં પોતે લોહીના આંસુ પાડે. પતિ-પત્ની ઉત્તર દક્ષિણ, રોજ કજિયા, રોજ કંકાસ, છૂટાછેડા - કોર્ટ કેસો - પોલિસ કેસો - સંતાનો છતે મા-બાપે અનાથ...**

આ છે **બરબાદી**નો રોગ.

***Secret No. 3*** - **નિદાન** - બરબાદીના કારણો.

**(A) Openness** – એક દહીંનું તપેલું હતું. મોટું તપેલું. એને જાહેર ચોગાનમાં ખુલ્લુ મુકી દેવાયું. એ ગામમાં એક હજાર ભૂખ્યા કાગડા હતા. ૫૦ ભૂખ્યા કૂતરા હતા. રખડું ઢોરો ય ઘણા હતા. જીવજંતુનો ય પાર ન હતો. સવારથી સાંજ સુધી એ તપેલું એ ચોગાનમાં રહ્યું. ધારો કે કોઈ હજાર સોગંદો ખાઈને કહે કે, ''કોઈએ એમાંથી કશું પણ ખાધું નથી. એને એઠું સુદ્ધા કર્યું નથી'' તો કોણ એની વાત માને ?

**દીકરી એ ઘરનું ઘરેણું હોય છે. એ વેસ્ટર્ન ડ્રેસ પહેરે. ઉઘાડી થાય. એ ઢંકેલી છતાં ઉઘાડી હોય એવી પરિસ્થિતિ સર્જાય. સગા બાપની નજર બગાડે એવો એ સ્વાંગ હોય. શહેરમાં હજારો વરૂઓ ભૂખ્યા ડાંસ હોય, છાશ વારે નવજાત બાળકીઓ ને ડોશીઓ સુદ્ધા કુકર્મના ભોગ બનતા હોય, માણસ ગાંડોતૂર બની જાય, બેકાબુ બની જાય, તદ્દન જાનવર બની જાય એટલી હદના નિમિત્તો એના ખિસ્સામાં જ આવી ગયા હોય, ત્યારે તમે બચી જશો ? તમને ફસાવવા બદલ લાખો રૂપિયાના ઈનામોની જાહેરાતો થઈ હોય, તો ય તમે બચી જશો ? કોઈ હજાર સોગંદો ખાય તો ય માનવાનું જોખમ નહીં લેતા.**

દહીંને બચાવવાનો એક જ રસ્તો છે. એને ઘરમાં સુરક્ષિત રાખો. દહીં કાગડા-કૂતરા માટે નથી. દહીં ફેંકી/નાખી દેવા માટે નથી, દહીં જેની-તેની એંઠ બનવા માટે નથી. દહીં ખલાસ થઈ જવા માટે નથી.

**(B) Education System** – જે એજ્યુકેશન સિસ્ટમને તમે કમ્પલસરી સમજી લીધી છે, એ સિસ્ટમથી યુરોપમાં સ્કુલ્સની અંદર જ એબોર્શન

સેન્ટર્સ ખુલી ગયા છે. બેબી-સીટર્સ ખુલી ગયા છે. ત્યાં સ્કુલ્સની અંદર જ બધા સાધનો અપાય છે. સ્ટુડન્ટ્સના પરસ્પર પણ દુરાચારો ચાલે છે. ને ટિચર્સ સાથે ય ચાલે છે. ત્યાં જે ખુલ્લંખુલ્લા ચાલે છે તે અહીં ચોરી છુપે ચાલે છે. વેશ્યા બનવા કરતા... કોઈની મજૂરણ (જોબ) બનવા કરતા ઘરની રાણી બનવું શું ખોટું ? હાઈસ્કુલ અને કોલેજમાં જે ફક્ત ત્રણ દિવસ વીતાવે એ મા-બાપ ભૂલે-ચૂકે સંતાનને એમાં ન મુકે. જે એજ્યુકેશન તમારી લાઈફનો પાયો કહેવાય છે, એ જ એજ્યુકેશન તમારા જીવનની ઘોર ખોદી નાંખે છે. What's supirior ? Degree or your charactor ? આ systemમાં જવાનો સીધો અર્થ છે charactor નો જુગાર ખેલવો. આખી જિંદગીની સુખ-શાંતિ પર પૂર્ણવિરામ મુકી દેવું.

**(C) Job** - સ્ત્રી પ્રકૃતિની એક વિશેષતા છે કે એ બહુ જ લાગણીશીલ હોય છે. જે એની નજીક હોય, એના તરફ એ બહુ જલ્દી ઢળી પડે છે. એનો સ્વભાવ વેલ જેવો હોય છે.

**जं व तं व आसज्ज आसन्नं भयंति महिलाओ ।**

જેને-તેને પણ નજીક પામીને સ્ત્રીઓ એના પ્રત્યે પ્રેમ ધરાવતી થઈ જાય છે. ભલે એ તદ્દન વિપરીત સંસ્કારનો હોય, કાણો હોય, કૂબડો હોય, લંગડો હોય, કે તદ્દન ગરીબ હોય. ઈક્વિલિટીના નામે સ્ત્રી-જોબની હિમાયત કરવી એ સ્ત્રી પર એક પ્રકારનો અત્યાચાર છે. એક જણનો ખોરાક ૭૦૦ ગ્રામ હોય ને બીજાનો ૩૦૦ ગ્રામ હોય, તો બંનેને ૫૦૦-૫૦૦ ગ્રામ ખવડાવી દેવું, એને ઈક્વિલિટી કહી શકાય ? **ઊંટ અને પેંગ્વિન બંનેને મિડિયમ ટેમ્પરેચરે રાખી દેવા એને ઈક્વિલિટિ કહી શકાય ? મોરે ય મરચા ખાવા ને પોપટે ય મોરના પીંછા ભેરવવા એને ઈક્વિલિટી કહી શકાય ? પુરુષ-સ્ત્રીની શારીરિક-માનસિક પ્રકૃતિ જુદી છે, તો ય બે-એ સરખા કપડા પહેરવા ? સરખી મહેનત-મજૂરી કરવી ? એ માટે સ્વાસ્થ્ય-સલામતી-સુખ-પરિવાર-**

**માતૃત્વ બધાનો જુગાર ખેલી લેવો ? An earning woman is like a burning woman. યુગપ્રધાનાચાર્યસમ પૂ. ચન્દ્રશેખર મ. એ એક પુસ્તક લખ્યું હતું. એમાં નારીરક્ષાની ઘણી ઘણી વાતો લખીને એક વાત લખી હતી કે 'સ્ત્રી માટે જોબ કરવી ઉચિત નથી.' એક શિક્ષિકા બહેને એ પુસ્તક વાંચ્યું. એમને એ પુસ્તક ગમ્યું. પણ એમણે કહ્યું કે ''મહારાજ સાહેબની બીજી બધી વાત સાચી છે, પણ આ એક વાત બરાબર નથી.'' મને ખબર છે કે અમારે સામે પૂરે તરવાનું છે ને તમને તરાવવાના છે. તમને ગમતી-લોભાવતી વાત આખી દુનિયા કરે છે. તમારો સુખી થવાનો રસ્તો આ જ છે એવું બતાડવા માટે બધી જાતના પેંતરા કરે છે. અમારે તમને ગમતી નહીં પણ તમારા હિતની વાત કરવાની છે. તમે દુનિયાને પહેરાવેલા ચશ્માથી જોશો તો 'હિત'ને નહીં જોઈ શકો. તમે ન્યુટ્રલ થાઓ. રિયાલિટી જુઓ- ટ્રેન-બસમાં ભીંસાતી બહેનોને જુઓ, બોસને સરન્ડર થતી બહેનોને જુઓ, સહ-કર્મચારી સાથેના લફરામાં ફસાયેલી બનેનોને જુઓ. તેમના દ્વારા બ્લેકમેલ થઈ રહેલ બહેનોને જુઓ. ટેન્શન-ડિપ્રેશનના રસ્તે સુસાઈડ કરતી બહેનોને જુઓ, તો તમે જ કહેશો. "You are absolutely correct."**

પેલા શિક્ષિકા બહેન લેડીઝ-જોબની ફુલ ફેવરમાં હતા. એમણે તો એમનો ઓપિનિયન આપી પણ દીધો. પછી વર્ષો વીતી ગયા. એ બહેન પ્રિન્સીપાલ બન્યા. પછી એક વાર પૂજ્યશ્રીના એક શિષ્યને મળ્યા. એમણે કહ્યું, ''તે વખતે મેં આવું કહેલ, પણ અત્યારે મારા વર્ષોના અનુભવ પછી કહું છું કે પૂજ્યશ્રીની એ વાત પણ સાવ સાચી હતી. સ્ત્રીએ નોકરી કરવી હોય તો નારીવિનય અને કેરેક્ટરની બાબતમાં ઓછુ-વત્તુ કોમ્પ્રોમાઈઝ તો કરવું જ પડે છે.''

**હું ભણી છું તો જોબ કેમ ન કરું - આ વાતને તમે યુ ટર્ન આપીને ત્યાં લઈ આવો, મારે જોબ જ નથી કરવી તો હું શા માટે ભણું ? - તમારું આલંબન લાખો કન્યાને બચાવી લેશે.**

(D) Phone - ફોન એ કોમ્યુનિકેશન-ફેસિલિટી ગણાય છે. પણ આ જ ફેસિલિટી સ્ત્રીના શિકારીઓની શિકાર-ફેસિલિટી પણ બની જાય તો ? રોજ - Every નવી નવી હજારો દીકરીઓને ફસાવવાનું સાધન ફોન બની રહ્યું છે. જે APPમાં સ્ત્રીઓ સારી સંખ્યામાં સબ્સ્ક્રાઈબર્સ હોય, એમાં પુરુષો ય પડાપડી કરીને આવે છે. છેલ્લામાં છેલ્લી વાતો - ગંદામાં ગંદા ફોટોઝ-બીભત્સમાં બીભત્સ વિડિયો-માણસને જંગલી જાનવર બનાવી દે એવું બધું જ ફોનમાં હોય છે. તમારું મગજ સડી રહ્યું છે. તમે ડિપ્રેશનમાં જઈ રહ્યા છો. તમે રાતના ઉજાગરા કરી રહ્યા છો. તમે કંઈ પણ કરવા માટે નકામા બની રહ્યા છો. તમે એટલા નીચે ઉતરી ગયા છો કે તમે તમારી જ નજરથી પડી ગયા છો. તમારો કટ્ટર દુશ્મન કોઈ હોય તો એ ફોન છે. તમને બધી રીતે ખલાસ કરી દેવા માટે તદ્દન હલકી કક્ષાએ ઉતારનાર ખૂની કોઈ હોય તો એ ફોન છે. કેમ તમને એવું નથી થતું કે એને તોડી-ફોડીને ફેંકી દઈએ ? કેમ તમે એને જ બેસ્ટ ફ્રેન્ડ બનાવીને બેઠા છો ? એમાં પણ જ્યારે દીકરીઓના શિકારીઓ દ્વારા એના ભોળપણનો ગેરલાભ લઈને ફોન દ્વારા એને બરબાદ કરી દેવામાં આવતી હોય, તો ય આપણે આપણી ઘરેડમાં જ ચાલે રાખશું ? અમુક કોમમાં નાના-મોટા કોઈ પણ બહેનોને ફોન અલાઉડ જ નથી. હું તો કહું છું આવી ગંદી ગટર ભાઈઓએ ય ન રાખવી જોઈએ.

**(E) Freedom - તમને જે ફ્રીડમ લાગે છે તે હકીકતમાં તમારી ફ્રીડમ નથી, તમારા શિકારીઓની ફ્રીડમ છે. તમારી પૌત્રીની પૌત્રી એ રીતે જીવતી હશે, જે રીતે તમારા દાદીના દાદી જીવતા હતા. તમે બરાબર વચ્ચે છો. ફ્રીડમના નામે અસુરક્ષિત છો. પરિવાર-સંસ્કાર-મર્યાદા આ બધાના સુરક્ષાકવચને ખરા અર્થમાં ફ્રીડમ કહી શકાય. છતાં જેમને મૂર્ખ બનવું હોય એને આ જમાનાએ છૂટ આપેલી જ છે.**

આજની ફ્રીડમનો ખરો અર્થ છે કુંવારી મા બનવાની ફ્રીડમ. સગા

સંતાનની જન્મ પહેલા હત્યા કરી દેવાની ફ્રીડમ. મા-બાપને લોહીના આંસુ પડાવવાની ફ્રીડમ. સારા ઘરે પરણી ઠરીઠામ થઈ ઘરની રાણી બનીને રહેવાની બધી જ શક્યતાઓને સળગાવી દેવાની ફ્રીડમ. **એક દીકરી એના બોયફ્રેન્ડ સાથે એક વરસ હરી-ફરી. એણે એના ચારિત્રને ચૂંથી નાંખ્યું. એણે કશું ય કરવામાં બાકી ન રાખ્યું. એને એનો ખૂબ આનંદ હતો. એ આનંદ એણે એક સખી સાથે શેર કર્યો. એ સમજુ હતી, એણે કહ્યું, ''હવે તું એને કહે, કે એ તારી સાથે લગ્ન કરે.'' પેલીએ એમ કહ્યું, એટલે એ છોકરો બોલ્યો, ''તારા જેવી ચરિત્રહીન છોકરી મારા ઘરની વહુ થવા લાયક નથી.'' This is the real cost of freedom.**

**(F) Late Marriage** – યોગ્ય સમય કરતા ઘણા મોડા લગ્ન. સુરતમાં ૧૪ વર્ષની દીકરી બાથરૂમમાં હતી. બહાર એના ફોનનો ટોન વાગ્યો. એ અધવચ્ચે ટુવાલ પહેરીને બહાર દોડી આવી. સમજુ પિતાએ રાતે એના સૂઈ ગયા પછી એનો ફોન ચેક કર્યો. મેસેજ વાંચીને એમના પગ નીચેની ધરતી ખસી ગઈ... ''...... તારીખે મારો જન્મદિવસ આવી રહ્યો છે. મને તારા તરફથી બર્થ ડે ગિફ્ટ તરીકે બીજી કોઈ વસ્તુ નથી જોઈતી. મને જોઈએ છે તારું શરીર... તારું યૌવન... તારું સૌન્દર્ય... સાથે મારો ફ્રેન્ડ પણ હશે, એને પણ સંતોષવા તૈયાર રહેજે.'' એ પિતાને વધારે આઘાત તો ત્યારે લાગ્યો, જ્યારે એમણે દીકરીનો જવાબ જોયો. ''હું એ દિવસની કલ્પનાથી પણ રોમાંચિત થઈ જાઉં છું, તારા જન્મદિવસનો મને ઈંતજાર રહેશે.''

કેબિનેટે દીકરીઓની લઘુતમ લગ્ન વય ૨૧ કરી દેવાનો નિર્ણય લીધો છે. તે સંદર્ભમાં ભારતભરની કરોડો કન્યાઓએ કેબિનેટને પત્ર લખવો જોઈએ કે, ''એક જણને ભૂખ લાગી છે. એને સમજાવી-પટાવી-ધમકાવી ગમે તે રીતે ઉપવાસ કરાવાય છે. બીજા દિવસે એને કકડીને ભૂખ લાગી છે. એ દિવસે ય એને ઉપવાસ કરાવાય છે. ત્રીજા દિવસે ય એ જ દશા. તો પછી શું થશે ? ચોથા દિવસે એ વગર

આનાકાનીએ ઉપવાસ સ્વીકારી લેશે. પાંચમા દિવસે એ જરા હસીને ઉપવાસ સ્વીકારી લેશે. છટ્ઠા દિવસે એને બહુ આગ્રહ કરીને પૂછવામાં આવશે તો કદાચ એ કહી દેશે, ''તમારે જેટલા ઉપવાસ કરાવવા હોય એટલા કરાવો. હું તો ચોરી-છૂપે ખાઈ લઉં છું. હું ક્યાં સુધી ભૂખ્યો રહી શકું ?''

બસ, આ જ સ્થિતિ અમારી છે. કુદરતી ગોઠવણ મુજબ વિષયભોગ માટે અમે ૧૨ વર્ષની ઉંમરે ભૂખ્યા થઈ જઈએ છીએ. તમે ચલાવેલ અંધેર નગરીના પ્રસાર માધ્યમો વગેરેથી અમને હજી વહેલી ભૂખ લાગવાની શરૂ થઈ ગઈ છે. તમે ૧૮ વર્ષની મર્યાદા રાખેલ એ ય તમારી મુર્ખામી જ હતી. હવે ૨૧ની કરીને તમે મહામૂર્ખામી કરી છે. અમે કયાં સુધી ભૂખ્યા રહી શકવાના ? પછી ચોરી-છૂપે... સમજી ગયા ને ? એક લિગલ-વે હતો, જે તમે બંધ કરી દીધો, તો પછી ઈલિગલ-વે ચાલુ થશે. ઘરે ઘરે વેશ્યા/કુલટા પાકશે. કરોડો મા-બાપ માથું કૂટશે, સ્વસ્થ સુખી વિવાહિત જીવન-તેજસ્વી સંતાન-માનસિક પ્રસન્નતા આ બધું જ એક ભૂતકાળ બની જશે. માતા મૃત્યુ દર ઘટાડવા જતા તમે ચારિત્ર મૃત્યુ દર અને ઘર મૃત્યુ દર વધારી દેશો આનું તમને ભાન થાય છે ખરું ?

**મોડા માતૃત્વથી અમને અને અમારા સંતાનોને અનેક રોગો થાય, યા સંતાન થાય નહીં, યા જીવે નહીં, યા મુશ્કેલીથી જીવે - એનો તમને ખ્યાલ ખરો ? તમે હા કે ના જે પણ કહો, અમારે એટલું જ કહેવું છે કે તમારું આ ડહાપણ બંધ કરી દો.''**

***Secret No.4*** - **દવા** - દવા એક જ છે.

ભારતીય સંસ્કૃતિની પારંપરિક વ્યવસ્થા. અહીં નિદાનમાં જે જે વસ્તુ કહી એનાથી ઊંધી પરિસ્થિતિ. દા.ત.ભારતની સુપ્રીમ કોર્ટમાં એક કેસ આવ્યો હતો. કેસની ડિટેઈલમાં તો ન જઈએ, પણ એનું જજમેન્ટ આ મુજબ અપાયું હતું. ''૧૫ વર્ષની કન્યા કુંવારી માતા બને એના કરતા એ પરણી જાય એ વધુ ઉચિત છે.'' મને આટલી ટિપ્પણી

કરવાનું મન થાય, ‘‘આ જજમેન્ટ એક કન્યા માટે અપાયું એની બદલે દેશની કરોડો કન્યાઓ માટે અપાયું હોત, તો એ વધુ ઉચિત હોત.’’

છગન ખૂબ ખૂબ ખૂબ નબળો થઈ ગયો હતો, એ ડોક્ટર પાસે ગયો. ડોક્ટરને પણ દયા આવી ગઈ. ડોક્ટરે બે સીરપ લખી આપી. છગન ફરી અઠવાડિયા પછી આવ્યો. એવો ને એવો દેખાતો હતો. ડોક્ટરે પૂછ્યું, ‘સીરપ પીધી ?’ છગન કહે, ‘ક્યાંથી પીઉં ? મારાથી એના ઢાંકણા જ ન ખુલ્યા ને !!!’ રોગ થઈ ગયો - કબૂલ જ છે, પણ જો તમે એટલા નબળા થઈ ગયા કે દવા ય ન લઈ શકો, તો પછી મરવાનો એક જ વિકલ્પ બાકી રહે છે.

તમને ખબર પડી કે તમારી દીકરી કે તમારી બહેન એકદમ લાગણીશીલ છે. હવે તમારે શું કરવું છે ? તમે એને બચાવવા કશું કરી શકો એમ નથી ? એક પ્રોગ્રામમાં એક વિધર્મી વેઈટર હતો. એક કન્યાને જોઈએ એ ખાવાનું લાવી આપતો હતો. પ્રોગ્રામ પત્યો ને એ કન્યા એની સાથે ભાગી ગઈ. એક જણે ઘણી ઘણી દીકરીઓને ફસાવી હતી. એક રિપોર્ટરે એનો ઈન્ટરવ્યૂ લીધો. અલબત્ત જેલમાં. એને પૂછવામાં આવ્યું, ‘‘તે આટલી બધી છોકરીઓને કેવી રીતે ફસાવી ?’’ એ કહે, ‘‘હું એમના રૂપની પ્રશંસા કરતો હતો.’’ એક કરોડપતિની દીકરી ય ૧૦૦-૨૦૦ ગિફ્ટથી ફસાઈ શકે છે. એક હાઈ સ્કોલર દીકરી નાનકડી પ્રશંસાથી ફસાઈ શકે છે. આપણા ઘરેણા પર આટલું મોટું જોખમ છે. બોલો હવે શું કરવું છે ?

આ પ્રવચન ફક્ત લક્ષણ, રોગ, નિદાનની ચર્ચા માટે નથી. આ પ્રવચન ફક્ત વાતો કરવા માટે નથી. આ પ્રવચન દવા માટે છે. લાખ રૂપિયાની વાત એ છે કે તમારે દવા લેવી છે કે નહીં ? અહીં બેઠેલી દરેક વ્યક્તિ જો આટલું નક્કી કરે કે -

**(૧) હું વેસ્ટર્ન ડ્રેસ નહીં પહેરું.**

**(૨) હું માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ નહીં લઉં. લેવું જ પડે**

**તો એના સલામત વિકલ્પો પસંદ કરીશ, પણ સ્કુલ-કોલેજ નહીં જાઉં.**

**(૩) હું પ્રાથમિક શાળા સિવાય સ્કુલ-કોલેજ ગયેલ વ્યક્તિ સાથે લગ્ન નહીં કરું.**

**(૪) હું ડિગ્રીધારી/વેસ્ટર્ન પહેરતી/સેપરેટ ફોનવાળી કન્યા સાથે લગ્ન નહીં કરું.**

**(૫) હું તત્ત્વજ્ઞાન ભણેલ-સુશીલ-સંસ્કારી પાત્ર સાથે જ લગ્ન કરીશ.**

ડિગ્રીની ડિમાન્ડ એ કોલેજમાં ૧૧ કરોડનું દાન આપવાની ચેષ્ટા છે. ડિગ્રીની ડિમાન્ડ એ હજારો કન્યાઓને શીલ અને સુખી જીવનનો જુગાર ખેલાવવાની ચેષ્ટા છે. ડિગ્રીની ડિમાન્ડ એ હજારો કન્યાઓને કતલખાને ધકેલવાની ચેષ્ટા છે. ડિગ્રીની ડિમાન્ડ એ હજારો શિકારીઓને શિકાર આપવાની ચેષ્ટા છે.

તમે વિચારો કે 'વાત બધી સાચી, પણ મારા માટે નહીં, આપણાથી આખા સમાજને સુધારવાનો ઠેકો લઈ શકાય તેમ નથી. આપણે આપણું જોવાનું. કોલેજમાં ન જઈએ તો કેવા લાગીએ ? મર્યાદાવાળા કપડાંમાં કેવા લાગીએ ? તત્ત્વજ્ઞાન ડિમાન્ડ કરીએ તો કેવા લાગીએ ? ના... ના... આ બધી વાતો વ્યાખ્યાનમાં બરાબર છે. લાઈફમાં આ બધું પ્રેક્ટીકલ નથી. ભલે ગમે તે પહેરીએ, ગમે તેમ હરીએ ફરીએ, કોલેજને જ તત્ત્વજ્ઞાન માની લઈએ, આપણાથી આવું બધું ઊંચું ઊંચું કરવું શક્ય નથી.' તો સમજી લો કે એક દિવસ તમને ય જ્ઞાન આવશે, મારી વાત માનશો તો તો તમે મને યાદ કરશો જ. મારી વાત નહીં માનો, તો પણ મને યાદ કરશો. પણ ત્યારે રાઈના ભાવ રાતે વીતી ગયા હશે. ત્યારનું ડહાપણ રાંડ્યા પછીનું ડહાપણ હશે.

**ખરો સવાલ સમાજને સુધારવાનો કે બચાવવાનો છે જ નહીં. ખરો સવાલ તમારી જાતને બચાવવાનો છે. ધુમાડો ગમે તેટલો હોય, તમે ઓક્સિજન સિલિન્ડર રાખીને તમારો જીવ બચાવી શકો છો. બધા ધુમાડો**

**ખાય એ કાંઈ આપણે ય ધુમાડો ખાવાનું કારણ નથી. આપણે એકલા સિલિન્ડર રાખ્યું હશે, તો કેવા લાગશું ? આ પ્રશ્ન વધુ મહત્ત્વનો છે ? કે આપણે જીવવું છે કે મરવું છે ? આ પ્રશ્ન વધુ મહત્ત્વનો છે ?**

છગનને એક વાર પેટમાં સખત દુઃખાવો ઉપડ્યો. એ દોડ્યો. હોસ્પિટલમાં પહોંચ્યો. ડોક્ટરે કહ્યું, ''હમણાં ને હમણાં ઓપરેશન કરવું પડશે.'' સ્ટાફમાં ધમાલ મચી ગઈ. બારમી મિનિટે તો ઓપરેશન ચાલુ થઈ ગયું. છત્રીસ મિનિટ ઓપરેશન ચાલ્યું. ડોક્ટર એમની કેબિનમાં આવી હાશ કરીને બેઠા. નર્સે પૂછ્યું, 'ઓપરેશન તરત ન થયું હોત તો શું થાત ?' ડોક્ટરે કહ્યું, 'મટી જાત.'

મારે તમને કહેવું છે કે તમારો દુઃખાવો એમને એમ તો મટે એમ નથી જ. એ ગોળી કે ઉકાળાથી ય મટે એમ નથી. એના માટે operation is must. ને છતાં તમારે છટકબારી શોધવી હોય તો તમારી મરજી. પણ એ છકટબારી તમારા માટે મોતનું દ્વાર બની રહેશે.

***Secret No. 5*** - **પથ્ય.** આપણે ત્યાં એક કહેવત છે -

**પથ્ય જો પાળે રોગી તો ઔષધનું શું કામ ?**
**પથ્ય ન પાળે રોગી તો કરે ઔષધ શું કામ ?**

અમદાવાદમાં એક વૈદ ચરીનું છાપેલું કાગળ રાખે છે. તેમાં તમારે કઈ કઈ ચરી પાળવાની તે માર્ક કરીને આપે છે. તે કાગળમાં એક વાક્ય છાપેલું હોય છે. 'જો ચરી ન પાળો તો દવાનો કોઈ અર્થ નથી.' આશય એ છે કે અમે આપેલી દવા ત્યારે જ કામ કરશે જ્યારે તમે પથ્ય પાળ્યું હશે.

પાંચમું સિક્રેટ છે પથ્ય. (૧) પહેલું પથ્ય છે - **હર્યું ભર્યું ઘર. યોગીને એકાન્તમાં રામ જડે અને ભોગીને એકાન્તમાં કામ જડે. માણસને માણસ રહેવા માટે હર્યું ભર્યું ઘર જોઈએ છે. એકાન્તમાં એ જાનવર થઈ જાય છે. જાનવર પાસે કદી સુખી ઘર-સંસાર હોતો નથી. કારણ કે એની**

**પાસે ઘર-સંસાર જ હોતો નથી. લગ્ન માટે કેવું ઘર જોવું ? ખાલી હોય એ ? એકલો મુરતિયો રહેતો હોય એ ? એ મૂર્ખામી છે.**

મુંબઈમાં એક કન્યા પાસે બે ચોઈસ હતી. એક છોકરો સંયુક્ત પરિવારમાં રહેતો હતો. દાદા-દાદી, પપ્પા-કાકા - બધા સાથે. બીજો છોકરો એકલો રહેતો હતો. છોકરીએ વિચાર્યું કે મને સંયુક્ત પરિવાર નહીં ફાવે. એણે એકલાને પસંદ કર્યો. લગ્ન થઈ ગયા. એ છોકરો એકલો રહી રહીને બગડી ગયો હતો. બે-ત્રણ છોકરી સાથે એના લફરા ચાલતા હતા. એમાંથી અમુક છોકરી ઘરે ય આવવા લાગી. ઘરે રોજના ઝઘડા ચાલુ થઈ ગયા. એ છોકરી એ છોકરાને આગ્રહ કરવા લાગી કે એ તેને ડિવોર્સ આપીને પોતાની સાથે મેરેજ કરે. બીજી બે છોકરી એને કુંવારો સમજીને એને વારંવાર મેરેજની વાત કરતી હતી. **રોજ રોજના ઝગડાથી બંને જુદા જેવા તો થઈ જ ગયા હતા. ફોન પર એ છોકરી આખો દિવસ ન જોવાનું જોયા કરતી હતી. છોકરો જોબ પર જાય, એટલે ઘર ખાલી. જેમ ખાલી મન એ શેતાનનું કારખાનું હોય છે, એમ ખાલી ઘર એ પણ શેતાનનું કારખાનું હોય છે. એ છોકરીએ પોતાના પરનો કાબુ ગુમાવ્યો. વોચમેનને ઘરે બોલાવીને પોતાની જાતે શીલભ્રષ્ટ થઈ. છોકરો જોબના કારણે બહારગામ હોય ત્યારે લાંબા લાંબા સમય સુધી વોચમેન ઘરે રહેવા લાગ્યો. પડોશીઓ દ્વારા છોકરાને ખબર પડી. ઝગડો ચરમસીમાએ પહોંચ્યો. છોકરી ગુસ્સામાં બોલી ગઈ કે તે ત્રણ છોકરી સાથે કર્યું છે તો મેં પણ વોચમેન, પોસ્ટમેન અને કોલેજના બોયફ્રેન્ડ સાથે કર્યું છે. છૂટાછેટાનો કેસ ચાલ્યો, બંને જુદા થયા.** પેલી ત્રણના મા-બાપે સાફ ના પાડી દીધી. છોકરીના પપ્પા નવા છોકરા જોવા લાગ્યા. વોચમેને બ્લેકમેઈલિંગ ચાલું કરી દીધું. પોસ્ટમેન જ્યાં જ્યાં એ છોકરીની વાત ચાલે ત્યાં પહોંચી જવા લાગ્યો. કોલેજનો બોયફ્રેન્ડ તો પરણેલો જ હતો. પણ એને લફરા ચાલુ રાખવા હતા. એમાં છોકરીના ભાઈએ એ બોયફ્રેન્ડ પર હાથ ઉપાડ્યો એટલે એણે એનું મર્ડર કરી દીધું. એ જેલમાં ગયો. એમાં સાથ આપવાના કારણસર

છોકરી જેલમાં ગઈ. પેલી લફરાવાળી ત્રણ છોકરીઓમાંથી એકે છંછેડાઈને છોકરા પર ખરાબ આરોપ લગાડી કેસ ઠોકી દીધો. એ જેલમાં ગયો. વકીલો કમાતા ગયા, ઘરની મૂડી ય સાફ થઈ ગઈ.

પથ્ય પાળો. સંયુક્ત પરિવાર વિના યોગી જ સીધા રહી શકે. તમે નહીં. સેપરેટનેસની આઝાદી બહુ મોંઘી છે. એ પરવડે એવી જ નથી. કદાચ એ પશુને પરવડે, તમને નહીં.

(૨) બીજું પથ્ય છે **સારું ગ્રુપ** - જે પીતું ન હોય, જે ભ્રષ્ટ ન હોય, જે ખરાબ જગ્યાએ જતું ન હોય, ને જે ખરાબ પ્રેરણા ન કરતું હોય. જે ધાર્મિક અને સંસ્કારી હોય.

સુરતમાં એક ગ્રુપમાં દશ કપલ હતા. તેઓ દુબઈ ફરવા ગયા. ત્યાં હોટલમાં તેમણે પત્નીઓની અદલા-બદલી કરી. પાછા આવ્યા પછી એક જણ એના મિત્રની પત્ની, જેના પર એને મોહ થઈ ગયો હતો. એની પાસે આવ્યો, ખરાબ માંગણી મુકી. પેલીએ નકારી. પેલાએ આગ્રહ કર્યો. એ પત્નીના પતિને ખબર પડી. એ દોડી આવ્યો. અને એ મિત્રનું મર્ડર કરી દીધું. બે પરિવાર રાતોરાત નરકમાં આવી ગયા.

**જો તમે સારા ગ્રુપનો અર્થ શોખીન ગ્રુપ કરો છો, તો તમે મૂરખા છો. જો તમે સારા ગ્રુપનો અર્થ પાપી ગ્રુપ કરો છો તો તમે મૂરખા છો. જો તમે સારા ગ્રુપનો અર્થ મોડર્ન ગ્રુપ કરો છો, તો તમે કશું સમજ્યા નથી. તમે એમની સાથે જ સુખી થઈ શકશો, જેમનામાં ધાર્મિકતા હશે, તમે એમની સાથે જ સુખી થઈ શકશો, જેઓ પાપથી ડરતા હોય, જેઓ ભગવાનથી ડરતા હોય. જિંદગીમાં તમારે સુખી થવું હોય તો બે જણાથી ડરો - (૧) ભગવાનથી (૨) જે ભગવાનથી નથી ડરતો એનાથી.**

તમે ધાર્મિક છો/નથી/પાપી છો/કેવા છો એ બધા મુદ્દા ભૂલી જાઓ. સુખી થવું છે ? તો નક્કી કરો હું લગ્ન પણ ધાર્મિક સાથે જ કરીશ અને ગ્રુપ પણ ધાર્મિક જ રાખીશ.

અઠવાડિયા પહેલા અમદાવાદથી એક ભાઈ મને મળવા આવ્યા.

એમણે એક સરસ સત્કાર્ય શરૂ કર્યું હતું. એમાં સમય ફાળવવાની આવશ્યકતા હતી. મેં કહ્યું, 'તમે અને તમારા દશ મિત્રો એમાં રજાના દિવસે એક એક કલાક ફાળવી શકો ?' મને કહે, 'કોઈની પાસે ટાઈમ નથી.' મેં એમને હસીને પૂછ્યું, 'સંસારમાં તમારા એવા દશ જણ પણ નથી જે તમારા કહેવાથી અઠવાડિયે કલાક પણ આપી શકે, તો તમે શા માટે સંસારમાં બેઠા છો ?'

**તમને પાપની પ્રેરણાઓ કરનારા ને પાપમાં તમારી સાથે જોડાનારા તમારી તકલીફ વખતે તમારી સાથે ઊભા હશે ખરા ? તમે એ પાપોના ફળ ભોગવતા નરકમાં ચીસાચીસ કરતા હશો, ત્યારે તો તેઓ તમને નહીં જ બચાવે, તમે એ પાપોનું ફળ ભોગવતા કતલખાને કપાતા હશો, ત્યારે તો એ તમને નહીં જ બચાવે. આ જનમમાં ય તમે આર્થિક સંકટમાં ફસાઈ ગયા હશો, હેલ્થનો કે ફેમિલિનો મોટો પ્રોબ્લેમ આવીને ઊભો રહ્યો હશે, ત્યારે ય એ તમને બચાવવાના નથી.** કોઈ કવિએ દર્દીલી વાત કરી છે –

**મને હતું કે મુસીબતમાં બધા જ મિત્રો પરખાઈ જશે,**
**પણ અફસોસ કે કોઈ મળ્યા જ નહીં.**

કોઈ કવિએ હજી આગળની વાત કરી છે –

**વિશ્વાસ રાખ કે એ જ દફનાવશે તને**
**કોણે કહ્યું કે દોસ્તને તારી કદર નથી ?**

કોઈ કવિએ હજી આગળની વાત કરી છે –

**જીવો તો કરે દાટવાની જ વાત**
**મરો તો દફન કરવા આવે નહીં.**

ને જેણે દોસ્ત જ નહીં પત્ની પણ અધાર્મિક જ પસંદ કરી છે, એને એક કવિએ ચોક્ખું સંભળાવ્યું છે –

**સચવાય તો ખમીસની બાંયો સાચવી રાખ**
**આંસું લૂછવા અહીં પાલવ નહીં મળે.**

મહાભારત કહે છે - **यतो धर्मस्ततो जयः ।**

વિજય તો એનો જ થવાનો જે ધાર્મિક હશે. પાપીઓએ પસ્તાવાના આંસું સારવા પડશે. એનું તળાવ ભરાઈ જશે, પણ એમના દુઃખોનો આરો નહીં આવે.

## *Secret No. 6* - અપથ્ય ત્યાગ.

ગાંડપણ એ અપથ્ય છે. આજની છોકરીઓના ચાર ગાંડપણ છે ને આજના છોકરાઓના ચાર ગાંડપણ છે. બોલો પહેલા કોની વાત કરું ? ચાલો, લેડીઝ ફર્સ્ટ. પહેલા છોકરીઓના ચાર ગાંડપણ જોઈએ -

**(૧) મેટ્રોસીટી જોઈએ** - એક છોકરાનો પરિવાર/ધંધો બધુ જ ક્યાંક સેટ થયેલું છે. તમારી માંગણી સંતોષવા એણે બધુ ચોપટ કરીને બીજે રહેવા જવાનું. પછી તમે એને પરણો. એણે ત્યાં નવેસરથી સંઘર્ષ કરવાનો. આ સંઘર્ષ સાથે તમે સુખી સંસારની અપેક્ષા રાખો છો આ ગાંડપણ નહીં તો શું છે ?

**મુંબઈની કમાણી મુંબઈમાં સમાણી, આ કહેવત દરેક મેગાસીટીને લાગુ પડે છે. તમારા પતિએ ગધેડા થવું પડે, ભલું હોય તો તમારે ય સાથે ગધેડી થવું પડે. શિક્ષણ તંત્ર, ચિકિત્સા તંત્ર, મોંઘા ઝેરવાળા શાક, કેન્સર કરનારું નકલી દૂધ, રોગચાળા. આ બધાને તમારી મજૂરીના પૈસા ધરી દેવા પડે. વરસો પછી ય કાંઈ સિલક ન રહે ને કંઈક હોય એ ય એક સાથે ચાઉ થઈ જાય એવું તમારે કેમ કરવું જોઈએ ?**

અમારા ચેન્નાઈના મુમુક્ષુએ હમણા વાત કરી. 'મારા દાદી ચેન્નાઈમાં ખાટલાવશ જ હોય અમે એમની સેવા કરતા હોઈએ. હમણા દીક્ષા પર અમે દાંતરાઈ (મારવાડ) ગયા હતા. ત્યાં મારા દાદી આખો દિવસ ઘરમાં દોડાદોડ કરીને કામકાજ કરતા હતા.' તમે કોરોનામાં તમારો ઓક્સિજન માપતા હતા. તમારી હેલ્થનું સર્વસ્વ કાંઈ હોય તો એ ઓક્સિજન છે. જેની મેગાસિટીમાં હંમેશા સ્કેરસીટી હોય છે. ત્યાં પોલ્યુશન પીક

પર હોય છે. જીદ કરીને ત્યાં જ જવું એથી વધુ બીજું કયું ગાંડપણ હોય ? ભલે હવે પાછા વતનમાં ન જઈ શકાય. પણ મિડિયમમાં ય વાંધો હોય એનો અર્થ શું ? સીટી જ જોઈએ છે એનો સીધો અર્થ એ છે કે અમારે અમારા સુખની સીટી વગાડી દેવી છે. આ ગાંડપણ નહીં તો બીજું શું છે ?

હું તમને નથી ઝાટકી રહ્યો, તમારા પરની ધૂળ ઝાટકી રહ્યો છું. ભારતના બેનમુન જિનાલયોના મૂળમાં શ્રાવિકાની સમર્પણભાવના રહેલી છે. આપણે ત્યાં એક અનુપમા નામની શ્રાવિકા થઈ ગયા. જેમની સમર્પણભાવનાથી આબુ દેલવાડાનું બેનમુન જિનાલય તૈયાર થયું. આપણે ત્યાં એક હરકોરબા નામના શ્રાવિકા થઈ ગયા, જેમની સમર્પણ ભાવનાથી અમદાવાદ-હઠીસિંહની વાડીનું અદ્ભુત જિનાલય તૈયાર થયું. આપણે ત્યાં એક રતનબહેન નામના શ્રાવિકા છે, જેમની સમર્પણ ભાવનાથી રાજસ્થાન-પાવાપુરીનું અલૌકિક જિનાલય ખડું થયું છે. આ સિવાય પણ હજારો જિનાલયો એવા છે જેમના નિર્માણમાં સીધી કે આડકતરી રીતે પણ કોઈને કોઈ શ્રાવિકાની સમર્પણ ભાવના કામ કરી ગઈ હતી.

**જિનશાસનની શ્રાવિકાએ બેનમુન તીર્થોના સર્જનો કર્યા છે. જિનશાસનની શ્રાવિકાએ અદ્ભુત જિનાલયોના સર્જનો કર્યા છે. આજે એ જ જિનશાસનની શ્રાવિકા તીર્થો ને જિનાલયોને જમીનદોસ્ત કરી દેવાની જીદ લઈને બેઠી છે. જ્યાં ભૂતકાળમાં પૂજાની લાઈનો લાગતી હતી ત્યાં આજે જિનાલયો ભેંકાર બનતા ગયા. આખો ય પવિત્ર પરિસર વિધર્મીઓથી ઘેરાતો ગયો. ચારે બાજુથી ભૂંગળાના ઘોંઘાટો થવા લાગ્યા. જે ઘરમાં સામાયિકો થતી હતી એ ઘરમાં માછલા રંધાવા લાગ્યા. જે ઘરમાં પ્રતિક્રમણો થતા હતા એ ઘરમાં ઈંડા બફાવા લાગ્યા, જે ઘરમાં અટ્ઠમ, અટ્ઠાઈ ને માસખમણની તપસ્યાઓ થતી હતી એ ઘરમાં મટન રંધાવા લાગ્યું. જે ઘરમાં કદાચ ઘર દેરાસર સુદ્ધા હતું, એ ઘરમાં ચિકન રંધાવા લાગ્યું.**

હવે એ જિનાલયનું શું ? પ્રભુભક્તિનું શું ? જિનાલયની સુરક્ષાનું શું ? આ પ્રશ્ન હું તમને નથી પૂછતો, હું તો તમને એમ જ પૂછું છું કે હવે તમારું શું ? એક જિનાલયને વેરાન કરીને - એક જિનાલયને ભેંકાર કરીને, એક જિનાલયને અશુભતા અને અપવિત્રતાથી ઘેરીને, એક જિનાલયને સાવ જ જોખમમાં મુકીને જે ઘરસંસાર માંડવા તમે જઈ રહ્યા છો, એ ઘરસંસારમાં સુખની કોઈ પણ શક્યતા રહેશે ખરી ? આવતી કાલે એ જિનાલય મસ્જિદ બની શકે છે. કોઈનું ઘર કે દુકાન બની શકે છે. ખંડેર કે કાટમાળ બની શકે છે. બહુ સીધા શબ્દોમાં કહી શકાય, કે મને મેટ્રોસીટી જ જોઈએ કે મને અમુક જ એરિયા જોઈએ, એ સિવાય હું નહીં પરણું, આનો સીધો અર્થ એક જિનાલયને જમીનદોસ્ત કરવો એ જ છે. ને એક જિનાલયને જમીનદોસ્ત કરી એના પર ઘરસંસાર માંડવા જવામાં દુઃખી દુઃખી થઈ જવા સિવાય બીજી કોઈ જ સંભાવના નથી.

**હર્યું ભર્યું ઘર, વેલસેટ પરિવાર, ધીકતો ધંધો, સંઘર્ષથી મુક્તિ, મોકળાશભરી જગ્યા, લાગણી, આત્મીયતા, શાંતિ, સંપન્નતા, સોંઘવારી - આ બધું પણ મેગાસિટીની મેડનેસને છોડવામાં જ છે અને જિનશાસનની વફાદારી, ઉચ્ચ પુણ્યપ્રાપ્તિ તથા ઘોર પાપથી મુક્તિ પણ આ મેડનેસને છોડવામાં જ છે, તો પછી શા માટે આ મેડનેસને પકડી રાખવી ?**

તમારો ભાવ છે જિંદગીમાં એક ભગવાન ભરાવવા છે, તમારો ભાવ છે જિંદગીમાં એક દેરાસર બનાવવું છે. કદાચ ભવિષ્યમાં તમે આ સપનું પૂરું કરો તો ય જ્ઞાનીઓની દૃષ્ટિમાં એનું કેટલું મૂલ્ય રહેશે... જો તમે પહેલાથી જ એક જિનાલયને જમીનદોસ્ત કરીને બેઠા હશો, એની બદલે પહેલાથી તમે આ દૃષ્ટિકોણ સાથે જ પરણશો, તો એક નહીં અનંત દેરાસર બનાવવાનું પુણ્ય મળશે કારણ કે રક્ષાનું પુણ્ય અનંતગણું કહ્યું છે - **ऽणंतगुणं पालणे होइ ।**

**(૨) મને હાઈ પેકેજવાળો છોકરો જોઈએ - હાઈ પેકેજ માટે હાઈ ડિગ્રી મેળવવી પડે, એ માટે હાઈ સ્ટ્રગલ કરવો પડે. એમાં શરીર અને**

**મગજ ઘસાઈ ગયા હોય, હાઈ ડિગ્રી માટે હાઈ ટાઈમ સ્પેન્ડ કરવો પડે, એમાં છોકરો અડધો ઘરડો થઈ ગયો હોય, હાઈ ડિગ્રી માટે કોલેજ/હોસ્ટેલ/ક્લાસિસમાં ઘણો ટાઈમ સ્પેન્ડ થઈ જાય, ત્યાં વડીલોની છત્ર છાયા વગર એ છોકરો ગંભીર વ્યસનો અને કુટેવોનો ભોગ બની ગયો હોય આવી પણ શક્યતા છે, એના વરસોથી લફરા ચાલતા હોય આવી પણ શક્યતા છે. ને એ શરીરથી ખલાસ થઈ ગયો હોય આવી પણ શક્યતા છે. તો પછી એની ડિમાન્ડ એ ગાંડપણ નહીં તો બીજું શું છે ?**

કોઈ કંપની ગાંડી નથી કે એમ ને એમ ઉદારતાથી હાઈ પેકેજ આપી દે. કંપની એ છોકરાને દેશ-વિદેશમાં રખડપટ્ટી કરાવવાની, ઓવરટાઈમ કરાવવાની, સતત સ્ક્રીન પર બેસાડવાની, આંખના રોગો લાવવાની, ડોકના રોગો લાવવાની, બ્રેઈન કેન્સર સુધીના જોખમો નોતરવાની. ગમે ત્યારે પાણીચું પકડાવી દેવાની ને કદાચ થોડું લાંબુ રાખે તો ય ચાલીશ વર્ષની ઉંમરે તો પેલાને ઘરડો બનાવી દેવાની. બોલો, હાઈપેકેજ તમને પરવડશે ને ?

કોર્પોરેટ કલ્ચરમાં ઘરાક વગેરે સાથે દારૂ પીવો ફરજિયાત પણ હોય છે. સ્ત્રી-કર્મચારીને મળવાનું થાય ત્યારે એને ભેટવું એ મેનર ગણાય છે. હજી અમને અહીંથી બોલતા શરમ આવે એટલા સુધી નીચે ઉતરવું એ ત્યાંનો ઊંચો શિષ્ટાચાર ગણાય છે. હાઈપેકેજની કોસ્ટ ફક્ત જુવાની ને સ્વાસ્થ્ય જ નથી. હાઈપેકેજની કોસ્ટ મહિનામાં ૧૫/૨૦/૨૫ દિવસ પતિના દર્શન જ ન થાય એ જ નથી. હાઈપેકેજની કોસ્ટ પતિ ખુદ પણ છે. બોલો, પરવડશે તમને ?

**(૩) મને શોખીન જોઈએ** - એટલે કે ચાંલ્લો, ચોવિયાર, ચરવળો ન જોઈએ. જેને જમાનાનો રંગ પૂરેપૂરો લાગી ગયો હોય, જે જિન્સ પહેરતો હોય, રાતે રખડતો હોય, હોટલ-લારીએ ખાતો હોય, ટૂંકમાં જે પાપોમાં પૂરો હોય એવો મને જોઈએ.

છગન એક વાર પાગલખાનામાં ગયો. એક રૂમમાં એણે જોયું તો

એક જણ બહુ સિરિયસલી વાત કરી રહ્યો હતો. છગનને થયું આ પાગલ ન જ હોઈ શકે. છગનને બહુ આશ્ચર્ય થયું. એ એ રૂમમાં અંદર ગયો ને સમાધાન થઈ ગયું. એ પાગલ હવા સાથે વાત કરી રહ્યો હતો. જેના માટે એ વાર્તાલાપ હતો એ ત્યાં ન હતો. તમારી શોખીનની બધી જ મેડનેસ સુખ માટે છે. પણ એ ત્યાં નથી. શોખીન સાથે સુખ હોતું જ નથી, માટે જ આ મેડનેસ છે.

સુરતની એક છોકરીએ આવો છોકરો પસંદ કર્યો, એને પસંદ કરતા પહેલા એ ત્રણ ચોવિયારવાળાને ના પાડી ચૂકી હતી. છેવટે એને જોઈતો'તો એવો રંગીન છોકરો મળ્યો. લગ્નનો મહિનો થયો ને પેલાએ એનું પોત પ્રકાશ્યું. અડધી રાત સુધી ઘરે આવ્યો નહીં, પેલી રાહ જોઈ જોઈને થાકી. માંડ ઘરે આવ્યો, દરવાજો ખોલતાની સાથે પેલીને દારૂની ભયંકર વાસ આવી. એ હેબતાઈ જ ગઈ. એનાથી બોલાઈ ગયું, 'તે દારૂ પીધો છે ?' ને પેલાના મગજની કમાન છટકી. બિચારીને ઢોર માર માર્યો. ગાળો બોલતો જાય ને મારતો જાય. પેલી રાતોરાત નરકમાં આવી ગઈ. રોજ રાતે પેલો રખડે, લફરા કરે, દારૂ ઢીંચે ને ઘરે આવીને પેલી પર પાશવી અત્યાચારો કરે.

**જે ધર્મને વફાદાર ન રહે એ તમને શું વફાદાર રહેવાનો હતો ? તમે શોખીન ગોતો છો તો તમે મોત ગોતો છો, તમે શોખીન ગોતો છો તો તમે યાતના ગોતો છો. તમે શોખીન ગોતો છો, તો તમે નરક ગોતો છો. તમારી દલીલ એ છે કે ધાર્મિક છોકરો દીક્ષા લઈ લે તો મારૂં શું થાય ? હું તમને પૂછું છું કે જેને દીક્ષા લેવી છે એ લગ્ન કેમ કરે ? એ ગાંડો થઈ ગયો હોય ? એને ખબર ન હોય કે લગ્ન એ બંધન છે. લગ્ન પછી દીક્ષા લેવી અઘરી થઈ જશે ? એ દીક્ષા લઈ શકે એમ ન હોય/એને દીક્ષાની ઈચ્છા ન હોય, તો જ એ લગ્ન કરે ને ? ગમે તેટલી મોડર્ન છોકરીની પણ એક અપેક્ષા તો હોય જ છે કે મારા પતિ મારી સાથે બેવફાઈ તો ન જ કરે. Ask yourself. તમારી આ અપેક્ષા શોખીન સંતોષી શકશે ? કે ધાર્મિક ?**

**(૪) મને સેપરેટ જોઈએ** - શાસ્ત્રોમાં એક ન્યાય આવે છે - **ઘટ્ટકુટ્યાં પ્રભાતમ્** - ટોલ ટેક્સ નહીં આપવા માટે છગન અંદરના રસ્તે લાંબી જર્ની ખેડે છે. આખી રાત ડ્રાઈવ કરીને એ પાછો હાઈવે પર બહાર આવે છે, ત્યારે એ બરાબર એ જ ટોલનાકે પહોંચી ગયો હોય છે.

મારે સાસુ-સસરા ન જોઈએ, કારણ કે મારે સેવા નથી કરવી, આવું માનતી અલ્લડ છોકરીએ સાસુ-સસરાના અભાવે બીજા કેટલા ગદ્ધા-વેતરા કરવા પડે છે આનો હિસાબ કોણ કરશે ? પતિ મગજ ગુમાવી માર-પીટ કરવા પર ઊતરી આવે ત્યારે પોતાની કે સંતાનની સુરક્ષા સાસુ-સસરા કરતા હોય છે, આ સત્યનો વિચાર કોણ કરશે? નારીના શિકારીઓ ભૂખ્યા વરૂ બનીને પોતાનો શિકાર શોધતા હોય છે, જ્યાં સાસુ-સસરા, દેરાણી-જેઠાણી વગેરે હોય એવા ઘરથી તેઓ દૂર ભાગતા હોય છે. **ને જ્યાં એકલી નારી હોય, ત્યાં ચેન કેન પ્રકારે જાળ બિછાવી, પેલીને ફસાવી પછી આખી જિંદગી બ્લેકમેઈલ કરતા રહે છે. પેલી એક વાર શીલભ્રષ્ટ થઈ એટલે એણે આખી જિંદગી શીલભ્રષ્ટ થયા જ કરવું પડે ને પોતાનો ઘરસંસાર બચાવવા પૈસા, ઘરેણા, કિંમતી ઘરવખરી બધું પેલા શિકારીઓને આપ્યા જ કરવું પડે. આ બધી સેપરેટ થવાની કોસ્ટ છે. આનો વિચાર કોણ કરશે ?**

ઘર હર્યું ભર્યું હશે તો મન ક્યાંક ખાલી કરાશે, સાજે-માંદે કોઈ સેવા કરશે, કોઈ નેગેટીવ વિચાર આવી ગયો હોય, ત્યારે કોઈ આપઘાત કરતા રોકશે, જેમ મા-બાપમાંથી એક પણની હયાતી ન હોય તો બાળકના ઉછેરમાં ખામી રહી જાય છે, તેમ દાદીના અભાવમાં ય કંઈક ખામી રહી જાય છે. દાદાના અભાવમાં ય કંઈક ખામી રહી જાય છે, કાકાના અભાવમાં ય કંઈક ખામી રહી જાય છે, કાકીના અભાવમાં ય કંઈક ખામી રહી જાય છે. ભાઈ-બહેનના અભાવમાં ય કંઈક ખામી રહી જાય છે.

**સેપરેટનો અર્થ ફક્ત વડીલોથી જ સેપરેટ નથી, વ્હાલ અને હૂંફથી**

**પણ સેપરેટ છે, સેફ્ટી અને સુખથી પણ સેપરેટ છે. સેપરેશનની ડિમાન્ડ એ ચિંતા, અજંપા, અસલામતી અને દુઃખોની ડિમાન્ડ છે, જે ગાંડપણ વિના થવી શક્ય જ નથી.**

એક રિક્ષાવાળો. રાતે ઘરે આવી જમવા બેઠો. પત્નીએ વાત કરી કે દીકરો હોમવર્ક કર્યા વગર સૂઈ ગયો છે. પતિનો પિત્તો ગયો, જમતા જમતા ઊભો થયો. બે તમાચા મારીને કાચી ઊંઘમાંથી દીકરાને ઉઠાડ્યો, પેલો ભેંકડો તાણીને રોવા લાગ્યો ને આ ગાળો ભાંડીને એને મારવા લાગ્યો. પત્ની અસહાય છે. એની કાકલુદીઓ નિષ્ફળ જાય છે, સાસુ-સસરા ગેરહાજર છે. પેલાનો ગુસ્સો ફાટ ફાટ થાય છે. બિચારો ૫ વર્ષનો બાળક... જોર જોરથી એ રડી રહ્યો છે. ને હવે પતિએ એના માથાના વાળ પકડીને જોરથી દિવાલ સાથે માથું અફળાવ્યું. એની ખોપરી ફાટી ગઈ. જરાક હવાતિયા મારીને એ બાળક હંમેશ માટે શાંત થઈ ગયું. પતિ-પત્ની બંને પોક મુકીને રડ્યા. પણ હવે શું થાય ? સેપરેટની ખરી કોસ્ટ આ છે.

એક ઘરમાં પતિ-પત્નીનો ઝગડો ચરમ સીમાએ પહોંચ્યો. સાસુ-સસરા બીજે રહેતા હતા. પતિનો ગુસ્સો બધી હદ વટાવી ગયો. એક વર્ષના સંતાન તરફ એ આગળ વધ્યો. પત્ની હજી કંઈ સમજે એને રોકે એની પહેલા એણે એ સંતાનના બે પગ પકડ્યા ને બંને પગને જોરથી એકદમ પહોળા કરી જોરથી ઝાટકા સાથે ખેંચી એ સંતાનના બે ફાડિયા કરી દીધા. દીકરો રિબાઈ રિબાઈને મરી ગયો. મા માથું પછાડી પછાડીને રડી. બાપ જેલભેગો થયો, સેપરેટની ખરી કોસ્ટ આ છે.

એક પત્નીએ મુવી જોવા જવાની બહુ જ જીદ પકડી, પતિએ ના પાડી, તો પોતે એકલી ગઈ. છેવટે શો પૂરો થયો. ૧૨ વાગે પત્ની ઘર તરફ આવી રહી છે. પતિ ગુસ્સાથી બેકાબુ બની ચૂક્યો છે. સાસુ-સસરા છે નહીં. પત્ની જેવી ઘર પાસે આવી કે એ ધારિયું લઈને ધસી આવ્યો, પત્ની જીવ બચાવવા ભાગી. પતિ પાછળ દોડી રહ્યો

છે. પત્ની કોઈ સંબંધીના ઘરમાં જતી રહે છે. પતિ એને ગોતવાના ફાંફા મારે છે. છેવટે ધુઆપુઆ થઈને ઘરે પાછો આવે છે. સાડા બાર પોણા વાગ્યાનો સમય છે. પાંચ અને સાત વર્ષના બે દીકરાઓ પોઢેલા છે. ભયાનક ગુસ્સા સાથે એ ધારિયું ઉગામે છે. બે'ય-ના ગળા કાપી નાંખે છે. સવારે પત્ની ઘરે આવે છે. ધ્રુસકે ને ધ્રુસકે બે ય રડે છે, પણ હવે શું થાય ? સેપરેટની ખરી કોસ્ટ આ છે.

**દર વર્ષે હજારો પતિઓ પત્નીની હત્યા કરે છે. દર વર્ષે હજારો પત્નીઓ પતિની હત્યા કરે છે, દર વર્ષે હજારો મા-બાપો સંતાનોની હત્યા કરે છે, દર વર્ષે હજારો માતાઓ સંતાનોને સાથે લઈને સુસાઈડ કરે છે. યા સંતાનોની હત્યા કરીને જાતે સુસાઈડ કરી દે છે. સેપરેટની ખરી કોસ્ટ આ છે.**

જેમને સાસુ-સસરા બોજ લાગે છે, વધારાના લાગે છે, નકામા લાગે છે, કાઢી નાંખવા જેવા લાગે છે, એમને મારે પૂછવું છે કે તમે તમારા સંતાનોના તમારા પ્રત્યેના કેવા વ્યવહારની અપેક્ષા રાખો છો ? એ ય તમને બોજ ગણે, વધારાના ને નકામા ગણે, એ ય તમને લાત મારીને કાઢી મુકે, આવું જ જો તમે ઈચ્છો છો, તો તમે એકદમ બરાબર કરી રહ્યા છો. વડીલો આવે ને તમે ઊભા થઈ જતા હો, તો તમારા સંતાન તમારો વિનય કરશે, તમે વડીલોને પ્રણામ કરતા હો, તો તમારા સંતાન તમને પ્રણામ કરશે, તમે વડીલોની સેવા કરતા હશો, તો તમારા સંતાન તમારી સેવા કરશે, તમારે વડીલોને ભૂલી જવા હોય તો તમે સંતાનોને ભૂલી જાઓ.

છગનનો છોકરો એના માથે ચડીને તોફાન કરતો હતો. છગન એક તો થાકેલો હતો, એમાં આ માથે ચડી ગયો, છગન સાવ કંટાળીને સહન કરતો હતો, ત્યાં છોકરો બોલ્યો, 'અરે પપ્પા તમારા માથામાં એક સફેદ વાળ છે, આવું કેવી રીતે થયું ?' છગન કહે, 'બેટા, તું તોફાન કરે ને, એટલે મને તારી ચિંતા થાય, એટલે એક વાળ ધોળો

થઈ ગયો.' ચિંટુ કહે, 'હં... હવે ખબર પડી કે દાદાજીનું કેમ આખું માથું ધોળું છે !'

સાસુ-સસરાની સામે પડનારી, પતિને જુદા થવા ઉશ્કેરનારી, પહેલાથી જ સેપરેટની માંગણી કરનારી સ્ત્રીને આ પાપનું ફળ આ જ જનમમાં ભોગવવું પડે છે, જ્યારે એનો પોતાનો દીકરો એનાથી જુદો થાય છે. વૃદ્ધવયે જ્યારે હૂંફ અને સેવાની જરૂર વધારે હોય, ત્યારે વડીલોને નોંધારા મુકી શકાય, ૭૦ વર્ષની મા જાતે રસોઈ કરે, પાણી ભરે, પોતે પોતાની સેવા કરે. એ બધું ઠંડે કલેજે જોઈ શકાય, આથી વધુ કઠોરતા ને નઠોરતા બીજી કઈ હશે ?

**એક દીકરો એના મા-બાપને સાચવે, એનો દીકરો એના મા-બાપને સાચવે, એનો દીકરો એના મા-બાપને સાચવે, આ એક પ્રકારની સામાજિક નીતિમત્તા છે. પારિવારિક પ્રામાણિકતા છે. એક દીકરો એના મા-બાપને તરછોડે એ સામાજિક-પારિવારિક ભ્રષ્ટાચાર છે. તમે ઘડપણમાં એમને સાચવશો એ વિશ્વાસે એ તમને બાળપણમાં સાચવતા હોય છે. ઘડપણમાં એમને તરછોડી દેવા એ વિશ્વાસઘાત છે.**

આ વિશ્વાસઘાતથી સમાજ તૂટી જાય છે, ડિપ્રેશન, ગાંડપણ, હૃદયરોગ, આપઘાત વગેરે વધતા જાય છે. ઘડપણ આવતા પહેલાથી ઘડપણની ચિંતા સતાવવા લાગે છે. માણસને પહેલાથી જ સંતાન માટે જોઈએ એવો પ્રેમ રહેતો નથી, એનો ઉછેર પણ પરાણે જેવો થાય છે. એને વારસો અપાતો નથી, એ ય બહુ વહેલો છુટ્ટો થાય છે, પરિવારમાં સંતાનનું સ્થાન ડોગી લે છે અને ભારતમાં વિદેશી વિડંબણાઓ સેટલ થઈ જાય છે.

**સેપરેટની મેડનેસ બે વૃદ્ધ વ્યક્તિઓની પીઠમાં ખંજર ભોંકી દે છે. આ અડધી કતલ હોય છે. જે કતલ કરતા વધુ ગોઝારી નીવડે છે. બે વૃદ્ધ-ઉપકારી અસહાય દશામાં અસમાધિ-અજંપા-આર્તધ્યાન સાથે શેષ જીવન મરી મરીને જીવે એવું કરવાનું પાપ દીકરા-વહુને ભરખી જાય છે.**

***Secret-6*** અપથ્યત્યાગ – એમાં આપણે છોકરીઓના ૪ ગાંડપણ જોયા. હવે છોકરાઓના ૪ ગાંડપણ જોઈએ.

**(૧) મને રૂપાળી જોઈએ** – છગનની પત્ની બહારથી આવી, કહે 'હું કેવી લાગું છું ?' છગન મનમાં બોલ્યો, ''કહી દઉં તો મારું આવી બને.'' પત્નીએ કહ્યું, 'બોલો ને હું કેવી લાગું છું ? હું બ્યુટી પાર્લરમાં ગઈ હતી.' છગન કહે, 'બ્યુટી પાર્લર બંધ હતું ?'

એક બ્યુટીપાર્લરવાળાએ બોર્ડ લગાડ્યું હતું, 'અમે ઉપરવાળાની બધી જ ભૂલોને સુધારી આપીએ છીએ. I ask, Is it possible ? બહુ બહુ તો ભૂલોને ઢાંકી શકાય, એ પણ ટેમ્પરરી, સુધારી તો કઈ રીતે શકાય ? હું તમને હજી ઊંડાણમા લઈ જવા માંગું છું, તમે જેને ભૂલ કહો છો એ ભૂલ નથી હોતી, પણ રૂપ એ ભૂલ હોય છે. જેનાથી વ્યક્તિ મોટે ભાગે ભૂલાવામાં પડી જાય છે.

રૂપરૂપના અંબાર જેવી એક યુવતી, એના ત્રણ વાર છૂટાછેડા થઈ ચૂક્યા હતા. એક વાર કોઈ કાર્યક્રમમાં એને એવી અંગત સખી મળી. એણે એને એકાન્તમાં લઈ જઈને પૂછ્યું કે, 'તું આવી પરી જેવી રૂપાળી રૂપાળી છે તો તારો તો કેવો સુખી ઘર-સંસાર હોય, તારી સાથે કેમ આવું થયું ?' આ સાંભળીને એ યુવતી ધ્રુસકે ને ધ્રુસકે રડી પડી. એણે કહ્યું, 'મારા રૂપને કારણે લગ્ન પહેલાથી જ ઘણા છોકરા મારા પર લટ્ટુ હતા. તેઓ મારી પ્રશંસા કરતા. મારા રૂપ પર કવિતા બનાવતા. મને ગિફ્ટ્સ આપતા. ને આખરે હું ફસાઈ. મેરેજ પછી પણ એમને મળવાનું થતું, નવા નવા પુરૂષો પણ મારો સંપર્ક કરતા ને છેવટે એ જ થયું જે થઈ શકે. સેકન્ડ મેરેજ પછી પણ આવું જ થયું ને થર્ડ તો બહુ જલ્દી તૂટી ગયા. મારું રૂપ મને બહુ ગમતું હતું. મને એના માટે બહુ અભિમાન હતું. બીજી છોકરીઓને હું તિરસ્કારથી જોતી. પુરુષો મને ખરાબ નજરે જોતા ને હું રાજી થતી, પણ પછી મને ખબર પડી કે મારું રૂપ મારા માટે અભિશાપ હતું. રૂપાળી થવા મથામણ કરતી,

રૂપાળી હોય તેની ઈર્ષ્યા કરતી, પાતળા થવા માટે હેરાન-પરેશાન થતી, બ્યુટી પાર્લરના ધક્કા ખાતી, આવી બધી જ છોકરીઓ હકીકતમાં મૂરખી બનતી હોય છે. રૂપથી કદી સુખી થઈ શકાતું નથી. મારું જીવન જ એની સાબિતી છે. જો મારી પાસે રૂપ ન હોત તો ફર્સ્ટ એન્ડ ફાઈનલ મેરેજ કરીને હું ઠરીઠામ થઈ ગઈ હોત.'

નીતિશાસ્ત્રો કહે છે – **भार्या रूपवती शत्रुः –** રૂપાળી પત્ની હકીકતમાં દુશ્મન હોય છે. **કારણ નં. ૧** – ઘણાની એના પર નજર હોય. **કારણ નં. ૨** – ઘણાને એના માટે ખરાબ ભાવ જાગે. **કારણ નં. ૩** – બીજાનો મોહ + પોતાનો મોહ છેવટે દુર્ઘટના કરાવે. **કારણ નં. ૪** એનાથી બ્લેક-મેઈલિંગ, મર્ડર, એસિડ છાંટવું, પોલિસ કેસ વગેરે ઘણી સંભાવના રહેલી છે. **કારણ નં. ૫** કદાચ આવું ન પણ હોય તો ય પતિનો કાયમ શંકાનો કીડો સળવળતો રહે, ન એ નિશ્ચિતપણે ઘરની બહાર જઈ શકે ને ન તો એ શાંતિથી સૂઈ શકે. તો પછી રૂપાળી પત્નીએ એને હકીકતમાં શું આપ્યું સુખ કે દુઃખ ? માટે જ આપણે ત્યાં કહેવત હતી – 'પત્ની તો કદરૂપી સારી.'

સખી સ્તબ્ધ બનીને સાંભળી રહી છે ને એ યુવતી વાત આગળ વધારે છે. 'મારા રૂપને કારણે મને કદી પણ સાચો પ્રેમ ન મળ્યો. મને જે મળ્યા એમને મારી ચામડીમાં રસ હતો. મને ફક્ત ચામડી ચૂંથનારા ચમારો મળ્યા, એ કોઈને મારામાં રસ ન હતો. એમને ખબર હતી કે આ સંબંધો અનૈતિક છે. આ બધું અફેર્સ છે. આ બધું મારા ભવિષ્ય માટે, મારા લગ્નજીવન માટે, મારા સુખી ઘર-સંસાર માટે, મારા શારીરિક, માનસિક, આર્થિક, પારિવારિક સ્વાસ્થ્ય માટે ખૂબ જ ખતરનાક છે. છતાં એમણે એમનો સ્વાર્થ જ જોયો. એમણે મારી કોઈ પરવા ન કરી, એમને મારા પ્રેમી કઈ રીતે કહી શકાય ?'

સ્ત્રીને રૂપાળી હોવાનું અભિમાન થાય તો એ એનું ગાંડપણ છે. પુરૂષને રૂપાળી પત્ની જોઈતી હોય, તો એ એનું ગાંડપણ છે. નીતિશાસ્ત્રો કહે છે –

**सुरूपं सुशीलं प्रायेण हि न दृश्यते ।**

***સુંદર રૂપ હોય એની સાથે સારું શીલ હોય એવું પ્રાયઃ દેખાતું નથી.***

લગ્ન રૂપથી નથી ટકતા પણ શીલથી ટકે છે. રૂપ શીલનું વિઘ્ન બને તો ઉલ્ટું એનાથી જ લગ્ન તૂટી જાય છે. માટે જ 'મને રૂપાળી જોઈએ.' આ ગાંડપણ સિવાય કાંઈ જ નથી.

કેટલાક ઉદ્યોગપતિઓ વગેરે રૂપ અને નામને વશ થઈને અભિનેત્રી વગેરેને પરણતા હોય છે. સામાજિક દૃષ્ટિએ આ કેટલું બધું હાસ્યાસ્પદ કહેવાય ! જુના જમાનામાં વેશ્યાપતિ/કુલટાપતિ હોવું એ ભયંકર નામોશી ગણાતી, આવા શબ્દોનો ગાળ તરીકે ઉપયોગ થતો. ગાંડપણથી એને ભલે સ્ટેટસ ગણવામાં આવતું હોય, હકીકતમાં ગામના એંઠવાડને ખાતા કૂતરામાં અને એમનામાં શું ફરક છે - એ વિચારવું જોઈએ.

રૂપ જોવાનો કોઈ મતલબ નથી, તમારી આજની સ્થિતિ એવી થઈ ગઈ છે - પહેલા જોશે હાઈટ, પછી જોશે વ્હાઈટ, મગજ રહેશે ટાઈટ, રોજ થશે ફાઈટ. આ ગાંડપણમાંથી વહેલી તકે બહાર આવી જવા જેવું છે.

**(૨) મને મોડર્ન જોઈએ** - છગનની પત્નીએ એની સામે કેસ ઠોકી દીધો. કોર્ટમાં મારફાડ દલીલો કરીને પત્નીએ છગનના છોતરા ઉડાવી દીધા. છગન કશું પણ બોલવાની સ્થિતિમાં ન હતો, છગનની તો ઘરે પણ એ જ હાલત થતી હતી. છેવટે જજે જજમેન્ટ આપ્યું, 'તમારે તમારો અડધો પગાર તમારી પત્નીને આપવો પડશે.' ને આ શું ? છગન તો ખુશખુશાલ થઈને મન મુકીને નાચવા લાગ્યો... બધાને બહુ જ આશ્ચર્ય થયું. બધાએ છગનને પૂછ્યું, 'તું કેસ હારી ગયો ને તને ખુશી થાય છે ?' છગન કહે, 'હવે અડધો પગાર તો મને મળશે ! પહેલા તો બધો પગાર પત્ની જ લઈ જતી હતી.'

મોડર્ન કલ્ચર માણસને સ્વાર્થી, સ્વકેન્દ્રિત, ક્રૂર અને નિષ્ઠુર બનાવે

છે. મોર્ડનની ડિમાન્ડ એ હકીકતમાં આની જ ડિમાન્ડ છે. તમારે પત્ની જોઈએ છે, સુશીલ પત્ની જોઈએ છે. ઘર, સંતાન, રસોડું બધું બરાબર સાચવે એવી જોઈએ છે, પારિવારિક શારીરિક, માનસિક, આર્થિક સ્વાસ્થ્ય સચવાય એવી જોઈએ છે, એનો સીધો અર્થ એ છે કે તમારે મોડર્ન નથી જોઈતી.

એક સારા ઘરના છોકરાએ તદ્દન આધુનિક કપડા પહેરતી - જ્યાં-ત્યાં રખડતી મોડર્ન છોકરી સાથે મેરેજ કર્યા. હજી ૧૫ દિવસ જ થયા હતા, ને રોજ રોજના ભયંકર કકરાટો ચાલુ થયા, હદ બહારના શોખો, ગજા બહારના ખર્ચાઓ, જુના મિત્રો સાથે ફરવા જવું, કન્ટ્રોલમાં લેવા જાઓ તો છંછેડાવું, ઘરમાં કાચના ગ્લાસ ને શોકેશના કાચ ફોડી દેવા. ચસ્કેલની જેમ બેફામ બોલવું ને આપઘાતની ધમકીઓ... ત્રણ મહિના થતા થતા તો બધાં જ કંટાળી ગયા. છૂટાછેડાનો કેસ ચાલ્યો, પેલીએ આડે ધડ કેસો ઠોકી ૩ કરોડનો કલેઈમ કરી દીધો.

૧૮ વર્ષ સુધી હું ઘરમાં રહ્યો છું. મેં એક સેકન્ડ માટે પણ મમ્મી-પપ્પાનો ઝગડો જોયો નથી, કારણ કે મારી મમ્મી મોડર્ન ન હતી. ઘરમાં કદી કોઈની મોટી બીમારીઓ મેં જોઈ નથી, કારણ કે અમે બધા ઘરનું સાત્ત્વિક ખાવાનું ખાતા હતા, કારણ કે મારી મમ્મી મોડર્ન ન હતી. મુંબઈમાં ય મારા પપ્પા બપોરે જમીને બિઝનેસ માટે જતા ને સાંજે ચોવિયાર પ્રાયઃ ઘરે કરતા. અમારી પાસે પારિવારિક પ્રેમની શ્રીમંતાઈ હતી, અમારી પાસે શાંતિની શ્રીમંતાઈ હતી, અમારી પાસે નિરાંતની શ્રીમંતાઈ હતી, કારણ કે મારી મમ્મી મોડર્ન ન હતી.

છગનનો છોકરો એક દિવસ સ્કુલમાં બહુ લેટ પહોંચ્યો. ટિચરે એને પૂછ્યું કે, ''કેમ રે આટલો મોડો આવ્યો.'' ચિંટુ કહે, ''મારા મમ્મી-પપ્પા ફાઈટિંગ કરતા હતા.'' ટિચરે કહ્યું, ''એમાં તું કેમ મોડો આવ્યો ?'' ચિંટુએ કહ્યું, ''તેઓ મારા જ બૂટથી ફાઈટિંગ કરતા હતા.''

છોકરાઓનું ગાંડપણ એ છે કે અમને મણિબહેન નથી જોઈતી.

અમને મેડોના જોઈએ છે. પણ એમને ખબર નથી કે પ્રસન્ન દાંપત્ય મણિ જ આપી શકે છે. મેડોના નહીં. વફાદારીની અપેક્ષા મણિ જ પૂરી કરી શકે છે, મેડોના નહીં. ઘરની સાચવણી મણિ જ કરી શકે છે, મેડોના નહી. જે આવક હોય એમાં મણિ જ સંતુષ્ટ રહી શકે છે, મેડોના નહીં. પતિ કદાચ મોટી ખોટ કરે તો મણિ જ પોતાના દાગીના આપી શકે છે, મેડોના નહી.

મેડોનાને પરણવું એટલે દિવસ-રાતના કકરાટોને પરણવું, મેડોનાને પરણવું એટલે વાસનાભૂખી વાઘણને પરણવું, મેડોનાને પરણવું એટલે આઘાતો અને પ્રત્યાઘાતોને પરણવું, મેડોનાને પરણવું એટલે બેવફાઈની જડને પરણવું, મેડોનાને પરણવું એટલે ડાયાબિટીશ અને હાર્ટએટેકને પરણવું. મેડોનાને પરણવું એટલે કાયમી ઉપાધિને પરણવું.

મેડોના તમને એક જ વસ્તુ આપી શકે છે. જેનું નામ છે ડિવોર્સ. એ તમારી સાથે રહેતી હોય, તો ય ડિવોર્સી જ હોય છે. મેડોનાને પરણશો એટલે શોર્ટ ટાઈમમાં તમે જ કહેશો કે 'આ વાત સાવ સાચી છે.' પણ ઝેરના પારખા કરવા જેવા નથી.

**(૩) મને એજ્યુકેટેડ જોઈએ** - છગનની પત્ની શાક લેવા ગઈ હતી. શાક ખરીદીને ત્યાંથી પાછી ફરવા જાય, ત્યાં શાકવાળાએ પૂછ્યું, 'બહેન ! તમે બી.કોમ. થયેલા છો ને ?' પેલી તો ફૂલીને ફાળકો થઈ ગઈ. વાહ, શાકવાળો ય મને ઓળખે. આજે ભણેલું બધું વસૂલ થઈ ગયું. એણે પૂછ્યું, 'તને કેમ ખબર પડી ?' શાકવાળો હસતા હસતા કહે છે, 'એમ જ.' 'ના, કહેવું જ પડશે.' 'રહેવા દો ને બહેન !' હવે પેલીને શંકા પડી, એ કહે, 'બોલ, નહીં તો બીજી વાર તારી પાસેથી શાક નહીં લઉં.' શાકવાળાએ કહ્યું, 'તમે પહેલા ટમેટા થેલીમાં લીધાં, એની ઉપર દૂધી મુકી એટલે મને ખબર પડી કે તમે બી.કોમ. થયા હશો.'

ટમેટાનો રસ નીકળી જાય, થેલી બગડે, એ ટમેટાં શાક બનાવવા કામ ન આવે, એ ઓછું નુકશાન છે, પણ એજ્યુકેટેડ પાત્ર સાથે પતિનો

જ્યુસ નીકળી જાય, જીવન બગડે ને એ પાત્ર સુખ-શાંતિ-સ્વસ્થતા-ધર્મ કશું પણ બનાવવા કામ ન આવે. એ મોટું નુકશાન છે.

એજ્યુકેશન ખોટું નથી, એજ્યુકેશનનો કોઈ જ વિરોધ નથી, શરત એટલી જ છે કે એ એજ્યુકેશન એજ્યુકેશન હોવું જોઈએ, જે લાઇફ-ટચિંગ નથી, જે વ્યક્તિની ભૂમિકા અને પ્રકૃતિને અનુરૂપ નથી, જે જીવનની જવાબદારીઓથી વિમુખ બનાવે, જે ક્યાંય સેટ જ ન થવા દે, ને જે ઊંધે રવાડે ચડાવે, એને એજ્યુકેશન કઈ રીતે કહી શકાય ?

સી.એ. થયેલી કન્યા પરણીને સાસરે ગઈ છે. લગ્નના ત્રીજા મહિને સાસુ સાથે કંઈક રકઝક થઈ, સાસુથી કંઈક કહેવાઈ ગયું, વહુનો પિત્તો ફાટ્યો. રસોડામાં ગઈ, બારણું બંધ કર્યું, માથે તેલ ઢોળ્યું ને દીવાસળી ચાંપીને જીવતી સળગી મરી.

એમ.બી.બી.એસ. થયેલી કન્યા એક ડોક્ટરને પરણી. જુદું ક્લીનીક કર્યું. એક પેશન્ટ સાથે લફરું ચાલ્યું, વાત બહુ આગળ વધી. એના પતિને ખબર પડી. મગજ ફાટ્યો. ખૂબ બોલાચાલી થઈ. પતિ એ જ સાંજે ખૂબ માનસિક ત્રાસના કારણે માંદા પડ્યા. પત્નીએ ટ્રીટમેન્ટના નામે ઝેરનું ઈંજેક્શન આપીને મારી નાંખ્યા. પૈસાના જોરે બધું જ ભીનું સંકેલી લેવાયું. પેલા પેશન્ટ સાથે મેરેજ કરવા એ યુવતી તલપાપડ બની. એ પેશન્ટે ચોક્ખું સંભળાવી દીધું. મારે બેવફા ને હત્યારીના પનારે પડવું નથી.

એમ.બી.એ. થયેલી એક કન્યા પરણીને સાસરે ગઈ. મોટા પેકેજની એની જોબ હતી. રુઆબ, અપેક્ષાઓ, ગુસ્સો, તડાફડી બધું જ હાઈ-ફાઈ હતું. ગમે તેમ કરીને આખું ઘર એને નભાવતું હતું. બધા ભિખારી હોય ને પોતે જ ભિક્ષુક-ભોજનદાતા હોય, એવું એનું વર્તન હતું. સાસુ, સસરા એના માટે નોકર-નોકરાણી હતા. પતિ એના માટે મજૂર હતો. એક દિવસ એ પ્રેગનન્ટ થઈ. બધાને ખુશીના એ દિવસની તમન્ના હતી. પેલીને જોબની ચિંતા હતી. જલસાની ચિંતા હતી. પૈસાની ચિંતા હતી. આઝાદીની ચિંતા હતી. એણે સંતાનને પતાવી દેવાનું નક્કી કર્યું. આખું

ઘર ખળભળી ગયું. રોજ રીતસર રમખાણ જેવું થાય. એક બાજુ પેલી હત્યારી થવા માટે મક્કમ હતી, ને બીજી બાજુ આખું ઘર હરગીઝ એવું થવા દેવા ન'તું માંગતું. છેવટે પેલીનું મગજ ફાટ્યું. પેટ પર મુક્કા મારવાના શરૂ કર્યા. અકાળે બિહામણું લાગે એવું બાળક અવતર્યુ. થોડા હવાતિયા મારીને કાયમ માટે શાંત થઈ ગયું. પતિએ ડિવોર્સ આપ્યા, પેલીએ કેસો ઠોક્યા, આખું ઘર અશાંતિની આગમાં હોમાઈ ગયું.

સંત કબીરે માર્મિક વાત કરી છે –

**કામ ક્રોધ મદ લોભ કી જબ લગ ઘટ મેં ખાન,**
**તબ લગ પંડિત મૂરખ હી કબીર એક સમાન.**

જ્યાં સુધી ઘટમાં કામ, ક્રોધ, મદ, લોભ આ બધાની ખાણ છે, ત્યાં સુધી શું પંડિત ને શું મૂર્ખ- બધાં એક સરખા જ છે.

સાચું એજ્યુકેશન તો આખી દુનિયામાં માત્ર ને માત્ર એક જ છે – જિનશાસનનું એજ્યુકેશન. જે કન્યાએ સેકન્ડરી સ્કુલમાં પગ જ નહીં મુક્યો હોય, જે કન્યાએ પાંચમા-છટ્ઠા ધોરણથી જ સ્કુલને બાય બાય કરી દીધું હશે, જે કન્યાએ ૧૦ વર્ષની ઉંમર સુધીમાં પાંચ પ્રતિક્રમણ વગેરે બધું જ બેઝિક જ્ઞાન મેળવી લીધું હશે ને જે કન્યા જીવનના બીજા દશકામાં જિનશાસનના અદ્ભુત તત્ત્વજ્ઞાનના ગ્રંથો ભણી ચૂકી હશે, એને ખરેખર એજ્યુકેટેડ કન્યા કહેવાય. એની સાથે જે સુખ-શાંતિ-હાશ-હળવાશની પોસિબિલિટી છે, એ બીજા સાથે નથી.

જે કન્યા શાંત સુધારસ ભણી હશે, એનો કદી બોઈલર નહીં ફાટે, જે કન્યા યોગસાર ભણી હશે એ કદી માંગણીઓનો વરસાદ નહીં વરસાવે, જે કન્યાએ અધ્યાત્મસાર ભણ્યું હશે એ કદી આપઘાત નહીં કરે, જે કન્યાએ અધ્યાત્મકલ્પદ્રુમ ભણ્યું હશે, એ કદી બેવફાઈ નહીં કરે. જે કન્યાએ ઉપદેશમાલા કરી હશે, એ કદી વડીલોનું અપમાન નહીં કરે, જે કન્યાએ પંચસૂત્ર કર્યું હશે, એને મન પર કન્ટ્રોલ રાખવો બહુ સહેલો થઈ જશે. જે કન્યાએ ઈન્દ્રિયપરાજયશતક કર્યું હશે, એને કોઈ

ફસાવી નહીં શકે. જે કન્યાએ વૈરાગ્યશતક કર્યું હશે એ ઘરને રઝળતું મુકીને મોબાઈલ નહીં મચડ્યા કરે, જે કન્યાએ પ્રશમરતિ કર્યું હશે, એ પતિના સંકટના સમયમાં ચાલતી થવાને બદલે પડખે ઊભી રહેશે. જે કન્યાએ પુષ્પમાલા કર્યું હશે, એ અંતિમ શ્વાસ સુધી સમાધિ આપશે.

**આવા સો ગ્રંથો છે, હજાર બેનિફિટ છે. આ એક એક ગ્રંથ એક એક ડિગ્રી છે. આ એક એક ગ્રંથ ઈન્ટરનેશનલ-વર્લ્ડ ક્લાસ ડિગ્રી છે. આખી દુનિયાની ડિગ્રીઓ એક બાજુ છે, ને આ એક એક ગ્રંથ એક બાજુ છે. તમારામાં સમજણ આવશે, તો તમારી એક જ ડિમાન્ડ હશે, જૈન તત્ત્વજ્ઞાન કેટલું કર્યું છે એ બોલો, બીજું મારે કશું સાંભળવું નથી.**

છગન એક વાર છોકરી જોવા કોઈના ઘરે ગયો. સાથે મગનને લીધો હતો. મગનને સમજાવી રાખ્યું હતું, એ છોકરીના પપ્પા જે પૂછે એનો ડબલમાં જવાબ આપવો. મગન રેડી હતો. પેલાએ છગનને પૂછ્યું, 'તમારું પોતાનું એક ઘર હશે.' મગન ફટ દઈને બોલ્યો, 'બે ઘર છે.' પેલા તો ખુશ થઈ ગયા... 'ને એકાદ દુકાન હશે.' 'બે દુકાન છે.' 'અને એક કાર તો હશે.' 'અરે, બે કાર છે.' 'અને તમે ગ્રેજ્યુએશન તો કર્યું હશે.' 'ડબલ ગ્રેજ્યુએટ છે.' પેલા તો ફિદા ફિદા થઈ ગયા, ત્યાં છગનને જરા ઉધરસ આવી. પેલા કહે, 'ખાંસી થઈ ગઈ છે ?' મગન કહે, 'અરે, ટી.બી. છે.' પેલા ગભરાઈને બોલ્યા, 'ટી.બી. છે ?' મગન કહે, 'અરે થર્ડ સ્ટેજનો છે.'

તમે જેને એજ્યુકેશન કહો છો, એ થર્ડ સ્ટેજનો ટી.બી. હોય છે. તમે એને પરણો છો, ને પછી આંસુંઓથી પલળો છો. કોઈ કવિએ દર્દીલી વાત કરી છે -

**સહન હું તો કરી લઉં છું, પણ તમારાથી નહીં થાય,**
**એ પાનું ફેરવી લેજો જ્યાં મારી વારતા આવે.**

જીવનને દર્દીલું ન બનાવવું હોય, તો સાચા એજ્યુકેશનને સમજો અને એની જ ડિમાન્ડ કરો.

**(૪) મને ફોરેન જોઈએ** - ફોરનના પાત્રો અહીં પરણવા એટલા માટે આવે છે, કે તેઓ ત્યાંના પાત્રોની ટેવો-કુટેવોને જાણતા હોય છે, તેમને ખબર હોય છે કે આવાને કે આવીને પરણવું એટલે મામા બનવું, બરબાદ થવું. માટે એ અહીં આવીને પરણે ને તમે હરખાઓ કે અમેરિકા મળ્યું, એમાં હરખાવા જેવું કશું નથી. ફોરેનનો અર્થ છે હાડમારી, ફોરેનનો અર્થ છે એકલવાયાપણું, ફોરેનનો અર્થ છે લાગણીશૂન્યતા, ફોરેનનો અર્થ છે, ફક્ત ડોલરની જ ભાષા, ફોરેનનો અર્થ હોઈ શકે છે ડિપ્રેશન, અસમાધિ, અસહાયતા અને દુર્ગતિ. **ફોરેન પરણવાનો એક અર્થ એ હોઈ શકે - બીજાને વાંચવા માટે ચોપડી ખરીદવી. ફોરેન પરણવાનો એક અર્થ આ હોઈ શકે - નજર સામે સંતાનની જૈનત્વની કતલ જોવી, ફોરેન પરણવાનો એક અર્થ આ હોઈ શકે - નજર સામે સંતાનની ભારતીયતાની કતલ જોવી, ફોરેન પરણવાનો એક અર્થ આ હોઈ શકે - નજર સામે સંતાનની માનવતાની કતલ જોવી.**

કેટલાંક પરણેલા હોય અથવા લફરાં કરતા હોય, તો ય પરણીને અહીંથી પરણેતરને ત્યાં લઈ જાય છે. કોઈને ફક્ત આયા જોઈતી હોય છે, કોઈને ફક્ત ઘરઘાટી જોઈતો હોય છે. કોઈને આજ્ઞાંકિત નોકર જોઈતો હોય છે. આવા કિસ્સા પણ ભારતીય પાત્રો સાથે ઘટી રહ્યા છે.

ફોરેનનું ગાંડપણ હજી તમારો પીછો ન છોડતું હોય, તો એક બુક વાંચજો - **અમેરિકા જતા પહેલા.** ગેરન્ટી સાથે - તમે સ્વસ્થ થઈ જશો.

*Secret No. 7* - **ફળ** - એ છે આરોગ્ય.

જો તમે લક્ષણોથી રોગને બરાબર સમજ્યા છો. નિદાન બરાબર કર્યું છે, દવા, પથ્યપાલન અને અપથ્ય ત્યાગ તમે બરાબર કર્યા છે, તો તમને આરોગ્ય મળવાનું જ છે. એ છે સુખ-શાંતિ, સમૃદ્ધિ-સ્વસ્થતા-આત્મહિતપ્રવૃત્તિ-સમાધિ-સદ્ગતિ અને પરંપરાએ પરમપદ.

***Wish you all the best.***

પરમ તારક પરમ શ્રદ્ધેય શ્રી જિનાજ્ઞાથી વિરુદ્ધ લખાયું હોય તો મિચ્છામિ દુક્કડમ્.

# ❀ શું લાયકાત છે તમારી દીકરીની ? ❀

મારો દીકરો ગામડા કે નાના શહેરની દીકરીને હરગીઝ નહીં પરણે. એ દીકરીમાં નીચે લખેલી લાયકાતોમાંથી કઈ લાયકાત છે, આનો જવાબ તમારી પાસે છે ખરો ?

(૧) તદ્દન વિચિત્ર કપડા પહેરીને પતિ ને સાસુ-સસરાનું માથું ખરાબ કરી દેવાની ને ગામ આખાની નજર ખરાબ કરી દેવાની લાયકાત એનામાં ખરી ?

(૨) જોબની જીદ અને શરત સાથે પરણી સાસુના માથે આખું રસોડું નાંખી દેવાની લાયકાત એનામાં ખરી ?

(૩) લગ્ન પહેલાથી જ મને સેપરેટ જોઈશે અને રોજિંદી રસોઈની જવાબદારી મારી નહીં રહે આવો એગ્રીમેન્ટ કરીને પરણવાની લાયકાત એનામાં ખરી ?

(૪) કોલેજના, જોબના ને અન્ય પર પુરુષમિત્રો સાથે છૂટથી બોલવા-ચાલવાની, હરવા-ફરવાની અને 'Just for Fun' માણી લેવાની લાયકાત એનામાં ખરી ?

(૫) પ્રાઈવસી સાથે કલાકો સુધી ઓન લાઈન રહેવું, ન જોવાનું જોવું, ચેટિંગ કરતા રહેવું, કોઈનો પણ કેવો પણ મેસેજ આવી શકે ને કોઈને પણ કોઈ પણ મેસેજ જઈ શકે - આવી ફ્રીડમ એનામાં ખરી ?

(૬) સેલરીની ગરમીથી નિયમિત રીતે મગજ ફટકે ને સતત ઘરમાં રમખાણો ને ધડાકા-ભડાકા થતા રહે, આવી સૃજનાત્મક યોગ્યતા એનામાં ખરી ?

(૭) રસોઈ કરવામાં પરમ પરમ આળસુ...લાખો રૂપિયા હોટલ-લારીને સમર્પિત કરવામાં ઉદાર અને દવા, નિદાન, ડોક્ટર, હોસ્પિટલ માટે દેવું કરવા સુધી સજ્જ-આમાંથી કઈ લાયકાત છે એનામાં ?

(૮) ગંદા પ્રોગ્રામો જોઈ જોઈને ગંદી ગાળો શીખી ગઈ હોય, પતિ સાથે ગાળાગાળી અને મારામારી કરવામાં માસ્ટર હોય, ગમે ત્યારે પતિ પર પોલિસ કેસ ઠોકી દે, કાયદાઓનો દુરુપયોગ કરે, છૂટાછેડા લઈને ચાલતી થાય ને વળતરની છરીથી પતિને પતાવી દે - આવી કોઈ લાયકાત એનામાં ખરી ?

(૯) આજે હોટલ, કાલે થિયેટર, પરમ દિવસે સિમલા ને પછી સિંગાપુર-આ બધાના નામની રડારોળ મચાવે ને ગજા બહારના ખર્ચા કરાવી પતિને ખોખલો ને બિચારો બનાવી દે એવી કોઈ લાયકાત એનામાં ખરી ?

(૧૦) દારૂ/સિગરેટ પીવાની, પરપુરુષ સાથે નફ્ફટ થઈને નાચવાની ને આડા સંબંધો બાંધવાની લાયકાત એનામાં ખરી ?

(૧૧) છોકરાનો બાપ ફરી ફરી દીકરાના લગ્નમાં નાચી શકે એવી સગવડ આપવાની લાયકાત એનામાં ખરી ?

'મારી દીકરીમાં શું દોષ છે ?' એ જ પ્રશ્ન છે ને તમારો ?

તો સાંભળી લો -

(૧) સુશીલતા અને વિનીતતા-એ એનો દોષ છે.

(૨) સાસુ-સસરાની સેવા અને પતિ પ્રત્યે વફાદારી-એ એનો દોષ છે.

(૩) બહારનું ખાવાના ને ડોક્ટરોના ખર્ચા બચાવીને એ રોજગારો તોડે છે - એ એનો દોષ છે.

(૪) ગુણિયલતા, સહનશીલતા અને સંતોષ-એ એનો દોષ છે.

(૫) સંતાનોનું સારું સંસ્કરણ કરીને એ એમને આજના સી-ગ્રેડના ટ્રેન્ડથી જુદા પાડી દે- એ એનો દોષ છે.

(૬) વિકૃતિઓના વાવાઝોડામાં બધાનું નખ્ખોદ નીકળતું હોય, ત્યાં પોતાનું ઘર બચાવીને એ કોઈની નજર લગાવી દે - એ એનો દોષ છે.

સમજી ગયા મારી વાત ? પછી મારી દીકરીનું પણ કરવાનું છે. પણ મેગા સીટીમાં જ. કારણો તો સમજી જ ગયા ને ?

બીજે એવા લાયક છોકરા જ ક્યાં મળે છે ?

(એવું નથી કે શહેરી બધા પાત્રો એવા જ હોય છે. પણ એકંદરે ગામડાની/નાના શહેરની સંસ્કારિતા અને મોટા શહેરના મોટા દુષણો જગજાહેર છે. તે અપેક્ષાએ આ લેખ છે. કોઈને દુઃખ થાય તો મિચ્છામિ દુક્કડમ્)

એક ગુણિયલ કન્યા ઘરમાં આવી રહી હોય, એને આડા ફાટક બનવાની મૂર્ખામી ને એક સંસ્કારી-વેલસેટ-સારી કમાણી કરતા દીકરાને મહાનગરની હાડમારીઓનો ભોગ બનાવી એની સાથે પોતે ય દુઃખી થવાની મૂર્ખામીથી સૌ શીઘ્ર મુક્ત થાય એવી શુભેચ્છા.

# *The Top Secret*

હલો, હું શેતાન જુનિયર બોલું છું. બોસને લાઈન આપ...

હા સર ! આપણું બધું જ કામ થઈ ગયું છે.

એમ નહીં, ટુ ધ પોઈન્ટ વાત કર. દુનિયાને બરબાદ કરવા તે શું કર્યું ?

હા સર ! સૌથી પહેલા મેં આખી એજ્યુકેશન સિસ્ટમ ડિસ્ટર્બ્ડ કરી દીધી. પહેલા અહીં ૧૫-૧૬ વર્ષનો છોકરો કમાવા લાગતો હતો, તે હવે ૨૫-૨૬ વર્ષ સુધી તો ભણ્યા જ કરે છે.

શું વાત કરે છે ? પણ આટલું બધું ભણીને તો એનું કેટલું ભલું થઈ જશે !

ભલું ? માય ફુટ, સોરી બોસ ! મેં એવું ભણતર ગોઠવી દીધું છે, કે જેમાં મેક્ઝીમમ તો યુઝલેસ છે. **એ નકામા ભણતરના બોજા જ એવા પહાડ જેવા છે કે એમાં કામનું ભણતર તો સાવ રહી જ જાય.** હું અહીંનું એક હાઈ-એજ્યુકેટેડ સેમ્પલ મોકલી આપીશ. એના રિસર્ચથી તમને બધો જ ખ્યાલ આવી જશે.

વેલ ડન, નેક્સ્ટ ?

યસ બોસ, ધેર ઈસ અ લિન્ક, **પચ્ચીશ વર્ષ સુધી સંતાનને ભણાવવાનો જે કમરતોડ ખર્ચો છે, એમાં જનતાની સુખ-શાંતિ ખરેખર તૂટી જાય છે.** બોસ ! સોરી ટુ સે, એ આપણા પ્રિન્સીપલ્સની વિરુદ્ધ છે, પણ ક્યારેક મને પણ દયા આવી જાય છે.

ઈટ્સ ઓકે, ધેન ?

પછી શું, દિવસ ને રાત ગમે તે રીતે પૈસા કમાઈ લેવાનો 'હડકવા' લોકોને લાગી ગયો છે. ને આ હડકવા એવો પાવરફુલ છે, કે જેને પૈસાની જરૂર નથી, એ ય આદુ ખાઈને એની પાછળ પડી ગયા છે. મેં એમની બુદ્ધિને એવી ભ્રષ્ટ કરી દીધી છે, કે **સાચું સુખ શાંતિ અને સંતોષમાં છે, આ સત્ય તેઓ સાવ જ ભૂલી ગયા છે અને પૈસા જ સાચું સુખ છે, એવો એમને નશો ચડી ગયો છે.**

એક્સીલન્ટ, નેક્સ્ટ ?

પૈસાને જ સર્વે સર્વા માનતા કેટલાંક મોટા માથાઓને મેં એટલી હદે બગાડ્યા છે, કે તેઓ પીપરથી માંડીને મોટરગાડી સુધી અને સ્લીપરથી માંડીને બંગલા સુધીની વસ્તુઓ બનાવી બનાવીને વેંચવા માટે મરણિયા બન્યા છે. એ લોકો આ કામ માટે હલકામાં હલકી કક્ષાએ ખૂબ જ સહેલાઈથી જઈ શકે છે. **એમણે પર્યાવરણને તો ખેદાન મેદાન કરી જ દીધું છે. લોકોના જીવનનો પણ સત્યાનાશ વાળ્યો છે.** બાળકોથી માંડીને બુઢ્ઢાઓ સુધીનાને આ લોકો જાત જાતના રસ્તાથી નકામી વસ્તુઓ માટે એટલી હદે લલચાવે છે, કે લોકો બિચારા એ વસ્તુઓને 'જીવનલક્ષ્ય' બનાવી દે છે.

પછી ?

**સત્યાનાશ, રણની રેતીમાં 'પાણી' સમજીને જેમ જાનવર દોડતું જ રહે છે, તેમ આ લોકો જીવનભર સુધી પૈસા કમાવા, તે-તે નકામી વસ્તુઓ લેવા, તેને મેઈનટેઈન કરવા... બસ, ઉંધુ ઘાલીને દોડતાં જ રહે છે. યસ, ટિલ ડેથ. રણમાં પાણી હોય તો મળે ને ?**

આઈ એમ પ્રાઉડ ઓફ યુ, ટેલ નેક્સ્ટ.

પછી તો આ દોડાદોડી, આ ટ્રાફિક, આ ફેક્ટરીઓ, આ ધુમાડાઓ, આ કેમિકલ વેસ્ટ, આ રોંગ સિવિલાઈઝેશન્સ, આ ફ્લશ ટોઈલેટ્સ, આ તદ્દન ખોટી ગટર સિસ્ટમ્સ, આ નદીઓ, દરિયાઓ અને ભૂગર્ભ જળના પ્રદૂષણો, આ વાઈ-ફાઈની મેડનેસ, આ રેડિયેશન્સ, આ ન્યુક્લિયર ઈફેક્ટસ, આ ફર્ટિલાઈઝર્સ, પેસ્ટીસાઈડ્સ, હાઈબ્રીડ્સ, આ કતલખાન ાઓ, આ પોલ્ટ્રીફાર્મ્સ...

બોસ, **તમારા સોગંદ, છેલ્લા હજારો વર્ષોમાં તમે જે લોસ નથી કરી શક્યા, એટલો લોસ નહીં પણ એના કરતાં કરોડોગણો લોસ તમે મને અહીં મોકલ્યા પછી મેં કરી દીધો છે.** ને આ બધાનાં કારણે એટલા બધાં રોગો ફાટી નીકળ્યા છે કે જેમનું પહેલા નામોનિશાન પણ ન હતું.

શું વાત કરે છે ?

હા, ક્લીનિક્સ, હોસ્પિટલ્સ, ડાયગ્નોસ્ટિક સેન્ટર્સ, મેડિકલ સ્ટોર્સ, જાત-જાતના થેરાપી સેન્ટર્સ... બધું જ હાઉસ ફુલ થઈ ગયું છે. **બિચારો માણસ, માંદો પડ્યા વિના રહે નહીં, અને માંદો પડ્યો એટલે મરી ગયો. હેરાન-પરેશાન થઈ જાય, સાવ ખાલી થઈ જાય, ને પછી ય રિઝલ્ટ કાંઈ વખાણવા જેવું હોતું નથી.**

વન્ડરફુલ, હજી કાંઈ બાકી છે ?

શું બોસ ? તમે શેતાન થઈને આટલામાં સંતોષ માની લો છો. મેઈન વાત તો હજી બાકી છે.

મેં ચિંતન કર્યું કે લોકોના સુખનો ખરો સોર્સ તો કલ્ચર એન્ડ મોરલ્સ છે. એટલે મારે એમને બરાબર દુઃખી કરી દેવા હોય, તો મારે એના ટુકડે ટુકડાં કરી દેવા જોઈએ. ને એ કામ મેં કરી દીધું. હવે તમે અહીં આવીને જુઓ, હવે લાજ કાઢેલી સ્ત્રીના દર્શન પણ દુર્લભ થઈ ગયા છે. એટલું જ નહીં, શેમલેસ મેનિયા એટલો બધો સ્પ્રેડ થઈ ગયો છે, કે તમે અહીં આવીને જુઓ, તો કદાચ તમને પણ શરમ આવી જશે. **ટી.વી., સિનેમા, મોબાઈલ, ઈન્ટરનેટ, છાપાં, મેગેઝીન્સ, માર્કેટ્સ - આ બધાંનાં દ્વારા મેં સંસ્કૃતિનું ગળું મરડી નાખ્યું છે. છેડતીઓથી માંડીને બળાત્કારો સુધીના અને વ્યભિચારોથી માંડીને ગુપ્ત રોગો સુધીના આંકડાં જ મારી જ્વલંત સફળતાને પુરવાર કરે છે.**

અકલ્પ્ય !!! પણ શું કોઈ નારીવાદી સંસ્થાઓ તારો વિરોધ નથી કરતી ?

હા...હા...હા... બોસ ! તમારા આશીર્વાદ એવા છે, કે એ લોકોએ તો મને સ્ટ્રોંગ સપોર્ટ આપ્યો છે. ખરી વાત કહું, તો **મેં એમને એવા ઊંધા ચશ્મા પહેરાવ્યા છે કે સ્ત્રીસ્વાતંત્ર્ય, મહિલા વિકાસ, વગેરેના નામે તેઓ અજાણપણે 'નારી'નું નિકંદન કાઢી રહ્યા છે.** મન ફાવે એવા કપડાં પહેરો, મન ફાવે ત્યાં-મન ફાવે તેની સાથે- મન ફાવે તેમ હરો-ફરો. તમે જેટલા નફ્ફટ બનશો, એટલાં જ પ્રગતિશીલ કહેવાશો. જેટલી લાજ-શરમને નેવે મુકશો, એટલાં જ તમે મોડર્ન કહેવાશો. આવા કેટકેટલા

ભૂંસા જાતજાતના માધ્યમોથી આજની સ્ત્રીના મનમાં ભરવામાં આવે છે, કે જેમાંથી બહાર નીકળવાની વાત તો દૂર, તેનો વિચાર પણ દુર્લભ થઈ જાય છે. દાઢીની બ્લેડથી માંડીને આઈ.પી.એલ.ની મેચો સુધીના બજારમાં સ્ત્રી ગોઠવાઈ ગઈ છે. એટલી તો એ બજારુ થઈ ગઈ છે.

બોસ ! **પહેલા બજારું સ્ત્રી ગણી-ગાંઠી રહેતી. છુપાઈને રહેતી. બજારું તરીકે જાહેર થતા શરમાતી. લોકો એને વેશ્યા તરીકે ઓળખતાં. હવેની બજારું સ્ત્રીઓ હિરોઈન, મોડેલ, સુપર મોડેલ, આઈટમ ગર્લ, ચિયર્સ ગર્લ, આલ્ફા વુમન વગેરે નામે ઓળખાય છે. મેં નામ બદલી દીધું. વસ્તુ તો એ જ રહી છે, પણ આખું વાતાવરણ ફરી ગયું છે. 'શરમ' શબ્દ શબ્દકોષમાં રહી ગયો છે. લોકો તાળીઓથી એ નફ્ફટાઈને આવકારે છે. ને આ બધો પ્રવાહ જોઈને સારા સારા ઘરની સ્ત્રીઓએ પણ એ જ દિશામાં દોડવા માંડ્યું છે.**

અને બોસ ! અંદરની વાત કહું, તો પ્રસિદ્ધિ અને પૈસા આ બંને મેળવવા માટે એ સ્ત્રીઓ ગમે તે હદે જઈ શકે છે, અને બધી જ જાતના કોમ્પ્રોમાઈઝ કરી શકે છે.

તો પછી ફેમિલીનું શું ?

બોસ, ન પૂછો તો સારું. એનું રહસ્ય કહેતા તો મારી ય જીભ નથી ઉપડતી. પણ... હવે ફેમિલી-રિલેશન્સ વિખેરાઈ રહ્યા છે. મેં દુનિયાને દુઃખી થવાના રસ્તે એવી દોડાવી દીધી છે, કે ઘણા ખરાંને તો મમ્મી-પપ્પા, પતિ-પત્ની, પુત્ર-પુત્રી જોઈતાં જ નથી. અત્યારે જે ફેમિલી મેમ્બર્સ છે, તેમની ય એક-બીજા પર નજર બગડવાની શરૂઆત તો ક્યારની ય થઈ ગઈ હતી ને હવે...ભાઈ-બહેન, બાપ-દીકરી, મા-દીકરો - આ બધાં સંબંધો પણ વિકૃત થવા લાગ્યા છે. બોસ ! **બધું કાંઈ છાપે ન આવે, પણ મારી કઠપૂતળીઓને હું તો ઓળખું ને ?**

બસ, હવે મારે આગળ કશું નથી સાંભળવું. મને ઓલમોસ્ટ બધો ખ્યાલ આવી ગયો છે. શેતાનોની સિત્યોતેર પેઢીએ જે સિતમ

નથી ગુજાર્યો, એવો કાળો કેર તે વર્તાવી દીધો છે. હવે મને ફક્ત એટલું કહી દે, કે પૃથ્વી પર કેટલાંક સંતો અને સજ્જનો પણ છે, આ સિચ્યુએશનમાં તેમનો રોલ શું છે ?

બોસ ! મારા આ ઘોંઘાટમાં એમની બૂમાબૂમ ક્યાં સંભળાય ? એ બિચારા ઉંચા-નીચા તો ઘણાં થાય છે. ઘણા તો લોહીના આંસુ પણ પાડે છે, પણ દુનિયા આખીમાં મૂર્ખામીનું એકછત્રી સામ્રાજ્ય હોય. એમાં ડહાપણની વાત કરનારાં જ સ્ટુપિડ લાગે ને ? **સાચું કહું, તો મને એમનો જ ડર હતો. મારા કામમાં મને કોઈ નડી શકે તેમ હોય, તો તે તેઓ જ હતાં. એટલે મેં એક પેંતરો રચ્યો, એ બધાંને મેં સાંપ્રદાયિક, વેદીયા, જુનવાણી, ભગવાકરણ કરવાવાળા, બિનવ્યવહારુ વગેરે શબ્દોથી ખૂબ વગોવી દીધાં.** મારી ચડવણીથી લોકો એમનાથી દૂર ભાગવા લાગ્યાં. હજી ય તેઓ તો તેમનાથી બનતા પ્રયત્નો કરે છે. પણ મેં કહ્યું ને ? મેં ગોઠવેલું યુઝલેસ એજ્યુકેશન, મનીમેડ એટમોસફિયર, બજારું સ્ત્રીઓની માયાજાળ આ બધામાં ફસાયેલી પબ્લિક એમની કલ્ચર એન્ડ મોરલ્સની વાતો શી રીતે સાંભળી શકે ઈન શોર્ટ, વી આર સક્સીડ.

નો ડાઉટ, પણ પૃથ્વી પરના લોકોમાંથી હજી કોઈ બચી જાય, એવી શક્યતા ખરી ?

બોસ ! એક મિનિટ, આજુ-બાજુ બરાબર જોઈ લેવા દો, કોઈ સાંભળી ન જાય.. હા, **સ્વૈચ્છિક રીતે જે વ્યક્તિ મેં ફેલાવેલી બધી જ ખરાબીઓથી દૂર રહેશે, એ બચી જશે, બાકી તો બરબાદીનું નેટવર્ક બરાબર ગોઠવાયેલું છે. હું રોજે રોજ શેતાનિયતના એટમબોમ્બો નાંખીને ખાના-ખરાબી કર્યા કરું છું. ને આ લોકો ત્રીજું વિશ્વયુદ્ધ ન થાય, ને શાંતિ જળવાઈ રહે, એની પ્રાર્થનાઓ કર્યા કરે છે.**

સ્માર્ટ, વેરી સ્માર્ટ. તું આવે ત્યાં સુધીમાં તારા માટે 'શેતાનરત્ન'નો એવોર્ડ તૈયાર રાખું છું. કિપ ઈટ અપ.

થેન્ક્સ બોસ !

આ શું છે ગુરુદેવ ?

આનું નામ છે ભવિષ્ય ગુટિકા.

ઓહ, આનાથી શું થાય ગુરુદેવ ?

**આ જેટલી ગુટિકા મોઢામાં રાખો એટલી સદી**

**ભવિષ્યમાં પહોંચી જવાય.**

અદ્ભુત ગુરુદેવ, શું હું પ્રયોગ કરી શકું ?

કેમ નહીં વત્સ, બોલ, તારે કેટલી સદી આગળ પહોંચવું છે ?

હું.... દશ સદી.

લે આ દશ ગુટિકા.

મોઢામાં રાખીશ એટલે તું સીધો એકવીશમી સદીમાં પહોંચી જઈશ.

ગુરુદેવ આપ પણ સાથે ચાલો ને,

ઠીક છે, હું ય દશ ગુટિકા લઈ લઉં છું.

એક... બે.... ત્રણ...

ૐ નમઃ શિવાય

*   *   *   *   *   *

બાપ રે ગુરુદેવ, આ બધું શું છે ? આટલા વેગીલા વાહનો !

ને એમાં કોઈ ઘોડા, બળદ વગેરે પણ જોડેલા નથી.

આ કાર, રિક્ષા, બસ, વગેરે છે વત્સ,

આ બધું પશુઓથી નહીં, પેટ્રોલ, ડિઝલથી ચાલે.

એ શું હોય ગુરુદેવ !?

**એ અમુક પ્રકારના ખનિજ તેલો હોય, જે આ વાહનોમાં યંત્ર દ્વારા બળે ને કાળો કાળો ઝેરી વાયુ છોડે. એનાથી બધે બીમારીઓ ફેલાય.**

હાય હાય ગુરુદેવ, તો આ વાહનવાળાઓને રાજા સજા નથી કરતાં ?

ના રે ના, અહીંના રાજાને સરકાર કહેવાય છે, જે સરકાર પેટ્રોલ, ડિઝલને ઓછા ભાવે પૂરા પાડે તે સરકાર વધુ સારી કહેવાય છે.

હાય હાય. પણ ગુરુદેવ, આ રસ્તાઓનો જોટો મળે એમ નથી. ક્યાં આપણા ધૂળિયા ઉબડ-ખાબડ ગાડા-વાટો ને ક્યાં આ મહામાર્ગો !

**હા વત્સ, આ માર્ગો બનાવવા માટે સરકાર દર વર્ષે અબજો અબજો રૂપિયાનો ખર્ચો કરે છે, ને પછી ભયાનક કરવેરા નાંખી નાંખીને પ્રજા પાસેથી એના પૈસા વસૂલે છે. દરેક વસ્તુ પર કરવેરા, જાત જાતના ને ભાત ભાતના કરવેરા, બધું ભરી ભરીને છેવટે માણસ પાસે જે આવક આવી એના પર પણ કરવેરા, ને એ બધું ભરીને માણસ આ મહામાર્ગનો ઉપયોગ કરતો હોય ત્યારે ય અમુક અમુક અંતરે ટોલનાકા આવતા જાય.**

એ શું હોય ગુરુદેવ ?

જકાતનાકા, બસ, કરવેરા ભરતા જાઓ.

હાય હાય, આ તો ભયંકર હાડમારી કહેવાય. પણ ગુરુદેવ, આવા સરસ રસ્તા પર આ વાહનો બહુ ઝડપથી દોડી શકે છે ને, એટલે જલ્દી જલ્દી પહોંચી જવાય ને ?

**હા વત્સ, બહુ જલ્દી પહોંચી જવાય, દર વર્ષે દેશના દોઢ લાખ માણસો વાહન અકસ્માતથી ઉપર પહોંચી જાય છે. બીજા લાખો લોકો વાહન અકસ્માતથી ચિકિત્સાલયમાં પહોંચી જાય છે. હજારો લોકો બાકીની જિંદગી લૂલા-લંગડા તરીકે જીવે છે.**

હાય હાય ગુરુદેવ, તો પછી આનો ફાયદો જ શું રહ્યો ? ને આ હાથીને ય ગભરાવે એવું શું આવી રહ્યું છે ?

એને ખટારો કહેવાય, આમાં માલ-સામાન લાદીને દૂર દૂર લઈ જાય.

એ તો ઘણું સરસ ન કહેવાય ? દૂરના લોકોને ય બધું મળી રહે.

હા, વત્સ, બધાંને મોંઘવારી મળી રહે.

હેં ગુરુદેવ ?

**હા વત્સ, આ બધો સ્થાનિક માલ પરગામ પહોંચી જાય એટલે અહીં અછતથી મોંઘવારી વધે ને એ માલ જ્યાં પહોંચે ત્યાં હેર-ફેરના ખર્ચા, જકાતનાકા, બીજા કરવેરા વગેરેથી મોંઘવારી વધે.**

બાપ રે બાપ ગુરુદેવ, આના કરતા આપણે ત્યાં તો જ્યાં બાજરો ઉગે ત્યાં લોકો બાજરો ખાય ને ઘઉં ઉગે ત્યાં ઘઉં ખાય ને પાંચ રૂપિયામાં તો મહિનો-દોઢ મહિનો નીકળી જાય એ જ સારું નહીં ?

સારું તો ખરું, પણ આ લોકોની 'સારા'ની વ્યાખ્યા જુદી છે. આ બધાંને બધું જોઈએ છે, ને એ માટે બધી જ મથામણ કરવા તેઓ તૈયાર છે, એની માટે કાળા-ધોળા કરવા પડે, ચોરી કરવી પડે, સગા ભાઈ કે સગા મા-બાપ સાથે ઝગડવું પડે કે દિવસ-રાત રૂપિયા-રૂપિયા કર્યા કરવું પડે, એ બધું જ કરવા તેઓ તૈયાર છે.

આ તો એક સુખ માટે સો દુઃખ લાવવા જેવી વાત થઈ.

**હા વત્સ, પણ એમાં દુઃખ સોથી વધારે પણ હોઈ શકે છે, ને સુખ એ સુખની કલ્પના પણ હોઈ શકે છે.**

અરે ગુરુદેવ, આ વાહનમાં ઠાંસી ઠાંસીને બાળકો ભરીને ક્યાં લઈ જાય છે ?

સ્કુલમાં.

એ શું હોય ગુરુદેવ !

આપણે જેને વિદ્યાલય કે વિદ્યાપીઠ કહીએ છીએ, તેને આ લોકો સ્કુલ કહે છે.

વાહ ગુરુદેવ, આ લોકો પણ જ્ઞાનના રસિયા છે ?

**ના વત્સ, આપણે જેને જ્ઞાન કહીએ છીએ, એમાં આ લોકોને કોઈ જ રસ નથી. આ લોકો જ્યાં ભણવા જાય છે, ત્યાં તદ્દન વિચિત્ર વિષયો, અજુગતો પાઠ્યક્રમ અને શિક્ષણના નામે બોજો હોય છે. બે બે**

**દશકા સુધી આ લોકો ભણ્યા કરે છે, ને પછી નોકરીની શોધમાં બેકાર ફર્યા કરે છે. ૫૦૦માંથી ૩ જણને નોકરી મળે છે. બુઢો થઈ ગયેલો બાપ પણ ઘરના ભારને વેંઢાર્યા કરે છે.**

હાય હાય, આ તો કેટલી દુઃખની વાત થઈ ! પણ ગુરુદેવ, આટલા બધાં ભણતરથી એમનો વ્યક્તિત્વ વિકાસ તો સારો થતો હશે ને ?

હા વત્સ, ખૂબ સારો વિકાસ થાય, એમના ગુસ્સાનો વિકાસ, એમની જીદનો વિકાસ, એમના સ્વાર્થનો વિકાસ, એમના લોભનો વિકાસ, એમના છળકપટનો વિકાસ, એમની વાસનાનો વિકાસ, એમની ભ્રમણાઓનો વિકાસ... એવા તો કેટ કેટલા વિકાસો થાય...

તો પછી એ લોકો કેમ આવું બધું ભણતા હશે ? મા-બાપ માટે ભણવું પડતું હશે.

**હા, એમના આ બધાં ભણતરથી એમના મા-બાપોના કમરતોડ ખર્ચાના બોજાનો પણ વિકાસ થાય. એમના મધુપ્રમેહ, રક્તદબાણ, હૃદયરોગ વગેરે રોગોનો ય વિકાસ થાય ને ઘરના તંગ વાતાવરણનો ય વિકાસ થાય.**

હાય હાય, આ તો બધું કઈ જાતનું તંત્ર છે ! ને ગુરુદેવ ! રસ્તા પર આ બધાં ચળકતા કાગળો શેના છે ?

એ કાગળો નથી, પાન-મસાલાના પડીકાઓ છે.એ ખાવાથી ગાલમાં, ગળામાં, હોજરી વગેરેમાં કાણા પડી જાય. ભયંકર કર્કરોગ થાય. આપણાથી જોઈ ન શકાય એટલી હદે મોઢું વિકૃત થઈને સડી જાય. આ દેશમાં આવા રોજના કરોડો પડીકા વેચાય છે. અબજોના ધંધા ચાલે છે.

બાપ રે બાપ ગુરુદેવ, તો લોકો કેમ આવું ખાય છે ?

આ એક પ્રકારનું વ્યસન છે, માણસ સમજે તો ય એક વાર એમાં ફસાય એટલે એને છોડી ન શકે. આવું તો ઘણું ઘણું ચાલે છે. તમાકુ, બીડી, સિગારેટ, દારૂ, હુક્કો વગેરે વગેરે. લાખો લોકો એનાથી મરતા રહે છે.

તો ગુરુદેવ, શું માણસને મારી નાંખવા એ અહીં ગુનો નથી ગણાતો ?

**આમ તો ગણાય છે, પણ એને આવી રીતે વ્યસન આપીને મારી નાંખો એ ગુનો નથી ગણાતો. એને જન્મ્યા પહેલા પેટમાં પતાવી દો, તો એ ગુનો નથી ગણાતો. યાંત્રિક ઉદ્યોગો દ્વારા એને બેકાર બનાવીને મારી નાંખો, તો એ ગુનો નથી ગણાતો. આંતરરાષ્ટ્રીય વ્યાપારી સંસ્થાઓ અને રાષ્ટ્રીય પણ રાક્ષસી વ્યાપારી સંસ્થાઓ દ્વારા એના ધંધા-રોજગાર તોડી પાડીને એને મારી નાંખો, તો એ ગુનો નથી ગણાતો. દૂધ-ઘી-તેલની ભયંકર ભેળસેળથી કે ચિત્ર વિચિત્ર નસલના અનાજ, ફળ, શાકથી એના શરીરને ખોખલું કરીને મારી નાંખો, તો એ ગુનો નથી ગણાતો. નકામી દવાઓની જરૂરિયાતની ભ્રમણા ઊભી કરીને એ દવાઓની આડ અસરોથી એને મારી નાંખો તો એ ગુનો નથી ગણાતો. ભયંકર વિકિરણો છોડતા દૂરભાષ યંત્રો અને બીજા યંત્રો દ્વારા એને મારી નાંખો તો એ ગુનો નથી ગણાતો. એને ભૌતિક સુખ સાધનો માટે જાહેરાતોથી લલચાવી લલચાવીને દેવામાં ડુબાડીને આપઘાત કરાવી દો, તો એ ગુનો નથી ગણાતો. એનું ફક્ત મગજ જ અટક્યું હોય ત્યારે એના શરીરને વેંચીને એના ટુકડે ટુકડા કરાવી દો, તો એ ગુનો નથી ગણાતો.**

હાય હાય ગુરુદેવ, આ તો મેં કાલે વાર્તા વાંચી હતી ને ? અંધેરી નગરી ને ગંડુ રાજા... એના કરતાં ય વધારે ખરાબ વાત થઈ. એ અંધેરી નગરીમાં ય આવું બધું તો ન'તું જ. તો અહીંના ગંડુ રાજા, એટલે કે સરકાર શા માટે આ બધું વ્યસન વગેરે બંધ નથી કરાવી દેતી ?

એમને એના કરવેરાના રૂપિયા મળે ને, એના માટે.

પણ ચિક્કાર માણસો મરી જાય એનું શું ?

એના માટે સરકારે આ પડીકાઓ પર ચેતવણી લખવાની ફરજ પાડી છે. જો, કર્કરોગીના ચિત્ર સાથે ચેતવણી દેખાય છે - આ ખાશો તો મરી જશો.

હા... ગુરુદેવ, પણ એક બાજુ કરવેરા માટે આવો લાખો માનવ-હત્યાઓ કરતો ધંધો મંજૂર કરવો, ને બીજી બાજુ આવી ચેતવણી અપાવવી, આ કેવું કહેવાય ?

**અંધેરી નગરી ને ગંડુ રાજા તો ન જ કહેવાય. કહેવું જ હોય, તો વિકસિત અંધેરી નગરી ને વિકસિત ગંડુ રાજા કહી શકાય.**

ને ગુરુદેવ, આ જ્યાં ત્યાં ચળકતા નાના મોટા પડીકાઓ દેખાય છે, એ શું છે ?

આ પ્લાસ્ટિક બેગ્સ કહેવાય. એ મોટા પડીકામાં બહુ થોડી ખાદ્ય સામગ્રી ભરી હોય, લોકો મૂરખા બનીને ખરીદતા જાય. જે થોડું ખાવાનું હોય, એની પણ દશગણી કિંમત ચૂકવે ને ગમે ત્યાં નાંખીને કચરો વધારે. આપણે ત્યાં જેમ તાજું ને ઘરનું ખાવામાં આવે, સારા વાસણમાં ખાવામાં આવે, ને કચરાના નામે કાંઈ હોય જ નહીં એવું અહીં ઓછું થઈ ગયું છે.

તો ગુરુદેવ, આ બધા કચરાનું શું કરવામાં આવે ?

ઝેર કરવામાં આવે.

હેં ?

**હા, એ એક જાતનું ઝેર જ છે, ને એનું જે કરો એનાથી ઝેર જ થાય છે, એને બાળો તો વાયુનું ઝેર થાય, એને દાટો તો એમાંથી ક્ષકિરણોનું ઝેર થાય, એ જગ્યાએ રહેતા લોકોને કર્કરોગ થાય, એને દરિયે પધરાવો તો જળચરો મરી જાય ને નવી દરિયાઈ ઉપાધિથી કિનારાના ગામો-શહેરોનું જોખમ થાય, એને ગાળીને એમાંથી નવા પડીકા બનાવો તો ય એના મોટા મોટા ભટ્ઠા ને ધુમાડાઓથી વાતાવરણ ઝેરી થતું જાય.**

હાય હાય ગુરુદેવ, એકવીશમી સદી આટલી બધી ભયાનક !!! જુઓ ગુરુદેવ, આ દીવાલ પર શું લખ્યું છે - સ્વચ્છ ભારત. તો આ રીતે તો ભારત ક્યારે સ્વચ્છ થાય ?

કદી નહીં વત્સ, હજી તો આ લોકો કચરાટોપલી સુધી ય પહોંચ્યા

નથી. કદાચ ત્યાં સુધી પહોંચી જાય, તો ય એ કચરાટોપલીનું શું કરવું એનો એમને કોઈ યોગ્ય ઉપાય જ મળતો નથી. હોય તો મળે ને ?

તો કરવું શું જોઈએ ગુરુદેવ ?

જે આપણે કરીએ છીએ. એ સિવાય કોઈ ઉપાય જ નથી. આ બધી પ્લાસ્ટિક બેગ્સની પદ્ધતિ જ ખોટી છે. આ લોકોએ રોગો ન થાય એ માટે ચિકિત્સાના સાધનો ય પ્લાસ્ટિકના વાપરવાના શરૂ કર્યા છે, બસ, એક વાર વાપરીને ફેંકી દેવાના. પણ એ બિચારાઓને ખબર નથી કે એમના શહેરોની બહાર એવા કરોડો પ્લાસ્ટિક સાધનોના જે ટેકરા ઠલવાઈ રહ્યા છે, એનાથી ભયંકર રોગો જ થવાના છે.

બાપ રે બાપ ગુરુદેવ... આ તો દુઃખી થવા માટેનું જડબેસલાક આયોજન ગોઠવાયું હોય એવું લાગે છે. ગુરુદેવ ! આ વિચિત્ર વાહન શેનું છે ?

આ જંગમ જળપાત્ર છે. આ લોકો એને વોટર ટેન્કર કહે છે. એ રહેણાંકો વગેરેમાં પાણી આપી આવે, ત્યાં યંત્ર દ્વારા મકાનના મથાળે પાણી પહોંચી જાય ને પછી ઘરે ઘરે નળ દ્વારા પાણી આવી જાય.

આ તો કેટલું સરસ કહેવાય ગુરુદેવ. કૂવે, તળાવે, નદીએ જઈને પાણીના બેડા ભરી લાવવાની ઝંઝટ જ નહીં.

હા વત્સ, થોડા સમય પછી આ લોકોએ ન્હાવા-ધોવા-પીવાની ય ઝંઝટ નહીં કરવી પડે.

હેં ગુરુદેવ ?

**હા વત્સ, પાણી હશે તો આ બધું કરવું પડશે ને ? સોએ એકાદ માણસ વિવેકી મળી શકે. સામૂહિક વિવેકની અપેક્ષા રાખવી એ મૂર્ખામી છે. પાણીની પ્રાપ્તિ આટલી સરળતાથી થઈ જાય, પછી એનો વેડફાટ થવાનો જ છે, પછી ગમે તેટલી - જળ બચાવો - જળ બચાવો - ની બૂમરાણો મચાવો, એનો કોઈ જ અર્થ નથી. આપણે ત્યાં શૌચ માટે એક મહિના સુધી જેટલું પાણી પૂરતું થઈ રહે, તેટલું તો આ લોકો એક**

**જ વારની શૌચક્રિયામાં વેડફી નાંખે છે, તું જ વિચાર કર. બીજો બધો પાણીનો વેડફાટ કેટલો હશે ! આ લોકો છે સગવડપ્રિય. પણ સગવડને આ લોકો સમજ્યા જ નથી. એમણે ભવિષ્યની વિકરાળ સમસ્યાઓને જ સગવડનું નામ આપી દીધું છે.**

પણ ગુરુદેવ ! મહાનદીઓ ને પાતાળ કૂવાઓ આવા વોટરટેન્કરથી થોડા સૂકાઈ જવાના છે ?

**સૂકાઈ જ ગયા છે. પણ આવા વોટર ટેન્કરથી જ નહીં, મોટા મોટા ભયંકર જળયંત્રોથી, નદીબંધોથી, અબજો વૃક્ષોની કપાઈથી, રાક્ષસી ઉદ્યોગોથી... તને ખબર નથી, અહીં તો પાતાળમાં ય પાણીનો દુકાળ ચાલી રહ્યો છે, અહીં બે વિશ્વયુદ્ધ થઈ ગયા છે. હવે એવું કહેવાય છે કે ત્રીજું વિશ્વયુદ્ધ પાણી માટે થશે.**

છી છી ગુરુદેવ, જલ્દી આપણે મોઢું ફેરવી દઈએ, સામેથી કોઈ કપડા વગર...

હા વત્સ, ચાલ આપણે આ ગલીમાં અંદર જતા રહીએ...

હા...શ, આ વળી કેવું ...?

આ બધું અહીં સામાન્ય થઈ ગયું છે. હકીકતમાં આ લોકો કપડા પહેરે છે ખરા, પણ ત્વચા-ચુસ્ત, એને એ લોકો સ્કીન ટાઈટ કહે છે, પહેર્યા હોય ખરા, પણ આપણને લાગે કે...

છી છી, આવી રીતે તો આપણે ત્યાં વેશ્યા પણ નથી ફરતી. પણ આ લોકો કેમ આવું કરે છે ?

**દેખાદેખીથી. આ બધાંએ પોતાનો ઉપલો માળ ભાડે આપેલો હોય છે. એને તેઓ બોરોઈંગ બ્રેઈન સિસ્ટમ પણ કહે છે. ચિત્ર-વિચિત્ર પ્રસારયંત્રો અને વિકૃત વાંચન સામગ્રીઓ એમના મગજને ખોખલું કરી દે છે, અને એમના મગજમાં એવું ભૂસું ભરી દે છે, કે જે સ્વપ્નમાં પણ ન વિચારી શકાય, એક મૂરખો ય સમજી શકે કે આ સાવ જ ગંદું અને**

**ખરાબ છે, એ બધું એમને સારું લાગવા લાગે છે. ને પછી ધીમે ધીમે તેઓ વધુ ને વધુ નીચે ઉતરતા જાય છે.**

પણ આ રીતે તો લોકો એમને કેવી દૃષ્ટિથી જુએ ?

વત્સ, જ્યાં સગો ભાઈ ને સગો બાપ પણ ખરાબ દૃષ્ટિથી બચી ન શકતો હોય, ત્યાં બીજા લોકોની તો શું વાત કરવી ? આ બધી વસ્તુ પર તાત્કાલિક પ્રતિબંધો નહીં મુકાય તો નારી-શોષણ કૂદકે ને ભૂસકે વધવાનું છે, પરિવારો ભાંગી પડવાના છે, સમાજ તૂટી જવાનો છે, રાજ્ય અને દેશ સાવ જ ખાડે જવાના છે, પણ પ્રતિબંધની વાત તો દૂર રહી, આ બધું રોજેરોજ વધુ ને વધુ બગડતું જાય છે ને આ લોકો રોજે રોજ પશુતાની દિશામાં પ્રગતિ કરતા જાય છે.

શું વાત કરો છો ગુરુદેવ ?

**હા વત્સ, આ લોકોએ ગર્ભપાતને કાયદેસર બનાવીને સંતાનહત્યા સ્વીકારી લીધી છે, વ્યભિચારને કાયદેસર બનાવીને લગ્નહત્યા સ્વીકારી લીધી છે, પશુહત્યાને કાયદેસર બનાવીને માનવતાહત્યા સ્વીકારી લીધી છે. ગમે તેવા પહેરવેષને કાયદેસર બનાવીને સંસ્કારહત્યા સ્વીકારી લીધી છે. સહશિક્ષણ અને મુક્તપ્રચારને કાયદેસર બનાવીને શરમહત્યા સ્વીકારી લીધી છે. જ્યાં-ત્યાં જે-તે ખાવું-પીવું-કરવું - આ બધું કાયદેસર બનાવીને વિવેકહત્યા સ્વીકારી લીધી છે. તું જ કહે વત્સ, જ્યાં સંતાનહત્યા અને લગ્નહત્યા હોય, જ્યાં માનવતા અને સંસ્કારની હત્યા હોય, જ્યાં શરમ અને વિવેકની હત્યા હોય, ત્યાં પશુતાની જ દિશા હોઈ શકે ને ?**

હા ગુરુદેવ, આપની વાત એકદમ સાચી છે. જો આપને ઠીક લાગે, તો આપણે આ બધાંને સાચું સમજાવીને પાછા વાળીએ, આપણે અહીં સુધી આવ્યા જ છીએ, તો આ લોકોનું ભલું કરતા જઈએ... કેમ હસો છો ગુરુદેવ !?

તારા ભોળપણ પર, આ લોકોને આ બધું સમજાવવા જશું ને, તો એ લોકો આપણને જ ગાંડા કહેશે, ગાંડાને ડાહ્યા ગાંડા જ લાગે

ને ? આ લોકોએ આટલી હદનું ગાંડપણ કર્યું છે, ને પાછા પોતાને સુધરેલા સમજે છે ને આપણી સદી-વાળાને પછાત સમજે છે.

તો પછી આ લોકોને બચવાનો રસ્તો શું ગુરુદેવ ?

રસ્તો તો એ જ છે, પાછા વળવાનો, પણ આ લોકો વાર્યા નહીં વળે, હાર્યા ય નહીં વળે, પણ માર્યા વળશે. જ્યારે બધું ખલાસ થઈ જશે, જ્યારે આ બધાં સર્વનાશના ખપ્પરમાં હોમાઈ જશે, જ્યારે એમને ગાંડપણ કરવાના સાધનો જ નહીં બચ્યા હોય, ત્યારે આ લોકો પોતાની મેળે ડાહ્યા થઈ જશે.

ઓહ... તો હવે આપણે શું કરીએ ?

બીજું શું કરીએ વત્સ ! આપણે પાછા જતા રહીએ. આ તે કાંઈ જીવવાની જગ્યા છે ? ચાલ, એક સાથે દશે ભવિષ્યગુટિકાઓ બહાર કાઢજે હો...

એક... બે... ત્રણ... ૐ નમઃ શિવાય... હા...શ.

(પોષ સુદ ૧, વિ.સં.૨૦૭૫,
ભગવાનનગરનો ટેકરો, અમદાવાદ)

**OPEN BOOK EXAM**

| | | |
|---|---|---|
| 1st | Rank | 1 Lac Points |
| 2nd | Rank | 90,000 Points |
| 3rd | Rank | 80,000 Points |
| 4th | Rank | 70,000 Points |
| 5th | Rank | 60,000 Points |
| 6th | Rank | 50,000 Points |
| 7th | Rank | 40,000 Points |
| 8th | Rank | 30,000 Points |
| 9th | Rank | 20,000 Points |
| 10th | Rank | 10,000 Points |

& Special Points